MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૩૦-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 બેંક ડિફોલ્ટર,લોન માફી મામલે રાહુલ ગાંધી મનમોહન સિંહની સલાહ લે

6 લોકડાઉન વચ્ચે કેદારનાથના કપાટ ખૂલ્યાઃ પૂજારી સહિત ૧૬ લોકો હાજર રહ્યા

10 સુરતમાં હાથ વગરના ચિત્રકારે ચિત્ર બનાવી લોકોને ઘરમાં જ રહેવા કરી અપીલ

12 નર્મદા જીલ્લા માટે રાહતના સમાચારઃ એક સાથે નવ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ

છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ના મોત અને ૧૮૭૯ના નવા પોઝિટિવ કેસ

કોરોના મહા સંકટઃ હવે દેશમાં દર કલાકે ત્રણના મોત..!

દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૧,૦૦૦ને પાર અને કુલ મૃત્યુઆંક ૧,૦૦૦થી વધુ, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૪૦૦થી વધુ લોકોના મોત નિપજ્યા,૭૬૯૬ લોકો કોરોના મુક્ત

ન્યુ દિલ્હી

દુનિયા આખીમાં ભારે હાહાકાર મચાવનાર કોરોના વાયરસને રોકવા ભારતમાં ૩ મે પછી વધુ એક લોકડાઉનની જાહેરાત વચ્ચે દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૩ દર્દીઓના મોત થયા છે. નવા ૧૮૯૩ કેસો નોંધાયા છે. ભારતમાં હવે કોરોના સંક્રમણના કેસો વધીને ૩૧૩૩૨ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ૯૩૧૮ જ્યારે તમિલનાડુમાં ૨૦૫૮ કોરોનાના દર્દી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે કુલ કેસોમાંથી ૨૨૬૨૯ સક્રિય કેસ છે જ્યારે ૭૬૯૬ લોકો સ્વસ્થ થયા છે. કુલ મોતનો આંકડો ૧૦૦૭ પર પહોંચી ગયો છે. કોરોના વાયરસને જોતા હાલ દેશમાં ૩ મે સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે એમ પણ જાહેર કર્યું છે કે કોરોનાના દર્દીઓના સાજા થવાની ટકાવારી ૨૩ ટકા થઈ, ૧૭ દિવસથી ૨૮ જિલ્લામાં એક પણ કેસ નથી.

દર્દીઓના સાજા થવાની ટકાવારી ૨૩ ટકા થઈ, ૧૭ દિવસથી ૨૮ જિલ્લામાં એક પણ કેસ નથીઃ સ્વાસ્થ્ય મંત્રાલય

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૩૧ હજાર ૮૭ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૩ મોત અને ૧૮૯૭ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે.

બુધવારે પશ્ચિમ બંગાળમાં ૨૮, રાજસ્થાનમાં ૧૯ અને ઓરિસ્સામાં ૧ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પહેલા મંગળવારે કોરોના સંક્રમણના એક દિવસમાં સૌથી વધારે ૧૯૦૨ કેસ આવ્યા હતા. અત્યાર સુધી ૭૭૪૭ દર્દી એટલે કે લગભગ ૨૫% દર્દી સાજા થયા છે. ૯ રાજ્યોમાં સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦ કરતા વધારે છે. દર્દીઓના સાજા થવાના કેસમાં તેલંગાણાની સ્થિતિ સૌથી સારી છે. અહીંયા ૧૦૦૯ સંક્રમિતોમાંથી ૩૭૪, એટલે કે લગભદ ૩૭% સાજા થઈ ચુક્યા છે. ત્યારબાદ ૩૩% સાથે દિલ્હી બીજા નંબરે છે. ૧૦૦૦થી ઓછા દર્દી વાળા રાજ્યોમાં કેરળમાં ૭૪% અને

અનુસંધાન પાના નં. ૬

૧૦૦૦થી વધુ દર્દી વાળા ૯ રાજ્યોમાંથી તેલંગાણામાં ૩૭% અને દિલ્હીમાં ૩૩% દર્દીઓને રજા અપવામાં આવી,ભારતમાં સૌથી પહેલો સંક્રમિત કેસ જ્યાંથી મળ્યો તે કેરળમાં ૭૪% અને હરિયાણામાં ૭૩% દર્દી સાજા થયા



બોલીવુડના દિગ્ગજ અભિનેતા ઇરફાન ખાનનું ૫૪ વર્ષની વયે નિધન

બોલિવુડ અભિનેતાના નિધનથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છવાયો

મુંબઈ

બોલિવૂડ એક્ટર ઇરફાન ખાનનું બુધવારે દુખદ અવસાન થયું છે. અભિનેતા ઇરફાન ખાનને મંગળવારે પેટમાં ચેપ બાદ તેને શહેરની એક હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. મંગળવારે આ માહિતી આપતાં તેમના પ્રવક્તાએ કહ્યું કે ૫૪ વર્ષીય અભિનેતાને કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ખાનના કેન્સરની સારવાર ૨૦૧૮ માં થઈ હતી. દિગ્દર્શક શૂજિત સરકારે ઇરફાન ખાનના મોતની જાણ આપી છે. તેણે ટ્વિટ કરીને લખ્યું- મારો પ્રિય મિત્ર ઇરફાન. તમે લડ્યા અને લડ્યા અને લડ્યા મને હંમેશાં તમારા ઉપર ગર્વ રહેશે. આપણે ફરી મળીશું.

સુતાપા અને બાબિલ પ્રત્યેની મારી સંવેદના. તમે પણ લડ્યા હતા. સુતાપા તું આ લડતમાં જે આપી શકતી હતી તે બધું તે આપ્યું. ઓમ શાંતિ. ઇરફાન ખાનને સલામ. ઈરફાન ખાનની ૯૫ વર્ષની માતા સઈદા બેગમનું ત્રણ દિવસ પહેલા જયપુરમાં અવસાન થયું હતું. કોરોના વાયરસને કારણે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે અભિનેતા તેની માતાના અંતિમ સંસ્કારમાં ભાગ લઈ શક્યો ન હતો. અભિનેતા કેન્સરમાંથી સ્વસ્થ થયા પછી પરત ફર્યા બાદ ૨૦૧૯ માં ફિલ્મ "ઇંગ્લિશ મીડિયમ"નું શૂટિંગ કર્યું હતુ. બોલીવુડના દિગ્ગજ અભિનેતા ઇરફાન ખાન ન્યૂરોએંડોક્રાઇન ટ્યૂમર સામે જંગ હારી ગયાં છે. ૫૪ વર્ષની ઉંમરે ઇરફાન ખાને દુનિયાને અલવિદા કહ્યું છે. ઇરફાન ખાનની તબિયત લથડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

ઈરફાન ખાનની ૯૫ વર્ષની માતા સઈદા બેગમનું ત્રણ દિવસ પહેલા જયપુરમાં અવસાન થયું

બોલિવૂડ સ્ટાર ઈરફાન ખાનને હાલમાં મુંબઈની કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રિપોર્ટ મુજબ ઇરફાન ખાન આઇસીયૂમાં એડમિટ છે.. સૂત્રો પ્રમાણે મંગળવારે ઇરફાન બાથરૂમમાં પડી ગયા હતા.. ત્યારબાદ તેમણે શ્વાસ લેવામાં તકલીફ અને નબળાઇની ફરિયાદ કરી હતી. જે બાદ ઇરફાનને હોસ્પિટલ લઇ જવામાં આવ્યા.. જો કે ઇરફાનને શું થયું અને શા માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેની પરિવાર તરફથી કોઇ સત્તાવાર જાણકારી આપવામાં આવી નથી.. ઇરફાન ઘણા સમયથી બિમાર રહેતા હતા. ૫૩ વર્ષીય ઇરફાન ખાને માર્ચ, ૨૦૧૮માં ખુલાસો કર્યો હતો કે તેમને

અનુસંધાન પાના નં. ૬

ધોરણ-૧૨ના પેપર મુદ્દે હજુ સસ્પેન્સ યથાવત્

સીબીએસઈ: ધોરણ ૧૦ના બાકી રહી ગયેલા વિષયોની પરીક્ષા નહીં લેવાય

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ લોકડાઉનના કારમે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સાથે જોડાયેલી મોટી ખબર આવી છે. બોર્ડે સ્પષ્ટતા કરી છે કે આવા સમયમાં દસમાના બોર્ડની પરીક્ષા કરાવવી શક્ય નથી, બાળકોને ઈન્ટરનલ બેસ પર પાસ કરવામાં આવશે. જોકે, ૧૨ના પેપર પર હજુ સસ્પેન્સ યથાવત છે. મીડિયા સાથે વાત કરીને સીબીએસઈના સચિવ અનુરાગ ત્રિપાઠીએ કહ્યું કે ૧૨મા ધોરણના પેપર લોકડાઉનની આગળની સ્થિતિના હિસાબથી પ્લાન કરાશે. પેપર ક્યારે લેવાશે તેની જાણકારી ૧૦ દિવસ પહેલા આપી દેવામાં આવશે.

અનુરાગ ત્રિપાઠીએ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા સાથે જોડાયેલા સવાલ પર જણાવ્યું કે, "ધોરણ-૧૦ની આખા દેશમાં બાકી રહેલી પરીક્ષા હતી, જે નાના વિષય હતા. તેમની પરીક્ષા હવે લેવામાં નહીં આવે. ઈન્ટરનલ અસાઈમેન્ટ અને બાકીના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રિઝલ્ટ બનાવવામાં આવશે. પ્રોડેટા બેસિસ પર." જણાવ્યું કે આ વાત ૧ એપ્રિલે જારી કરેલા સર્ક્યુલરમાં જ જણાવી દેવામાં આવી હતી.

દિલ્હી નોર્થ ઈસ્ટ

અનુસંધાન પાના નં. ૬

ફિચે રેટિંગને લઈને કર્યા એલર્ટ

ભારતનો જીડીપી દર ઘટીને ૦.૨ ટકા રહેશેઃ મૂડીઝનો ઝટકો

ન્યુ દિલ્હી

કોરોના સંકટની ભારતીય અર્થતંત્ર પર ખરાબ અસર થવાની આશંકા છે. આ આશંકાઓ પર દુનિયાની રેટિંગ એજન્સીઓ પણ મોહર લગાવી રહી છે.

ફિચ રેટિંગે ભારતના જીડીપી ગ્રોથનું અનુમાન ઘટાડ્યુ હતુ અને હવે મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે પણ ઝટકો આપ્યો છે. મૂડીઝના નવા અનુમાન અનુસાર કેલેન્ડર યર ૨૦૨૦ ભારતનો જીડીપી ગ્રોથ ૦.૨ ટકા રહેશે. અગાઉ માર્ચમાં મૂડીઝે જીડીપી ગ્રોથ ૨.૫ ટકા રહેવાની આશા વર્તાવી હતી. મૂડીઝને આશા છે કે ૨૦૨૧માં ભારતનો વૃદ્ધિ દર ૬.૨ ટકા રહી શકે છે.

આ સાથે જ મૂડીઝે રિપોર્ટમાં કહ્યુ કે ભારતે લોકડાઉનને ૨૧ દિવસથી વધારીને ૪૦ દિવસ સુધી કરી દીધુ પરંતુ હવે કૃષિ કાર્યો માટે ગ્રામીણ ક્ષેત્રોમાં કેટલીક છુટ આપવામાં આવી છે. દેશે એ સુનિશ્ચિત કર્યુ કે તેમના કેટલાક ભાગ વાઈરસ મુક્ત છે. ભારતે વિભિન્ન ક્ષેત્રોને ખોલવા માટે તબક્કાવાર યોજના બનાવી છે. મૂડીઝના રિપોર્ટમાં અનુમાન છે કે જ્ર૨૦ દેશોની વૃદ્ધિ દરમાં સામૂહિક રીતે ૫.૮ ટકાની અછત રહેશે. અનુમાન છે કે ૨૦૨૦માં ચીનનો વૃદ્ધિદર એક ટકા રહી શકે છે.

વૈશ્વિક રેટિંગ એજન્સી ફિચે કહ્યુ કે જો કમજોર વૃદ્ધિ અથવા નાણાંકીય માનદંડોમાં ઢીલથી ભારતના ફાઈનાન્સિયલ આઉટલુકની સ્થિતિ બગડશે તો રેટિંગ પર દબાણ આવશે.

ફિચે કહ્યુ છે કે લોકડાઉનનો સમય વધારવાની સાથે જ આર્થિક વૃદ્ધિને સમર્થન આપવા માટે ભારત સરકાર નાણાંકીય ક્ષેત્રમાં નવા પ્રોત્સાહન ઉપાયોની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં તેમની

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

લૉન માફી મામલે નાણાંમંત્રીના આકરા તેવર,કોંગ્રેસને જડબાતોડ જવાબ આપ્યો

બેંક ડિફોલ્ટર,લૉન માફી મામલે રાહુલ ગાંધી મનમોહનસિંહની સલાહ લે

ન્યુ દિલ્હી

લોનમાફી મામલે કોંગ્રેસના સવાલો પર નાણાંમંત્રી નિર્મલા સીતારામણે પોતાના આકરા તેવર દેખાડ્યા છે. તેમણે તબક્કાવાર ટ્વિટ કરીને કોંગ્રેસ અને રાહુલ ગાંધીનો ક્લાસ લીધો હતો. તેમણે જણાવ્યું કે, ૨૦૦૯થી ૨૦૧૪ દરમિયાન ૧.૪૫ લાખ કરોડ રૂપિયા માંડવાળ ખાતે (રાઈટ ઓફ) જવા દેવામાં આવ્યા હતા. આ અંગે ટીખળ કરતા તેમણે કહ્યું કે, બેંક ડિફોલ્ટર અને લોન માફી મામલે કાશ રાહુલ ગાંધી મનમોહન સિંહની સલાહ લેતા કે રાઈટ ઓફ શું હોય છે.

હકીકતે કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે, મોદી સરકારે ૬૮,૬૦૭ કરોડ રૂપિયાની લોન માફ કરી દીધી છે અને જેમની લોન માફ કરવામાં આવી છે તેમાં નીરવ મોદી, મેહુલ ચોક્સી, વિજય માલ્યાના નામ પણ સામેલ છે. રાહુલ ગાંધીએ પોતાની ટ્વિટમાં લખ્યું હતું કે, 'મેં સંસદમાં ૫૦ મોટા બેંક ચોરના નામ પુછ્યા હતા ત્યારે નાણાંમંત્રીએ જવાબ નહોતો આપ્યો અને હવે આરબીઆઈએ મેહુલ ચોક્સી, નીરવ મોદી સહિત ભાજપના મિત્રોને બેંક ચોરની લિસ્ટમાં નાખ્યા છે.

નિર્મલા સીતારામણે જણાવ્યું કે, ચાલુ વર્ષે માર્ચ મહીના દરમિયાન પાંચ કરોડ રૂપિયાથી ઉપરના વિલફુલ ડિફોલ્ટરની બેંકવાઈઝ ડિટેલ્સ સંસદમાં રજૂ કરવામાં આવી હતી. તેમાં જેના પૈસા બાકી છે અને જેને રાઈટ ઓફ કરવામાં આવ્યા તેમના નામ પણ સામેલ છે. કોંગ્રેસી નેતા ડિફોલ્ટર મામલે દેશને ગેરમાર્ગે દોરી રહ્યા છે. વધુમાં જણાવ્યું કે, દ્વ્ઁછ માટે ઈમ્ૅએ ચાર વર્ષનું પ્રોવિઝન કર્યું, રાઈટ ઓફની ફુલ પ્રોવિઝનિંગ કર્યા બાદ જ એનપીએને રાઈટ ઓફ કરવામાં આવ્યા પરંતુ તેમ છતા રિકવરી માટે પ્રયત્નો થઈ રહ્યા છે અને કોઈ દેવું માફ નથી કરાયું. ડિફોલ્ટર શબ્દને વ્યાખ્યાયિત કરતા સીતારામણે જણાવ્યું કે, જે લોન ન ચુકવી રહ્યા હોય તે ડિફોલ્ટર્સ છે. બેંકની મંજૂરી વગર પોતાની પ્રોપર્ટી વેચી દે તે ડિફોલ્ટર છે. ત્યાર બાદ કોંગ્રેસ પર આરોપ લગાવતા કહ્યું કે, આ ડિફોલ્ટર્સ યુપીએની ફોન બેંકિંગ સાથે સંબધ ધરાવતા પ્રમોટર્સ છે. પૂર્વ આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજનની વાતનો ઉલ્લેખ કરતા નાણાંમંત્રીએ જણાવ્યું કે, ૨૦૦૬થી ૨૦૦૮ દરમિયાન મોટા પ્રમાણમાં ડિફોલ્ટ કરવાની હિસ્ટ્રી ધરાવતા અને ઉંચી પહોંચવાળાઓને બેડ લોન અપાઈ. તેમ છતા પબ્લિક સેક્ટર બેંક તેમને લોન આપતી રહી. હકીકતે પ્રાઈવેટ સેક્ટર બેંક્સ આવી સ્થિતિમાંથી બહાર નીકળી રહી હતી અને આરબીઆઈ તે સમયે લોન આપવાની ગુણવત્તા પર એલર્ટ કરી શકતી હતી.

રાહુલ ગાંધીએ ચિદમ્બરમ્ પાસેથી ટ્યુશન લેવાની જરૂરઃ જાવડેકર

પ્રકાશ જાવડેકરે કહ્યું હતું કે, ઋણ ચૂકવવાનો અર્થ માફી નથી, સરકારે કોઈ લોન ડિફોલ્ટર્સને માફ કર્યા નથી. દેવાની માફી અને લેણાને લેખિતપણા વચ્ચેનો તફાવત સમજવા રાહુલ ગાંધીએ પી.ચિદમ્બરન પાસેથી ટ્યુશન લેવું જોઈએ. કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે દેવું લખવું એ બેંકના યોગ્ય ચિત્રો બતાવવાની પ્રક્રિયા છે. આ બેંકોને ઋણ લેનારા સામે કાર્યવાહી કરવા અને પુન પ્રાપ્તિ કરવામાં અટકાવતું નથી.

કુલ સંક્રમિતોનો આંકડો ૧૦ લાખને પાર પહોંચ્યો

અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોનાથી ૨૨૦૭ના મોતઃ કુલ મૃત્યુઆંક ૫૯૦૦૦ને પાર

ન્યૂયોર્ક

કોરોના વાયરસની મહામારીનો કેર અમેરિકા પર સતત વધી રહ્યો છે. આ વાયરસને કારણે મોતોનો આંકડો અહીં ૬૦ હજારની નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસને કારણે અમેરિકામાં ૨૨૦૭ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા કેટલાક દિવસોમાં આવેલા મોતના આંકડામાં ઘટાડા બાદ એકવાર ફરી આ નંબરમાં ઉછાળો થયો છે.

જોન હોપકિન્સ યુનિવર્સિટી અવુસાર, અમેરિકામાં અત્યાર સુધી કોરોના વાયરસની ઝપેટમાં ૧૦ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે, જે કોઈપણ દેશમાં સૌથી વધુ છે. અહીં કુલ ૧૦ લાખ, ૧૨ હજાર ૩૯૯ લોકો અત્યાર સુધી કોરોનાથી સંક્રમિત થયા છે, જ્યારે ૫૮ હજારથી વધુના મૃત્યુ થયા છે. અમેરિકામાં અત્યાર સુધી ૫૮ લાખથી વધુ લોકોનો કોરોના વાયરસનો ટેસ્ટ થઈ ચુક્યો છે. મહત્વનું છે કે પાછલા રવિવાર અને સોમવારે અમેરિકામાં મોતનો આંકડો ઘટીને ૧૦૦૦ અને ૧૨૦૦ આસપાસ આવી ગયો હતો, ત્યારે આશા વ્યક્ત કરવામાં આવી કે અમેરિકામાં મોતની ગતિ ધીમી થઈ રહી છે. પરંતુ એકવાર ફરી મોટો ઉછાળો આવ્યો છે. સિંગાપુરના સંશોધનકર્તાઓનો દાવો, ૩૧ જુલાઈ સુધી ભારતમાં સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે કોરોના અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થોડા દિવસ પહેલા તે વાતનો ઉલ્લેખ કર્યો હતો કે અમેરિકામાં કોરોના વાયરસને કારણે ૭૦ હજાર સુધી મોત થઈ શકે છે. પરંતુ નિષ્ણાંતોનું માનવું છે કે જે ગતિથી આંકડો અમેરિકામાં વધી રહ્યો છે અને આ મહામારીની કોઈ સારવાર આવી રહી નથી, તેવામાં આ આંકડાનો રોકવો ખુબ મુશ્કેલ લાગી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે સમગ્ર વિશ્વની વાત કરીએ તો અત્યાર સુધી કોરોના વાયરસની ઝપેટમાં ૩૧ લાખથી વધુ લોકો આવી ચુક્યા છે. જ્યારે ૨ લાખ ૧૭ હજારથી વધુ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

ભારતમાં ધાર્મિક સ્વતંત્રતા ચિંતાજનક

ભારતમાં લઘુમતીઓનું શોષણ વધ્યું: USCIRFનો વાર્ષિક રિપોર્ટ રજૂ

ભારતને ફરીથી ટીયર-૨માં રાખવામાં આવ્યું જેનો અર્થ થાય છે કે વિશેષ ચિંતાનો દેશ,સંઘ સહિતના સંગઠનોએ ધાર્મિક હિંસાને પ્રોત્સાહન આપ્યું

વોશિંગ્ટન

કોરોના વાઈરસના કહેર વચ્ચે યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલીજિયસ ફ્રીડમએ પોતાના રિપોર્ટમાં ભારતની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. યુએસસીઆઈઆરએફના ઉપપ્રમુખ નાદિને મેઈન્જાએ જણાવ્યું કે, ભારતમાં નાગરિક્તા સંશોધન કાયદો સંભાવિત રીતે લાખો મુસ્લિમોને ડિટેન્શનમાં લેવા અને તેમને રાજ્ય વિહિન કરવાની સરકારની રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટરને ઉજાગર કરે છે.

રિપોર્ટ કહે છે કે, ૨૦૦૪ બાદ આ પ્રથમ વખત છે, જ્યારે યુએસસીઆઈઆરએફએ પોતાના રિપોર્ટમાં ભારતની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હોય. ૨૦૧૮માં ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની સ્થિત વણસી છે. ભારતના લગભગ ત્રીજા ભાગના રાજ્યોએ બિન-હિન્દુઓ અને દલિતો વિરૂદ્ધ ભેદભાવપૂર્ણ થવા ગૌ-હત્યા વિરોધી કાયદા ઝડપથી લાગૂ કર્યા. આ ઉપરાંત હિંસા સાથે સંકળાયેલા ગૌ-રક્ષા દળ મુખ્ય રીતે મુસ્લિમો અને દલિતોને પોતાના ટાર્ગેટ બનાવી રહ્યું છે.

આ ઉપરાંત ગૌ-હત્યા અથવા પરાણે ધર્મ પરિવર્તનના ખોટા આરોપના આધાર પર કોઈ વ્યક્તિની હત્યા કરવાના કેસોમાં પોલીસ તપાસ યોગ્ય રીતે નથી કરવામાં આવી. દેશની સુપ્રીમ કોર્ટે પણ તેના પર નિરાશા વ્યક્ત કરી હતી.

ધાર્મિક મામલાની સ્વતંત્રતાને લઈને યુએસસીઆઈઆરએફએ આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અધિનિયમ અંતર્ગત ધાર્મિક સ્વતંત્રતા ઉલ્લંઘનમાં સામેલ રહેવા અથવા ચાલુ રાખવાના કારણે ભારતને ફરીથી ટીયર-૨માં રાખવામાં આવ્યું છે. ટીયર-૨નો અર્થ છે કે, "વિશેષ ચિંતાનો દેશ."

રિપોર્ટ કહે છે કે, છેલ્લા એક દાયકામાં દેશમાં ધાર્મિક આધારે અલ્પસંખ્યકો માટે સ્થિતિ વધારે ખરાબ થઈ છે. આરએસએસ સહિતના સંગઠનોએ ધાર્મિક હિંસાને પ્રોત્સાહન આપ્યું છે.

૪ દિવસમાં ૧૦ આતંકીઓનો ખાત્મો

શોપિયામાં એક્રાઉન્ટરઃ સેનાએ બે આતંકી ઠાર માર્યા

શોપિયા

જમ્મુ કાશ્મીરના શોપિયામાં સુરક્ષાબળોએ મંગળવારે રાતે બે આતંકીઓને ઠાર મારી દીધા છે. આ સાથે જ એક અઠવાડિયામાં ઘાટીમાં લગભગ ૧૪ આતંકી અલગ અલગ એનકાઉન્ટરમાં ઠાર મરાયા છે. અધિકારીઓ તરફથી કહેવામાં આવ્યુ છે કે શોપિયાંમાં એનકાઉન્ટર આખી રાત ચાલ્યુ અને ત્યારે સુરક્ષાબળોને સફળતા મળી શકી. એક આતંકીને બુધવારે સવારે મારવામાં આવ્યો છે.

મંગળવારે શોપિયાના જાઈનપોરા વિસ્તારમાં એનકાઉન્ટર શરૂ થયુ હતુ. મંગળવારે પહેલો આતંકી ઠાર મરાયો હતો. ત્યારબાદ આતંકીઓ તરફથી સુરક્ષાબળો પર સતત ફાયરિંગ કરવામાં આવી અને સુરક્ષાબળ બરાબર આનો જવાબ આપતા રહ્યા. હાલમાં શોપિયામાં સર્ચ ઑપરેશન ચાલુ છે અને ભાગેલા આતંકીઓની શોધ કરવામાં આવી રહી છે. શોપિયાં પહેલા સોમવારે કુલગામમાં પણ એનકાઉન્ટર થયુ હતુ અને આ એનકાઉન્ટરમાં ત્રણ આતંકી ઠાર મરાયા હતા. આ પહેલા કુપવાડામાં પણ ત્રણ આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. બરાબર એક અઠવાડિયા પહેલા જ શોપિયામાં એનકાઉન્ટર થયુ અને ચાર આતંકી ઠાર મરાયા હતા. જણાવવામાં આવી રહ્યુ છે કે આ આતંકી અંસાર ગજવાત-એલ-હિંદ સંગઠન સાથે જોડાયા હતા. શોપિયાં એનકાઉન્ટરમાં સંગઠનના ટૉપ કમાન્ડરને પણ ઠાર મારવામાં આવ્યો હતો.

અમેરિકા નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયિક એડમિનિસ્ટ્રેશના રિપોર્ટ અનુસાર

પ્રદૂષણ ભલે ઘટ્યું હોય,આ વર્ષે ગરમી બધા રેકોર્ડ તોડી નાંખશે

વૉશિંગ્ટન

લોકડાઉનને કારણે ભલે પર્યાવરણ સ્વચ્છ થઈ રહ્યું હોય, પરંતુ ૨૦૨૦નું વર્ષ અત્યારસુધીનું સૌથી ગરમ વર્ષ બની રહેવાની શક્યતા છે. યુએસ નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયિક એડમિનિસ્ટ્રેશના જણાવ્યા અનુસાર, હાલ ભલે પ્રદૂષણ ઘટ્યું હોય, પરંતુ આ વર્ષે તાપમાન સતત વધતું રહેશે. હાલ વાતાવરણમાં જે ગ્રીનહાઉસ ગેસ પહેલાથી ભળેલા છે તેના કારણે ગરમી સતત વધતી રહેશે.

૨૦૧૬ના વર્ષમાં ગરમીએ રેકોર્ડ બનાવ્યો હતો. જોકે, ૨૦૨૦માં આ રેકોર્ડ તૂટવાની શક્યતા છે. જો આ વર્ષે ૨૦૧૬ જેટલી ગરમી ના પડી તો પણ ૨૦૨૦નું વર્ષ સૌથી વધુ ગરમીનો રેકોર્ડ ધરાવતા ટોચના પાંચ વર્ષોમાં ચોક્કસ સામેલ હશે. ઓક્સફોર્ડ ક્લાઈમેટ સાયન્ટિસ્ટ કારસ્ટેન હ્યુસ્ટિને જણાવ્યું હતું કે, આ વર્ષે પ્રદૂષણ ઘટશે, પરંતુ તાપમાન વધારે રહેશે. અત્યાર સુધી પૃથ્વીનું સૌથી વધુ તાપમાન ૨૦૧૬માં નોંધાયું છે. જ્યારે ૨૦૧૯નું વર્ષ બીજા ક્રમે, ૨૦૧૫નું વર્ષ ત્રીજા ક્રમે, ૨૦૧૭નું વર્ષ ચોથા ક્રમે અને ૨૦૧૮નું વર્ષ પાંચમા ક્રમે આવે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, ગ્રીનહાઉસ ગેસનું પ્રમાણ છેલ્લા ત્રીસ લાખ વર્ષના સૌથી ઉંચા લેવલે પહોંચી ગયું છે. પૃથ્વીના તાપમાનમાં ત્રણ ડિગ્રી જ્યારે સમુદ્રની સપાટીમાં ૧૫ મીટર જેટલો વધારો થયો છે. સમુદ્રનું તાપમાન પણ રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. તાપમાનમાં હિરોશિમામાં જે અણુબોંબ ફુટ્યા હતા તેવા પાંચ બોંબ દર સેકન્ડે ફુટે તેટલા પ્રમાણમાં ગરમી વધી રહી છે. ૨૦૨૦નું વર્ષ આમેય ઘણા રેકોર્ડ બનાવી ચૂક્યું છે. આ વર્ષનો જાન્યુઆરી મહિનો સૌથી ગરમ રહ્યો હતો, અને યુરોપના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં વધી ગયું હતું. ફેબ્રુઆરી મહિનામાં એન્ટાર્કટિકાનું તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસે પહોંચી ગયું હતું.

લોકડાઉનું પાલન કરો અને સોના સહિતાના ઈનામ મેળવો! ગ્રામ પંચાયતની અનોખી ઓફર

મલ્લપુરમ્

કોરોના વાયરસને ફેલાતો રોકવા સોશિયલ ડિસ્ટન્સિંગ જ શ્રેષ્ઠ ઉપાય છે, ને સોશિયલ ડિસ્ટન્સિંગની જાળવણી થાય તે માટે જ દેશભરમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. લોકોને લોકડાઉન અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા માટે સરકાર અને સ્થાનિય પ્રશાસન સતત અપીલ કરી રહ્યા છે. લોકોમાં આ અંગે જાગૃતિ આવે તે માટે પોલીસ પણ અવનાવા ઉપાયો અજમાવી રહી છે. ત્યારે કેરળની એક ગ્રામ પંચાયતે તો લોકડાઉનનું પાલન થાય તેના માટે એકદમ અનોખો ઉપાય અજમાવ્યો છે. ગ્રામ પંચાયતે એક સ્કિમ બહાર પાડી છે, લોકડાઉનું પાલન કરો અને સોના સહિતાના ઈનામ મેળવો!

કેરળના મલ્લપુરમ જિલ્લામાં આવેલી થોઝેકોડે ગ્રામ પંચાયતે આ અનોખો નિર્ણય કર્યો છે. પંચાયતનું કહેવું છે કે જે પરિવાર લોકડાઉનનું સંપૂર્ણ રીતે પાલન કરશે તેને ઈનામ આપવામાં આવશે. જે માટે પંચાયતે સોનુ, ફ્રિજ સહિતના ૫૦ ઈનામ પણ રાખ્યા છે. એટલે કે જે પરિવાર પહેલા નંબર પર આવશે તેને સોનુ આપવામાં આવશે. બીજા નંબર પર આવનારને ફ્રિજ અને ત્રીજા નંબર પર આવશે તેને વોશિંગ મશીન આપવામાં આવશે. આ રીતે ૫૦ અલગ અલગ ઈનામ નક્કી કરવામાં આવ્યા છે.

ગ્રામ પંચાયતના અધ્યક્ષ જણાવે છે કે લોકો લોકડાઉનનું ગંભીરતાથી પાલન કરે તે માટે આવી સ્કિમ શરુ કરવામાં આવી છે. જેથી ઈનામની લાલચમાં લોકો ઘરની બહાર નિકળવાનું ટાળે. ૩ એપ્રિલે આ યોજના બનાવવામાં આવી અને ૭ એપ્રિલથી લાગુ કરવામાં આવી છે. પંચાયતના લોકો આખા ગામ પર નજર રાખી રહ્યા છે. જે દિવસે લોકડાઉન સમાપ્ત થશે, તે દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. જે વિજેતા થશે તેને ઈનામ પણ આપવામાં આવશે.

વડાપ્રધાન મોદીનુ ટ્રમ્પને ગળે લગાવવાનુ કામમાં ન લાગ્યુઃ ઓવૈસી

હૈદરાબાદ

એઆઈએમઆઈએમ સાંસદ અસદુદ્દીન ઓવેસીએ કેન્દ્ર સરકાર પર આકરો હુમલો કર્યો છે. તેમણે અમેરિકાના રિપોર્ટનો હવાલો આપીને કહ્યુ કે લાગે છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ગળે લગાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કામમાં ન આવ્યુ. આ જ કારણ છે કે અમેરિકાની સંખ્યા યુનાઈટેડ સ્ટેટસ કમિશન ઑન ઈન્ટરનેશલ ફ્રીડમે ભારતને ધાર્મિક સ્વતંત્રતાની લિસ્ટમાં પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને સીરિયા સમાન રાખી છે. ઓવૈસીએ કહ્યુ કે યુએસસીઆઈઆરએફએ ભારત સામે પ્રતિબંધની પણ ભલામણ કરી છે. આ બાબતે ઓવૈસીએ એક ટ્વિટ કરીને લખ્યુ તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમનુ આયોજન કર્યુ ત ે મ છ ત ા ં યુએસસીઆઈઆરએફએ ભારતને બર્મા, પાકિસ્તાન, નોર્થ કોરિયા, સીરિયા જેવા દેશોની લિસ્ટમાં રાખી દીધુ છે.

કોરોના વચ્ચે રાહતઃ પોઝિટિવ કેસો બે ગણા થવામાં હવે ૧૦ દિવસ લાગે છે

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસના વધતા કેસોની વચ્ચે એક રાહતની વાત સામે આવી છે. વાત એ છે કે, દેશમાં કોરોના સંક્રમણના બેગણા થવાની ઝડપ ઘટી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આ પહેલા ૨૦ એપ્રિલના રોજ કહ્યું હતું કે, દેશમાં કોરોના વાયરસના મામલા બેગણા થવામાં ૭.૫ દિવસ લાગી રહ્યા છે. તો ૧૫ માર્ચથી લઈને ૬ એપ્રિલ સુધી કોરોના વાયરસના મામલા બેગણા થવામાં ૪-૬ દિવસનો સમય લાગ્યો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, દેશમાં કોરોના પોઝિટિવ કેસ બેગણા થવામાં ૧૦ દિવસ લાગ્યા છે. આંકડાની તુલના પાછલા ૧૦ દિવસોની છે. ૧૯ એપ્રિલના રોજ સવારે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫,૭૦૭ હતી. આજે ૨૯ એપ્રિલ એટલે કે ૧૦ દિવસ બાદ આ મામલા વધીને ૩૧,૩૩૨ પર પહોંચી ગયા છે.

એટલું જ નહીં. પાછલા ૧૦ દિવસોમાં મોતોના આંકડામાં બેગણી વૃદ્ધિ જોવા મળી છે. ૧૦ દિવસ પહેલા એટલે કે ૧૯ એપ્રિલના રોજ સવારે કોરોનાથી મરનારાઓની સંખ્યા ૫૦૭ હતી, જે આજે એટલે કે ૨૯ એપ્રિલના રોજ સવારે વધીને ૧૦૦૭ થઈ ગઈ છે. આ ૧૦ દિવસમાં દર્દીઓનો રિકવરી રેટ પણ ૧૪.૨૦ ટકા વધીને આજે ૨૯ એપ્રિલના રોજ ૨૪.૫૫ ટકાએ પહોંચી ગયો છે. જોવામાં આવ્યું છે કે, પાછલા ૧૦ દિવસોમાં ટેસ્ટિંગની સંખ્યાને પણ બેગણી કરવામાં આવી છે, ત્યાર બાદ કોરોના પોઝિટિવ કેસો અને તેનાથી થનારી મોત લગભગ બેગણી થઈ છે. ૧૯ એપ્રિલ સુધી કુલ ૩,૮૬,૭૯૧ ટેસ્ટ થઈ હતી, પણ ૨૯ એપ્રિલ સુધી આ આંકડો વધીને ૭,૭૦,૭૬૪ થયો છે. ૨૯ એપ્રિલના સવાર સુધીમાં કુલ ૭,૭૦,૭૬૪ સેમ્પલ ટેસ્ટ થયા છે.

કોરોના માટે તૈયાર કરેલી વિશેષ હૉસ્પિટલ ચીન બંધ કરશે

બીજિંગ

ચીનમાં કોરોનાના વધુ છ કેસ અને કોરોના ના લક્ષણ ન ધરાવતા હોય તેવા વધુ ૪૦ કેસ નોંધાયા છે. તમામ કેસનો નિકાલ લાવ્યા બાદ કોરોના માટે તૈયાર કરવામાં આવેલી વિશેષ હોસ્પિટલ બંધ કરવા ચીન સજ્જ ત્યારે થઈ ગયું હોવાનું આરોગ્ય ખાતાના અધિકારીઓ એ કહ્યું હતું.

કોરોનાનું એપિસેન્ટર ગણાતા વુહાને તાજેતરમાં જ ૧૬ કામચલાઉ હોસ્પિટલ બંધ કરી દીધી અને રવિવારે કોરોનાના છેલ્લા દર્દીને રજા આપી દીધા બાદ આ નિર્ણય લેવાયો હતો.

વર્ષ ૨૦૦૩માં સાર્સના દર્દીઓને ક્વૉરન્ટાઈન કરવા ઉપયોગમાં લેવામાં આવેલી બીજિંગ સ્થિત શીઆ ઓટેંગશન હોસ્પિટલે મંગળવારે કોરોનાના તમામ કેસનો નિકાલ કરી દીધો હતો અને આજે તે હોસ્પિટલની તમામ કામગીરી બંધ કરી દેશે, એમ પ્રસાર માધ્યમના સત્તાવાર અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

શહેરના ઉત્તર પરા વિસ્તારમાં આવેલી આ કામચલાઉ હોસ્પિટલ રીનોવેટ કરીને ૧૬ માર્ચથી કોરોના ના દરદીઓની ચકાસણી માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

ચીનમાં સોમવાર સુધીમાં કોરોનાના કુલ ૮૨,૮૩૬ કેસ નોંધાયા હતા જેમાંથી ૬૪૮ દરદી હજુ પણ સારવાર હેઠળ છે અને સાજા થઈ ગયેલા ૭૭,૫૫૫ દર્દીઓને હોસ્પિટલની રજા આપી દેવામાં આવી છે.

કોરોના આતંકઃ સીઆરપીએફ જવાનનું મોત,બટાલિયન સીલ કરાઇ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ મહામારીની અસર સતત દેશમાં વધતી જઇ રહી છે. સામાન્ય વ્યક્તિથી લઇને દરેક લોકો આ વાયરસની ચપેટમાં આવી રહ્યા છે. મંગળવારે કોરોનાથી જોડાયેએલી એક ચિંતાપૂર્ણ ખબર સામે આવી જ્યારે અર્ધસૈનિક દળમાં આ મહામારીના કારણથી પહેલા મોત થઇ. સીઆરપીએફી ૩૧ બટાલિયનમાં તૈનાજ સબ-ઇન્સ્પેક્ટર ઇકરામ હુસૈનનું નિધન થઇ ગયું, જે બાદ દિલ્હીમાં સીઆરપીએફની એક બટાલિયન સીલ કરી દેવામાં આવી છે.

સીઆરપીએફમાં સતત કોરોના વાયરસના કેસોમાં વધારો થયો છે. હજી સુધી સીઆરપીએફના ૪૬ સભ્યો કોરોના વાયરસ પોઝિટવ કેસ આવ્યા છે. જ્યારે ૨૫૭ લોકોના રિપોર્ટ હાલ બાકી છે. આશરે બટાલિયનના ૧૧૦૦ સદસ્યોને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે અને આખી બટાલિયન સીલ છે.

સૂત્રો અનુસાર તો સીઆરપીએફમાં મોટી સંખ્યામાં કોરોના વાયરસના મામલા આવ્યા બાદ ગૃહ મંત્રાલયે નારાજગી વ્યક્ત કરી છે. ગૃહ મંત્રાલય તરફથી સીઆરપીએફના ડીજીથી આ મામલામાં રિપોર્ટ માંગવામાં આવ્યો છે અને પૂછવામાં આવ્યું છે કે કોરોના વાયરસને ફેલાવવાથી રોકવામાં ચુક થઇ છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

હવે વર્ક કલ્ચર બદલાશે

કોરોના વાયરસના કારણે હાલમાં દેશ અને દુનિયામાં ભારે હાહાકાર છે. દેશ અને દુનિયાના દેશોમાં હાલ લોકડાઉનની સ્થિતી છે. તમામ લોકો ઘરમાં બેઠેલા છે. આવી સ્થિતીમાં ઉદ્યોગ ધંધા પણ બંધ થયેલા છે. તમામ કામ બંધ થયેલા છે. કોરોના વાયરસની આ સ્થિતીમાં વહેલી તકે સુધારો થાય તેવી શક્યતા ઓછી છે. કામના તરીકે બદલાઇ રહ્યા છે. હવે વર્ક ફ્રોમ હોમ કલ્ચરની શરૂઆત થઇ રહી છે. કંપનીઓ પણ આ દિશામાં આગળ વધી ચુકી છે. આવી સ્થિતીમાં કંપનીઓ હવે મોટી સંખ્યામાં લોકોને છુટા કરે તેમ માનવામાં આવે છે. બેરોજગારી વધનાર છે. જો કે કુશળ લોકોને કોઇ તકલીફ થનાર નથી. બદલાઇ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઇ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઇ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઇ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઇ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઇએ. બેકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઇ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઇકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્ચુઅલ રિયાલિટી, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઇ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઇએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઇએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઇનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઇને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઇએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઇન્ડસ્ટ્રીઝ રિ ઇન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઇ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે.

બદલાઇ રહેલા બિઝનેસ માહોલમાં હવે સફળ થવા માટે સાવધાની જરૂરી રહેશે

ચીનના પેટમાં તેલ રેડાયું: ટેસ્ટમાં નિષ્ફળ રેપીડ કિટ મુદ્દે ભારત પર આક્ષેપ.....

વિશ્વના દેશોને કોરોના વાયરસે ખળભળાવી નાખ્યા છે. વિશ્વભરમાં કોરોનાગ્લસ્તોનો આક ૩૧ લાખ સુધી પહોંચવાની તૈયારીમાં છે. ત્યારે મૃતાંક ૨ લાખ ઉપરાંત પહોંચી ગયો છે. આ બધા વચ્ચે ચીને કોરોના પર કાબૂ મેળવીને પોતાના તમામ ઉદ્યોગ-ધંધાના ક્ષેત્રો ધમધમતા કરી દીધા છે.... અને વિશ્વના કોરોના વાયરસગ્રસ્ત દેશોમાં માસ્ક,ટેસ્ટ કિટો,પીપીઈ,વેન્ટીલેટર સહિતનો મેડિકલ માલસામાન મોકલવાની ઝડપ વધારી દીધી છે. તેમાંથી ચીને મોકલેલ માલ સામાનમા હવકા પ્રકારનું મટીરીયલ વાપરવાને લઈને મોટા ભાગન મેડિકલ સામાન તકલાદી નીકળતા વિશ્વના અનેક દેશોમાં ભારે ઊહાપોહ થયો છે. જ્યારે ભારતમાં ચીને મોકલાવેલ રેપિડ કિટ નિષ્ફળ જતા ભારતે તે પરત મોકલવાનો નિર્ણય કરેલ જેને કારણે ચોરી પર શિનાજોરીની જેમ ચીને ભારત પર કિટનો યોગ્ય રીતે ઉપયોગ ન કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.... કમ ભારતે ચીનની કંપનીઓને ઓર્ડર આપીને ૫ લાખ કિટો મંગાવી હતી.જે કિટનુ ટેસ્ટીંગ ભારતની એમ સી એમ આર દ્વારા કરવામાં આવતા તે ખામીયુક્ત હતી જેથી તેનો ઉપયોગ ન કરવા સરકારને જણાવ્યું હતુ. પરંતુ ચીને બચાવ કર્યો હતો કે અમે મેડિકલ ઉત્પાદનોની ગુણવત્તાને ખૂબ મહત્ત્વ આપીએ છીએ ભારતે પૂર્વગ્રહ વિના આ બાબતે જોવુ જોઈએ.... આ માટે ચીનને કેવું કહેવાય....? હવે ભારતે ભારતમાંની જ જે લેબોરેટરીઓએ ટેસ્ટીગ કિટ કે પીપીઈ કિટ બનાવી હોય તે તરફ વિશેષ ધ્યાન આપીને યુધ્ધના ધોરણે તેનો ટેસ્ટ કરાવીને ટેસ્ટમાં સફળ હોય તેને મંજૂરી આપી ઉત્પાદન પ્રક્રિયા માટે પણ ઝડપ લાવવી જરૂરી છે. બાકી એક વાત સ્પષ્ટ છે કે ચીનના પેટમાં ચીનમા રોકાણ કરનારાઓએ ભારતમાં રોકાણ કરવા માટે ચીનમાંથી ઉચાળા ભરવાની તૈયારી કરી છે તેના કાલણે ચીનના પેટમાં તેલ રેડાયું હોઈ શકે છે.....!

ભારતમાં કોરોના ગ્રસ્તોના કેસોનો આક ૩૦ હજારને પાર કરી ગયો છે અને મૃતાક ૧હજાર પાર કરી રહ્યો છે. દેશમાં દરરોજ એક લાખ ટેસ્ટ થવા જરૂરી છે જે થઈ શકતા નથી.....! દેશભરમાં દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતની કોરોના અંગેની સ્થિતિ જોઈએ તો મૃતાકમાં ગુજરાતનું અમદાવાદ સૌથી આગળ છે. ગુજરાતભરમાં કોરોના સંક્રમિતોનો આક ૩૭ હજારને પાર કરી ગયો છે અને મૃત્યુઆંક ૧૮૧ પર પહોંચી ગયા છે. જ્યારે અમદાવાદમાં ૧૨૮ મૃતાક નોંધાયા છે અને કોરોના કેસોનો આંક ૨૫૪૫ પહોંચી ગયો છે. ગુજરાતમાં આજે પણ અમદાવાદ, વડોદરા, સુરતમાં નવા કેસો વધી રહ્યા છે જેને કારણે સરકાર, આરોગ્ય તંત્ર અને અમદાવાદ મનપા તંત્ર દ્વિધામાં મૂકાઈ ગયા છે. રાજ્યભરના લોકોમાં ભય પેસી ગયો છે. જેના કારણે ગ્રીન ઝોનમાં લોકો lockdown નુ ચુસ્ત પણે પાલન કરી રહ્યા છે પરંતુ રેડ ઝોનમાં રહેલા લોકો આ બાબત ગંભીર નથી તો ઓરેન્જ ઝોનમાં આજે પણ એનેક નાસમજ લોકો ટહેલવા માટે વગર કામે બહાર નીકળી પડે છે. અનેક વિસ્તારોમાં સોસાયટીઓના નાકે. વસાહતોના વિવિધ સ્થળે સાંજથી જ ટોળામા મળતા રહે છે. તો કેટલાક લોકો બાળકોને લઈ ટુવ્હિલર પર ફરવા નીકળી પડે છે. જે આમ પ્રજા માટે જોખમરૂપ છે. ત્યારે ગ્રીન ઝોનમા કેટલાક યુવાનો ચીનની બનાવટો ન ખરીદવા તેમજ સ્વદેશી વસ્તુઓ ખરીદવા માટે આગ્રહ કરી રહ્યા છે. તે સાથે સોશ્યલ મીડિયા પર પ્રચાર થઈ રહ્યો છે... જે એક આવકારદાયક પગલું છે. તેમજ સ્વદેશી ઉત્પાદનો લોકો ખરીદશે તો દેશના નાના મોટા ઉદ્યોગો પુનઃ ધમધમતા થઈ જશે, રોજગારી વધશે અને બજારમાં રૂપિયો પણ ફરતો થઈ જશે તેમજ દેશનું અર્થતંત્ર ઝડપ પકડશે અને ઊંચાઈને આંબી જશે કે નિશ્ચિત છે.....!

મહામારી અનુસંધાને વડાપ્રધાન મોદીજીની દેશવાસીઓને સુચના પછી... ભાજપના જ કેટલાક રાજનેતા અને નેતાઓના વાણી-વર્તનને લઈને આમ પ્રજામાં આક્રોશ ફેલાઈ રહ્યો છે..... દેશભરમાં તમામ રાજકીય પક્ષો, પ્રાંતીય પક્ષોએ એક થઈને કોરોના સામેની લડતમાં વડાપ્રધાન શ્રી મોદીજીને અને કેન્દ્ર સરકારને સાથ-સહયોગ આપી રહ્યા છે.... ત્યારે ગુજરાતમાં ભાજપના રાજ્ય પ્રમુખ તેમજ પ્રવક્તાએ જે પ્રકારે ટીકા કરી તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. તો એક કેન્દ્રીય સાસદની મુસ્લિમ મહિલાઓ માટેની અજુગતી કોમેન્ટને કારણે તેમજ મુસ્લિમ લોકો પાસેથી ખરીદી ન કરવાની બાબતોને લઈને ખાડી દેશો નારાજ થઈ ગયા હતા તેથી મોદીજીને ભારતમાં ભાઈચારો હોવાની ટ્વીટ કરવાની ફરજ પડી હતી. તાજેતરમાં યુપી ના ધારાસભ્યએ કોરોનાથી બચવા મુસ્લિમ શાકભાજી વેચનારા પાસેથી શાકભાજી ન ખરીદવાનુ આહવાન કર્યું.... આવી બાબતોને ને શું કહેવાય.....? એ જ રીતે તમાકુના બંધાણી ગુજરાતના રાજકોટના ધારાસભ્યએ એક વેપારીને દુકાન ખોલાવીને તેની પાસેથી સોપારી-તમાકુના થેલા ભરી દીધા અને ઉપરથી વેપારીને ધમકી આપી કે પોલીસને ટહીને પકડાવી દઈશ. ત્યારે લોકો જ વાત કરે છે કે સાંસદો અને ધારાસભ્યોમાં અનેક ડોક્ટરો ચૂંટાયેલા છે તેઓ કોરોના સામે લડતા મેડિકલ યોદ્ધાઓ સાથે જોડાયા છે ખરા.....,? કોરોના દર્દીઓની સેવામાં કેટલા ઉતર્યા.....? ભથ્થા છોડી શકતા નથી તેઓ પ્રજાની સેવા કઈ રીતે કરી શકે.....? રાજસ્થાન સીરોહીના જિલ્લા કલેકટર સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરાથી કોઈને પણ પોતાના જિલ્લામાં ન મોકલવા તાકીદ કરી છે. આવા તો દેશભરમાં અનેક બાબતો બની રહી છે જે ચિંતાજનક બની રહી છે. ત્યારે લોકોએ મોદીજીની એક જ વાત પકડી રાખી.... લોકોએ પોતાની અને પરિવારની સલામતી માટે ઘરમાં જ રહેવું જોઈએ. કારણ આજ દિન સુધી કોઈ પણ દેશ કોરોના મારક દવા કે તેને કાબૂમાં લેવા ની રસી શોધી શક્યો નથી..... વંદે માતરમ્

પિતા પોતાના સંતાનો સામે હારતો અને થાકતો નથી, પણ દોસ્ત હવે તારો બાપ ઘરડો થયો છે

પ્રિય દોસ્ત આજે હું તને પત્ર લખી રહ્યો છુ, પણ તારો અને મારો કોઈ પરિચય જ નથી,આપણે કયાંક મળ્યા હોઈશુ અને આપણા શબ્દોને બદલે આપણી નજરોએ વાત કરી લીધી હશે,કદાચ તે જ નાતે હું આ પત્ર લખી રહ્યો છુ, હમણાં આપણા રાજયમાં કોરોનાની સ્થિતિને કારણે લોકડાઉનની સ્થિતિ છે તેના કારણે હું પોતે પણ જવલ્લે જ ઘરની બહાર નિકળુ છુ,સાચુ કહુ તો મને બહુ ઓછી વખત ડર લાગ્યો છે, પણ આ વખતે મને મારા કારણે નહીં મારા બાળકો માટે ડર લાગી રહ્યો છુ, હું બહાર નિકળુ અને કોરોનાનો પ્રસાદ મારા બાળકો સુધી પહોંચે નહીં તેની કાળજી લઈ રહ્યો છુ, હું આજે પિતા છુ પણ થોડા વર્ષ પહેલા તમારા જેવો બીન્દાસ દિકરો હતો.

લોકડાઉનને કારણે જયારે જયારે પણ હું કરીયાણાની દુકાન ઉપર ખરીદી કરવા ગયો છુ,ત્યારે મેં લાંબી કતારો જોઈ છે, આમ તો પહેલી નજર સોશીયલ ડીસ્ટન્સની કતારો જોઈ મને સારુ લાગતુ હતું, પણ થોડા દિવસ પછી જ મને આ કતારો કઠવ લાગી હતી દોસ્ત જાણે છે કેમ ? કારણ આ કતારમાં ઉભા રહેનાર મોટા ભાગના વૃધ્ધ મા-બાપને મેં જોયા છે, ખરેખર તો આજની સ્થિતિ બાળકો અને વૃધ્ધો માટે બહાર નિકળવુ યોગ્ય સમય નથી, આ વૃધ્ધોને જોઈ મારામાં મનમાં સવાલ થતો કે શુ આ વૃધ્ધોના ઘરે યુવાન દિકરો-દિકરી નહીં હોય?

પત્રકાર હોવાને કારણે પોતાના મનને અને બીજાના મનને ખંખોળવાની આદત છે દોસ્ત એટલે મેં મારા વૃધ્ધ અને યુવાન મિત્રોના હદયને મનના દુરબીનથી જોવાનો પ્રયત્ન કર્યો, મને લાગે કે દોસ્ત મારા તારો જ વાંક નથી,પણ એક વખત પિતાની ખુરશીમાં પોતાની જાતને મુકી જોવાની જરૂર છે. આજે તારી પાસે જે કઈ છે,તારૂ જ્ઞાન,તારી સમજ,તારૂ સુખ અને તારૂ સ્વપ્ન બધુ તારા પિતા પાસેથી મળ્યુ છે, પણ તને ખબર છે તારો પિતા માટે આજે તેનું જ્ઞાન,તેની સમજ,તેનું સુખ અને તેનું સ્વપ્ન બધુ જ તુ છે.તુ ખુશ અને સુખી રહે તે માટે તે તારા સુખની ક્ષણને ખલેલ પહોંચે નહીં માટે કયારેક લાઈટબીલની તો કયારેક કરીયાણાની તો કયારેક ટેકસ બીલની કતારમાં ઉભો રહેલો જોવા મળે છે, પણ હવે તે થાકી ગયો છે

દોસ્ત તુ તુ મને સામો સવાલ કરીશ અરે તે થાકી ગયા છે તો મને કહેવુ જોઈએને .. પણ તને કહીશ પિતા થયા વગર કદાચ તને આ નહીં સમજાય,કારણ પિતા કયારેય પોતાના સંતાનો સામે હારવા અને થાકવાનું પસંદ કરતો નથી,તેનો અર્થ તેવો પણ નથી કે તે હારતો અને થાકતો નથી,તે હારે પણ છે અને થાકે પણ તે તેને કહેવા માગતો નથી,તેની અપેક્ષા હોય છે કે તે કરીયાણાની દુકાનમાંથી એક તરફ શરીર ઝુકી જાય એટલી મોટી થેલી ઉચકી આવે ત્યારે તુ તેના હાથમાંથી થેલી પકડી લે,તે ખુરશી ઉપર બેસે ત્યારે તુ પાણીનો ગ્લાસ ભરી તેની સામે ઉભો રહે પણ તેવુ તુ કઈ જ કરતો નથી કારણ તારો પિતા શરીર અને મનથી જીર્ણ થઈ રહ્યો છે તેની તને કલ્પના જ નથી.

વાંક ખાલી તારો જ નથી, તારા પિતાના લાડને કારણે ચોખા અને દાળનો ભાવ સુધ્ધા ખબર નથી. તારા પિતા સમયના પાબંધ હોવાને કારણે બધુ સમયસર કરવાની તેને ટેવ છે.તને તેને જયારે પણ કામ સોંપ્યુ ત્યારે થઈ જશે કરી નાખીશ,તેવુ કહી પોતાના મોબાઈલમાં વ્યસ્ત તને જોયો છે એટલે જ તારા પિતાએ તને કઈ કહેવાનું છોડી દીધુ છે. પણ હવે તેવુ કરીશ નહીં,તેને સમય પ્રમાણે તુ થેલી લઈ નિકળી જા, કદાચ તુ જે કઈ લઈ આવીશ તે બરાબર નથી, અરે બે રૂપિયા વધારે આપી આવ્યો તેવી ટકોર પણ કરશે, પણ તેને પણ સમજવાનો પ્રયત્ન કર ,તે બહુ ગરીબીમાંથી આવ્યો છે આવુ કરશે

પણ દોસ્ત તારા પિતાને તારે વિશ્વાસ અપાવવો પડશે કે હવે તુ તેમને સંભાળી શકે એટલે મોટો થઈ ગયો છે,તે તારી સાથે આખી જીંદગી રહેવાના નથી, પણ તેમની વિદાય પહેલા તેઓ તારા માટે મનથી નિશ્ચીંત થાય તે જોવાની તારી જવાબદારી છે,થોડા વર્ષો પછી તારા આલીશાન ઘરમાં તેમની હાર પહેરાવેલી તસવીર સામે ઉભો રહી તુ કહીશ કે પપ્પા તમે મારા હિરો હતા,તેના કરતા તેની હાજરીમાં તારા હિરોની કદર કરતા શીખ,કયારેક તેમની પાસે બેસી પુછ થાકી ગયા છો ? તારા આ શબ્દો તેમના જીવનભરનો થાક ઉતારી નાખશે મેં કહ્યુ તેનો વિચાર કરજે અને યોગ્ય લાગે કરજે તારા વૃધ્ધ પિતા માટે.

તમામ ખાનગી હોસ્પિટલો કોવિડ હોસ્પિટલમાં ફેરવાશે : ૧૫૦ હોસ્પિટલોની સ્વૈચ્છિક સંમતિ!

જરૂર પડ્યે સરકારની એપેડેમિક ડિઝાસ્ટર કોવિડ રેગ્યુલેશન એક્ટ-૨૦૦૫ હેઠળ ખાનગી હોસ્પિટલોને હસ્તગત કરવાની તૈયારી

અમદાવાદમાં આવનારા સમયમાં હજારો કેસો એક સાથે બહાર આવવાની શક્યતા

PPE કીટના અભાવે ડોક્ટરો અને મેડીકલ સ્ટાફને કોરોનાનો ચેપ લાગ્યોઃ ડો. મોનાબેન દેસાઈ

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કેસો હાલમાં બે હજારથી વધીને આવનારા સમયમાં ખૂબ ઝડપથી વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અમદાવાદની તમામ ખાનગી હોસ્પિટલોને કોવિડ હોસ્પિટલમાં ફેરવવાની તૈયારીઓ આરંભી દીધી છે. સરકારે અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ) પાસેથા સંલગ્ન હોસ્પિટલોની યાદી મેળવી લીધી છે. તેમાંથી ૧૫૦ હોસ્પિટલના સંચાલકોએ સ્વૈચ્છિક રીતે પોતાની હોસ્પિટલ સરકારને આપી છે અને બાકીની હોસ્પિટલોને રોગચાળાના કાયદા હેઠળ સંપાદિત કરવાની કાર્યવાહી હાથ ધરી છે. આ તમામ ખાનગી હોસ્પિટલો કોવિડ હોસ્પિટલમાં ફેરવાશે.

અમદાવાદ મેડિકલ એસો.ના પ્રમુખ ડો. મોનાબેન દેસાઈએ જીએનએસ સાથેની એક ખાસ મુલાકાતમાં આ અંગેની માહિતી આપતા વધુમાં કહ્યું કે સરકારે અમારી પાસેથી એસો. સાથે જોડાયેલી ખાનગી હોસ્પિટલોની યાદી માંગી છે અને તે આપી દેવામાં આવી છે. સરકાર આ તમામ ખાનગી હોસ્પિટલો સંપાદિત કરીને તેમને ખાસ કોવિડ રોગીઓ માટે ઉપયોગમાં લેવાશે.

કોરોનાના દર્દીઓની સારવાર કરનારા ડોક્ટરો પણ તેના ચેપના શિકાર બની રહ્યાં છે તે અંગે તેમણે કહ્યું કે, કોરોનાનો રોગ અમદાવાદમાં ફેલાયો ત્યારે ફરજ પરના ડોક્ટરોને પીપીઈ કીટ ખૂબ ઓછી અપાતી હતી. તમામ ડોક્ટરોને પીપીઈ કીટ અપાતી નહોતી. મુખ્ય મુખ્ય ડોક્ટરોને પીપીઈ કીટ આપવામાં આવી હોવાથી કેટલાક ડોક્ટરો પણ આ રોગના સંક્રમણના શિકાર બન્યા. જો કે હવે સરકાર પાસે પીપીઈ કીટ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે ત્યારે તમામ ડોક્ટરોને આપવામાં આવે છે.

દરમ્યાન, સૂત્રોએ કહ્યું કે, સરકારને અને અમદાવાદ મ્યુનિ.ના સત્તાવાળાઓને એવી જાણકારી છે જ કે અમદાવાદમાં આવનારા સમયમાં કોરોનાના કેસો વધવાના છે અને સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને સમાવવાની ક્ષમતા પૂરી થઈ ગઈ છે. એસવીપી હોસ્પિટલ ફુલ થઈ ગઈ છે. દર્દીઓની સંખ્યા વધવાની હોવાથી હવે તમામ ખાનગી હોસ્પિટલોને સંપાદિત કરવાની કાર્યવાહી થઈ રહી છે. દરમ્યાનમાં આંધ્રપ્રદેશ સરકારે પણ તમામ ખાનગી અને બિન સરકારી હોસ્પિટલોને એપી એપેડેમિક ડિઝાસ્ટર કોવિડ રેગ્યુલેશન એક્ટ-૨૦૦૫ હેઠળ હસ્તગત કરવાના આદેશો બહાર પાડ્યા છે. જેથી કોરોનાના દર્દીઓ માટે આ તમામ હોસ્પિટલોના સંશાધનો, પથારીઓ, લેબ, ફાર્મસી, માનવબળ વગેરે.નો ઇમરજન્સીમાં ઉપયોગ કરી શકાય. ગુજરાત સરકાર પણ એવુ જ કરવા જઈ રહી છે. અને તમામ ખાનગી અને બિન સરકારી હોસ્પિટલોને હસ્તગત કરીને તેમનો ઉપયોગ કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેશે. આમ એમ કહી શકાય કે અમદાવાદ કે જે ચીનના વુહાનના માર્ગે જઈ રહ્યું છે તેમાં ૫૦ હજારથી લઈને ૮ લાખ કેસો બહાર આવવાની શક્યતા ખુદ સત્તાવાળાઓએ વ્યક્ત કરી છે ત્યારે હોસ્પિટલોમાં કેવી હાલત સર્જાશે તેની તો કલ્પના જ કરવી રહી, એમ પણ સૂત્રોએ કહ્યું હતું.

સરકારનું દુરોગામી આવકાર દાયક પગલું. મેડિકલ એસો. પાસેથી હોસ્પિટલોની યાદી મેળવાઈઃ ડો. મોનાબેન દેસાઈ



ઓસ્ટ્રેલિયાનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર મિચલ જોન્સન સાથી ખેલાડીઓમાં રમૂજ કરવા માટે જાણીતો છે અને ખાસ કરીને ડેવિડ વોર્નર સાથેની તેની દોસ્તી પણ સારી છે, પરંતુ આજકાલ તેને વોર્નરની એક વાત ખૂબ ખૂંચી રહી છે. વોર્નરે પોતાની પત્ની કેન્ડીસ સાથેના પોઝવાળી જે કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર અપલોડ કરી છે એ વિશે જોન્સને તેને ટ્રોલ કર્યો છે. વાત એવી છે કે વોર્નરે 'ફ્લિક ધ સ્વિચ' નામની ટિક ટોક ચેલેન્જમાં પત્ની કેન્ડીસ સાથે પોશાક બદલ્યા છે.

ઈરફાન પઠાને રમઝાનમાં તમામ લોકોને ઘરમાં જ રહી ઈબાદત કરવાની સલાહ આપી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ ભલે ક્રિકેટના મેદાનથી દૂર છે પણ સોશિયલ મીડિયા પર ખુબજ એક્ટિવ છે. સોશિયલ મીડિયા પર વારંવાર તેઓ વીડિયો અને પોસ્ટ શેર કરતા રહે છે. તેની એક એક પોસ્ટ દર્શકોને ખુબજ પસંદ આવે છે. બુધવારે સવારે તેમણે એક પોસ્ટ શેર કરી છે જેને ખુબજ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ઈરફાન પઠાણે પોસ્ટ કરીને શાયરાના અંદાજમાં લખ્યુ કે થક ગયા હું પરવાહ કરતે કરતે જબસે બે-પરવાહ હું સુંકું મેં હુ. ઈરફાને બુધવારે સવાર સવારમાં આ ટ્વીટ કરી છે.



હવે ઈરફાન કઈ વાતને લઈને બેરપવાહ છે તે તો ખબર નહી પણ હા તેમની આ પોસ્ટ દર્શકોને ખુબજ પસંદ આવી રહી છે. કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયાની રમત અટકી પડી છે. તમામ ક્રિકેટરોની જેમ ઈરફાન પણ ઘરે જ ચે. આ પહેલા પણ ઈરાફાન સોશિયલ મીડિયા પર છવાઈ ગયો હતો. રમઝાનના પહેલા દિવસે તેમણે એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેમણે તમામ લોકોને ઘરમાં જ રહીને ઈબાદત કરવાની સલાહ આપી હતી. ઈરફાને કહ્યું હતું કે કેટલાક લોકો કહી રહ્યા છે આ રમઝાન રબની તરફથી લેવાતી એક તરફની પરીક્ષા છે સમજી લો, આ ખુબ મુશ્કેલ સમય છે.

પણ મારી નજરમાં આ એક સારો અવસર છે. કામના કારણે અને વ્યસ્તતાના કારણે આપણે સરખી ઈબાદત કરી શકતા નથી. હવે જ્યારે આપણે ઘરે જ છીએ ત્યારે દીલથી ઈબાદત કરી શકીએ છીએ. ઈરફાને આ પહેલા પણ કોરોનાના સંકટમાં ઘરે જ રહેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતુ કે ન વિચારશો કે મસ્જીદ જવાથી રોકવામાં આવી રહ્યા છે એ વિચારો કે દરેક ઘરમાં મસ્જીદ છે.

કર્ણાટકના પૂર્વ બેટ્સમેન જે અરૂણ કુમાર બન્યા અમેરિકન ક્રિકેટ ટીમના કોચ



અરૂણ કુમારે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૭,૨૦૦થી વધારે જ્યારે ક્લાસ એ મેચોમાં ૩,૦૦૦થી વધારે રન બનાવ્યા છે

નવી દિલ્હી

કર્ણાટકના પૂર્વ બેટ્સમેન જે અરૂણ કુમારને અમેરિકન ક્રિકેટ ટીમના કોચ બનાવવામાં આવ્યા છે. જે અરૂણ કુમાર આ પહેલા ઘણાં વર્ષો સુધી કર્ણાટકની ટીમનું કોચિંગ કરી ચૂક્યા છે. આઈપીએલમાં પણ કોચિંગ આપી ચૂક્યા છે. જે અરૂણ કુમારે કિંગ્સ ઈલેવન પંજાબની ટીમની સાથે કામ કર્યું છે. તે કિંગ્સ ઈલેવન પંજાબના બેટ્સમેન કોચ રહી ચૂક્યા છે. અમેરિકાન ક્રિકેટના મુખ્ય કાર્યકારી અધિકારી ઈયાન હિગિંસે પોતાની વેબસાઈટ પર કહ્યું, 'રણજી ટ્રોફી અને આઈપીએલના પૂર્વ ફર્સ્ટ ક્લાસ ખેલાડી અને કોચ જે અરૂણ કુમારને પુરુષોની ટીમના મુખ્ય કોચ બનાવવામાં આવ્યા છે.

અરૂણ કુમારે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૭,૨૦૦થી વધારે જ્યારે ક્લાસ એ મેચોમાં ૩,૦૦૦થી વધારે રન બનાવ્યા છે. તેણે ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ની સીઝનમાં રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને ઈરાની કપમાં કર્ણાટકનું શાનદાર નેતૃત્વ કર્યું હતું. ૪૫ વર્ષના અરૂણે કોચ બન્યા બાદ ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, તેમનો ટાર્ગેટ અમેરિકાને ટેસ્ટ ક્રિકેટ રમતો દેશ બનાવવાનો છે. મેં લાંબા, મધ્ય અને ટૂંકા ગાળાના ટાર્ગેટ બનાવ્યા છે. જોકે મારો મુખ્ય ટાર્ગેટ એ હશે કે અમેરિકા આવનારા દિવસોમાં ટેસ્ટ ક્રિકેટ રમનારા દેશમાં સામેલ થાય. તેમણે કહ્યું, 'આ એક લાંબો ટાર્ગેટ છે, હાલમાં મારું ધ્યાન વર્લ્ડ કપ લીગ પર હશે.'

રાષ્ટ્રીય મહાસંઘ યજમાની ફી ન ભરી શકતા

ભારતે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની યજમાની ગુમાવી, સર્બિયાને સોંપાઈ



નવી દિલ્હી

ભારતે પુરૂષોની વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૧ની યજમાની ગુમાવી દીધી છે. રાષ્ટ્રીય મહાસંઘ યજમાની ફી ભરી શક્યું નથી. આંતરરાષ્ટ્રીય બોક્સિંગ મહાસંઘે ૨૦૧૭માં કરવામાં આવેલો કરાર તોડીને હવે સર્બિયાને યજમાની સોંપી છે. એઆઈબીએ એક નિવેદનમાં કહ્યું, ભારત યજમાન શહેર કરારના નિયમો મુજબ યજમાની ફી ભરી શક્યું નથી,

જેથી એઆઈબીએ કરાર તોડી દીધો છે. ભારતે હવે કરાર રદ થવાને કારણે ૫૦૦ ડોલરનો દંડ ભરવો પડશે. ભારતમાં આ ટૂર્નામેન્ટ પ્રથમવાર યોજાવાની હતી. હવે સર્બિયાના બેલગ્રાદમાં યોજાશે. એઆઈબીએના અંતરિમ અધ્યક્ષ મોહમ્મદ મુસ્તાહસેને કહ્યું, સર્બિયા ખેલાડીઓ, કોચો, અધિકારીઓ અને પ્રશંસકો માટે દરેક રીતે સારા આયોજનમાં સક્ષમ છે.

મુસ્તાહસેને કહ્યું કે, આ ચેમ્પિયનશિપ આગામી વર્ષે રમાનારા ટોક્યો ઓલિમ્પિક બાદ આયોજીત કરવામાં આવશે. તેમણે કહ્યું, ઓલિમ્પિકમાં ફેરફાર થવાને કારણે એઆઈબીએની કાર્યકારી સમિતિ યજમાન દેશની સાથે સંભવિત તારીખો પર ચર્ચા કરશે. અમને આશા છે કે જો કોરોના વાયરસને કારણે સ્થિતિ નિયંત્રણમાં રહે છે તો અમે વિશ્વ ચેમ્પિયનશિપને ઓલિમ્પિક ગેમ્સ બાદ આયોજીત કરાવશું. જેટલી જલદી તારીખ નક્કી થઈ જશે એટલો ફાયદો બોક્સરોને થશે.

અંતે કોરોનાને પગલે US ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ પણ પડતી મુકાઈ

નવી દિલ્હી

કોરોના વાયરસને પગલે સમગ્ર વિશ્વમાં મોટા ભાગની રમત ઈવેન્ટ પડતી મુકાઈ છે અથવા તો રદ કરવામાં આવી છે ત્યારે જૂનમાં કેલિફોર્નિયા ખાતે યોજનારી યુએસ ઓપન વર્લ્ડ બેડમિન્ટન ટુર્નામેન્ટ તેના નિયત સમયે યોજાય તેવી આયોજકોને આશા હતી પરંતુ મંગળવારે આ ટુર્નામેન્ટ પણ પડતી મૂકવાનો નિર્ણય લેવાયો હતો.

બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશને (બીડબ્લ્યુએફ) અંતે યુએસ ઓપન વર્લ્ડ ટૂર સુપર ૩૦૦ ટુર્નામેન્ટ પડતી મૂકવાનો નિર્ણય લેવો પડ્યો હતો. કોરોના વાયરસને પગલે વિશ્વભરમાં ૩૦ લાખ જેટલા લોકોને અસર થઈ છે ત્યારે હવે કોઈ સ્પોર્ટ્સ ઈવેન્ટ યોજાવાની બાકી રહી ગઈ નથી. તમામ ઈવેન્ટ સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. ગયા મહિને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિએ ટોક્યો ઓલિમ્પિક્સ ૨૦૨૦ પણ એક વર્ષ માટે પાછળ ઠેલવાનો નિર્ણય લીધો હતો. ફેડરેશને મંગળવારે જાહેર કર્યું હતું કે ૨૩થી ૨૮મી જૂન દરમિયાન કેલિફોર્નિયાના ફુલેરટોન ખાતે આ ઈવેન્ટ યોજાનારી હતી પરંતુ હવે તેને સસ્પેન્ડ કરી દેવાઈ છે. અમેરિકન બેડમિન્ટન એસોસિયેશન સાથે મસલત બાદ આ નિર્ણય લેવાયો હતો. અમે સ્વિકારીએ છીએ કે ભાગ લેનારા ખેલાડીઓના આરોગ્ય, સલામતી અને લોજિસ્ટિકના જોખમને ધ્યાનમાં રાખીને આયોજકોએ આ નિર્ણય લીધો છે.

સુરેશ રૈનાએ રિષભ પંતની યુવરાજ અને સેહવાગ સાથે કરી સરખામણી

નવી દિલ્હી

ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક વિકેટકિપર બેટ્સમેન રિષભ પંત હંમેશા ચર્ચામાં રહેતો હોય છે. જ્યારથી પંત ભારતીય ક્રિકેટ ટીમમાં આવ્યો છે ત્યારથી તેના પ્રદર્શન પર સૌની નજર છે અને મેદાન પર તેની ભૂલોના કારણે સતત ફેન્સના નિશાન પર રહે છે. જોકે ભારતીય બેટ્સમેન સુરેશ રૈનાએ પંતની પ્રતિભા પર ભરોસો દર્શાવીને તેને ખતરનાક ક્રિકેટર ગણાવ્યો છે. આઈપીએલમાં ધમાકેદાર બેટિંગ દ્વારા ટીમ ઈન્ડિયામાં સ્થાન મેળવનારા પંતને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ધારી સફળતા મળી નથી. જોકે પંતે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટમાં સદી ફટકારી પરંતુ મોટાભાગના મોકા પર ખરાબ શોટના કારણે વિકેટ ગુમાવતો આવ્યો છે અને આ કારણે આલોચનાનો શિકાર થતો રહ્યો છે. આ દરમિયાન પંતની જેમ ડાબા હાથે બેટિંગ કરનારા અને ટી-૨૦ ક્રિકેટના આક્રમક બેટ્સમેન રૈનાએ કહ્યું કે, મને પંતની બેટિંગ જોવી ગમે છે. ભારતીય ટીમના સ્પિનર યુઝવેંદ્ર ચહલ સાથે ઈન્સ્ટાગ્રામ લાઈવ સેશન દરમિયાન રૈનાએ આ વાત કહી હતી. રૈનાએ કહ્યું કે, તે એક ટોપ ક્રિકેટર છે. જ્યારે તે સારી બેટિંગ કરે છે ત્યારે મને ખુશી થાય છે અને યુવરાજ તથા સેહવાગની યાદ અપાવે છે. તે બંને પણ બોલરો પર સવાર થઈને રમતા હતા. જ્યારે તે ફ્લિક શોટ રમે છે તો દ્રવિડની યાદ આવે છે.

કોરોનાને પગલે ડેવિડ વોર્નરે અગામી પ્રવાસ વિશે જણાવતા કહ્યું

ટીમ ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ પ્રવાસ માટે જાય તેવી સંભાવના બહુ ઓછી

નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયાના ઓપનર ડેવિડ વોર્નરે કહ્યું કે, કોરોનાવાયરસને કારણે ટીમ આગામી ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડ પ્રવાસ માટે જાય તેવી સંભાવના બહુ ઓછી. ઈંગ્લેન્ડમાં જે બન્યું તે જોતાં, અત્યારે અમારું ત્યાં જવાનું શક્ય નથી. ઓસ્ટ્રેલિયાનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૩ જુલાઈથી શરૂ થવાનો છે. આ શ્રેણીમાં, બંને ટીમો વચ્ચે ૩ વનડે અને ૩-૨૦ મેચ રમાવવાની છે. આ અગાઉ કાંગારૂ ટીમ ૨૯ જૂને સ્કોટલેન્ડ સામે પણ T-20 રમશે. ઓસ્ટ્રેલિયા જૂનમાં બાંગ્લાદેશના પ્રવાસે પણ જવાનું હતું. ત્યાં પણ ટીમને ૨ ટેસ્ટ રમવાની હતી. જોકે, તે પ્રવાસ પણ રદ કરવામાં આવ્યો છે. તે જ સમયે, ઝિમ્બાબ્વે સામે ઓગસ્ટમાં રમાનારી વનડે શ્રેણીની સંભાવના પણ ઘણી ઓછી છે.



વોર્નરે કહ્યું કે કોરોના અને ઈંગ્લેન્ડ પ્રવાસ અંગે કહ્યું કે, બ્રિટિશ પીએમ બોરિસ જોનસન સ્વસ્થ થઈ ગયા છે. તે ફરીથી તેમના પગ પર ઉભા છે. આ ખૂબ જ સારા સમાચાર છે. પરંતુ ક્રિકેટ કરતા આ વાયરસ સામે લડવું મહત્ત્વનું છે. આપણી પ્રાથમિકતા આ મહામારીને હરાવવાની હોવી જોઈએ. ઓસ્ટ્રેલિયા આ લડાઈમાં ઘણી હદ સુધી સફળ રહ્યું છે. આનો શ્રેય દેશના નાગરિકોને આપવો જોઈએ. તેણે ખાલી સ્ટેડિયમમાં ક્રિકેટના સૂચનને ફગાવી દીધા છે. વોર્નરે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી. તમે જ્યાં પણ જાઓ અને ક્રિકેટ રમશો ત્યાં તમે હંમેશા ઈચ્છો છો કે પ્રેક્ષકો મેચ જોવા આવે. મને ઈંગ્લેન્ડમાં રમવાનું ગમે છે. અહીં રમવાની મજા આવે છે. જનતા અને ઈંગ્લિશ ટીમ હંમેશા રમતના રોમાંચમાં વધારો કરે છે. તેથી હું પણ ત્યાં રમવા માટે ઉત્સાહિત છું. હું આશા રાખું છું કે દર્શકોને સારું ક્રિકેટ જોવા મળે. પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તે થવું મુશ્કેલ લાગે છે.

લોકડાઉનમાં ખેલાડીઓની ઈમ્યૂન સિસ્ટમ સ્ટ્રોન્ગ બનાવવા માટે સમય મળ્યોઃ અખ્તર



નવી દિલ્હી

પાકિસ્તાનના દિગ્ગજ બોલર રહેલા શોએબ અખ્તરે જણાવ્યું કે કોરોના વાયરસે દુનિયાભરમાં જે તબાહી મચાવી છે તેનાથી તો તેમને આ વર્ષે આઈપીએલ રમાય તેવા કોઈ અણસાર લાગતા નથી. જણાવી દઈએ કે આ ભયાનક મહામારીના પ્રકોપને જોતા દુનિયાભરમાં સ્પોર્ટ્સ ઈવેન્ટ રદ થયા છે અથવા તો સ્થગિત કરવામાં આવ્યા છે.

શોએબ અખ્તર આઈપીએલ જ નહી પરંતુ ટી-૨૦ વર્લ્ડ કપને લઈને પણ કહ્યું કે આ ટૂર્નામેન્ટ સ્થગિત કરવામાં આવી શકે છે.

શોએબ અખ્તરે કહ્યું કે કોરોના વાયરસે દુનિયાભરને પોતાની ઝપેટમાં લઈ લીધી છે, જેનો સામનો કરવો સરળ નથી. અત્યાર સુધી તેની કોઈ વેક્સિન પણ તૈયાર નથી થઈ શકી અને વિશ્વના અનેક દેશોએ યાત્રા પર પાબંદી લગાવી છે. શોએબ અખ્તરે હેલો એપ પર ફેન્સ સાથે લાઈવ વાતચીતમાં કહ્યું કે, મને આ વર્ષે આઈપીએલ શક્ય નથી લાગતું. ત્યાં સુધી કે ઓસ્ટ્રેલિયામાં રમાનાર ટી-૨૦ વર્લ્ડ કપ પણ સ્થગિત કરવામાં આવી શકે છે.

જો કે શોએબ અખ્તરે એક સારી વાત તે પણ જણાવી કે દુનિયાભરમાં ખેલાડીઓની ઈમ્યૂન સિસ્ટમ સ્ટ્રોન્ગ બનાવવા માટે વધારાનો સમય મળી ગયો છે, જેથી તેઓ ક્રિકેટમાં તંદુરસ્ત થઈને વાપસી કરી શકશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ સીરીઝને લઈને અખ્તરે કહ્યું કે આ સમય બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવાનો છે. આપણે ખેલ દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે સારા સંબંધો બાંધી શકીએ છીએ.

ઈરફાન ખાનના મોતને લઈ સચિન-કોહલી સહિત ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ આપી શ્રધાંજલિ

મુંબઈ

બોલિવૂડના જાણીતા એક્ટર ઈરફાન ખાનનું ૫૪ વર્ષની વયે મુંબઈ ખાતે આજે નિધન થયું હતું. તેમણે મુંબઈની કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ગઈકાલે જ તેમને આઈસીયૂમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈરફાન ખાનના મોતના સમાચારની મનોરંજનની સાથે ક્રિકેટ જગતમાં પણ શોકનું મોજું ફરી વળ્યું હતું.

ઈરફાનના મોતના સમાચારને લઈ ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકરે ટ્વિટ કરીને લખ્યું, ઈરફાન ખાનના મોતના સમાચાર સાંભળી દુ:ખ થયું. તે મારા ફેવરિટ એક્ટર પૈકીનો એક હતો. મેં લગભગ તેની



દરેક મૂવી જોઈ હતી. તે એક્ટિંગ એકદમ સરળતાથી કરતો હતો. ભગવાના તેના આત્માને શાંતિ આપે.

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ ટ્વિટ કરીને લખ્યું, ઈરફાન ખાનના મોતના સમાચાર સાંભળીને દુ:ખ થયું. એક શાનદાર ટેલેન્ટ હતી અને તેની એક્ટિંગ દ્વારા દરેકના હૃદય જીત્યા હતા. પ્રભુ તેના આત્માને શાંતિ આપે. મોહમ્મદ કૈફે ટ્વિટ કરીને લખ્યું, મારા પ્રિય એક્ટર પૈકીનો એક વહેલો જતો રહ્યો. તેનું કામ સદાય યાદ રહેશે. આ સાથે ભારતીય ક્રિકેટર સુરેશ રૈના, ટીમ ઈન્ડિયાના ઓપનર શિખર ધવન, અનિલ કુંબલે, ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ઈરફાન ખાનના મોતને લઈ શોક વ્યક્ત કર્યો હતો.

પીએમ મોદીના નામથી પ્રથમ પૂજા કરાઇ

લૉકડાઉન વચ્ચે કેદારનાથના કપાટ ખૂલ્યા: પૂજારી સહિત ૧૬ લોકો હાજર રહ્યા

કેદારનાથ

કેદારનાથના કપાટ બુધવારે ખોલવામાં આવ્યા હતા. કોરોના મહામારી વચ્ચે આ પ્રથમ વખત છે જ્યારે ભક્તોની હાજરી વગર કપાટ ખુલ્યા છે. બુધવારે સવારે ૬ કલાક ૧૦ મિનિટ પર ભગવાન શ્રી કેદારનાથના કપાટ ૬ મહિના માટે સંપૂર્ણ વિશ્વની સુખ સમૃદ્ધિ અને આરોગ્યતાની કામનાની સાથે ખોલી દેવામાં આવ્યા છે. વિશ્વ અને રાષ્ટ્રના કલ્યાણ માટે ભગવાન કેદારનાથની પ્રથમ પૂજા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામથી સંપન્ન થઈ હતી. લૉકડાઉન હોવાને કારણે આજે (બુધવાર)ની પૂજામાં મુખ્ય પુજારી સહિત માત્ર ૧૬ લોકો સામેલ થયા હતા.

સામાન્ય રીતે કપાટ ખોલવાના દિવ્ય ક્ષણના સાક્ષી બનવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સાધુ સંત કેદાર ધામ પહોંચે છે. કોરોના મહામારીને કારણે તંત્રએ ભક્તોને મંદિરમાં દર્શન કરવાની મંજૂરી આપી નથી. આ વખતે સીમિત સંખ્યામાં કર્મચારી, પુજારી અને વેદપાઠી જ કેદારધામમાં હાજર રહેશે. મંદિરમાં માત્ર ભોગ, બપોરનો શ્રૃંગાર અને સંધ્યા આરતી થશે. કેદારનાથ મંદિરને ૧૦ ક્વિન્ટલ ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે પણ શ્રદ્ધાળુઓને બાબા કેદારનાથ ધામના કપાટ ખુલવાની શુભેચ્છા આપી છે. તેમણે પોતાના સંદેશમાં કહ્યું, બધા શ્રદ્ધાળુઓને શુભકામનાઓ. તમારો મનોરથ પૂર્ણ થાય, બાબા કેદારનાથના આશીષ બધા પર જળવાઇ રહે, આવી ભગવાન કેદારનાથને કામના કરુ છું. કોરોના વાયરસના આ વૈશ્વિક સંકટમાં આપણે બાબા કેદારનાથની આરાધના ગરમાં રહીને કરીએ, સોશિયલ ડિસ્ટેન્સિંગનું જરૂર પાલન કરીએ, ઘરમા રહીએ, સુરક્ષિત રહીએ.

ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટરના રિપોર્ટમાં ઘટસ્ફોટ

૨૦૧૯માં આપત્તિઓના કારણે ભારતમાં ૫૦ લાખ લોકો વિસ્થાપિત થયાં

કોચ્ચિન

'ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર (આઈડીએમસી)'ની તાજેતરની રિપોર્ટમાં કહેવાયું છે કે, વર્ષ ૨૦૧૯માં ભારતમાં પાંચ મિલિયન(૫૦ લાખ) લોકો વિસ્થાપિત થયા છે, આ કુદરતી આફતોમાં સાયક્લોન અને વરસાદના કારણે આવેલાં પૂર સામેલ છે. જીનેવા સ્થિત ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટરના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૯માં સંઘર્ષની જગ્યાએ પ્રાકૃતિક આપત્તિઓના કારણે ખૂબ લોકોને આંતરિક રીતે વિસ્થાપિત થવું પડ્યું છે.

આઈડીએમસીની રિપોર્ટમાં ભારત, બાંગ્લાદેશ અને મોઝાંબિક જેવા દેશોમાં ગત વર્ષે આવેલાં ચક્રવાતી તોફાનનો પણ ઉલ્લેખ કરાયો છે. જ્યારે આફ્રિકામાં આવેલાં પૂરના કારણે મોટી સંખ્યામાં લોકો શરણાર્થી બનવા મજબૂર થયા છે. વિશ્વમાં વિસ્થાપનની સમસ્યાનું સૌથી મોટું કારણ આપત્તિ અને યુદ્ધ છે. તેના કારણે પ્રતિ વર્ષે લાખો લોકો પોતાના જ દેશમાં શરણાર્થી બનવા મજબૂર થયા છે.

ગત વર્ષે ૨૦૧૯માં આપત્તિ અને યુદ્ધના કારણે ૩.૩૪ કરોડ લોકો પોતાના દેશમાં શરણાર્થી બની ગયા છે. આ આંકડો ૨૦૧૨ પછી સૌથી વધુ છે. આટલી મોટી સંખ્યામાં લોકોએ પોતાના દેશની અંદર ઘર છોડીને પહેલી વાર શરણાર્થી બનીને રહવું પડ્યું છે. ભારતમાં ચક્રવાતી તોફાન ફેની, અને બુલબુલના કારણે મોટા પ્રમાણમાં લોકોને અસર પહોંચી હતી.આ રિપોર્ટ અનુસાર, કુદરતી આફતના કારણે ભારતમાં ૫૦,૩૭,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે, જ્યારે બાંગ્લાદેશમાં ૨૦૧૯ના વર્ષમાં ૪૦,૮૬,૫૨૦ વિસ્થાપિત થયા છે. જ્યારે અફઘાનિસ્તાનમાં ૫,૭૮,૦૦૦, નેપાળમાં ૧,૨૧,૦૦૦, પાકિસ્તાનમાં ૧,૧૬,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટરના રિપોર્ટના અનુસાર ૨૦૧૯ના વર્ષમાં આતંરિક સંઘર્ષ અને હિંસાના કારણે ભારતમાં ૧૯૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે.

વ્હાઈટ હાઉસે ટ્વિટર હેન્ડલ પરથી મોદી સહિત છ ટ્વિટર હેન્ડલને અનફોલો કર્યા

વોશિંગ્ટન

કોરોના વાયરસ મહાસંકટની વચ્ચે જ્યારે યુ.એસ. હાઈડ્રોક્સીક્લોરોક્વિન દવાની જરૂર હતી ત્યારે ભારતે આગળ આવી તેમની મદદ કરી હતી. આ વચ્ચે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે સોશિયલ મીડિયા પર વડાપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભારતના ૬ ટ્વિટર હેન્ડલને ફોલો કરવાનું શરૂ કર્યું હતું. પરંતુ હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે એક વખત ફરી આ દરેકને અનફોલો કરી દીધા છે.

ભારતે જ્યારે કોરોના વાયરસથી લડત માટે હાઈડ્રોક્સીક્લોરોક્વીન આપવાનો નિર્ણય લીધો તે બાદ ૧૦ એપ્રિલે વ્હાઈટ હાઉસના ટ્વિટર હેન્ડલે અનેક ભારતીય ટ્વિટર હેન્ડલને ફોલો કર્યા. તેમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, રાષ્ટ્રપતિ ભવન, અમેરિકામાં ભારતીય દૂતાવાસ અને ભારતમાં અમેરિકી દૂતાવાસને ફોલા કરવામાં આવ્યા છે. તે સિવાય ભારતમાં અમેરિકાના રાજદૂત કેન જસ્ટરને પણ ફોલો કર્યા હતા. આ દરેકની સાથે વ્હાઈટ હાઉસ દ્વારા ફોલો કરવામાં આવેલા લોકોની સંખ્યા ૧૯ થઈ ગઈ હતી. જેમા દરેક વિદેશી હેન્ડલ ભારતથી સંબંધ રાખતા હતા. હવે થોડાક દિવસ બાદ વ્હાઈટ હાઉસે ફરીથી આ દરેક ટ્વિટર હેન્ડલને અનફોલો કરી દીધા છે અને ફરીથી માત્ર અમેરિકી પ્રશાસન ડોનાલ્ડ ટ્રમ્પથી જોડાયેલા ટ્વિટર હેન્ડલને ફોલો કરવાનું શરૂ કરી દીધું છે. વ્હાઈટ હાઉસ હવે માત્ર ૧૩ ટ્વિટર હેન્ડલને ફોલો કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેને લઈને અનેક ચર્ચાઓ અને અટકળો શરૂ થઈ ગઈ છે.

કોરોના વિહોણા છતાં સિક્કીમની સરહદ ઓક્ટોબર સુધી સીલ

ગેંગટોક

ભારતના ઘણા ખરા ભાગોમાં કોરોનાના દર્દીઓ હશે પણ હજુ અમુક રાજ્યો એવા છે જ્યાં કોરોનાની એન્ટ્રી નથી થઈ. પૂર્વોત્તરના પાંચ રાજ્યોમાં સિક્કિમ, નાગાલેંડ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર અને ત્રિપુરા સંપૂર્ણ રીતે કોરોના-મુક્ત છે. જ્યારે તેની સિવાય ૩ અન્ય રાજ્ય આસામ, મેઘાલય અને મિઝોરમમાં કોરોના વાઈરસના ક્રમશઃ ૮, ૧૧ અને ૧ કેસ નોંધાયા છે.

સિક્કીમ અને નાગાલેન્ડ આ બે રાજ્યોમાંથી હજુ એક પણ વ્યક્તિ કોરોના સંક્રમિત કેસ નથી મળી આવ્યો. આ બંને રાજ્યો કોરોના-મુક્ત હોવા છતાં પણ સિક્કીમની તમામ સરહદો ઓક્ટોબર સુધી સીલ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકાર તરફથી સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે જેમાં કહેવામાં આવ્યું છે કે, રાજ્યની તમામ સરહદો ઓક્ટોબર ૨૦૨૦ સુધી બંધ કરી દેવામાં આવી છે.

રાજ્ય સરકારે આ નિર્ણય ૭ લાખ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાના હેતુથી લીધો છે.

ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને કાઢવા માટે નૌસેનાના બે જંગી જહાજ તૈયાર

ન્યુ દિલ્હી

કોરોના મહામારીના કારણે ખાડી દેશમાં લાખો ભારતીય ફસાયા છે. સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ફસાયેલા લોકોને બહાર કાઢલા માટે નૌસેના તૈયાર છે. જો જરૂર પડશે તો આ અભિયાનમાં લેન્ડીંગ પ્લેટફોર્મ યુદ્ધપોત INS જલાશ્વ અને મગર શ્રેણીના બે જંગી જહાજને મોકલવામાં આવશે. સરકારે તેમને તૈયાર રહેવા માટે કહ્યું છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે, INS જલાશ્વ હાલ વિશાખા પટ્ટનમથી બહાર છે, સાથે જ મગર શ્રેણીના જંગી જહાજ પશ્ચિમી સમુદ્ર તટ પર છે.

ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરબ, બહરીન, કતાર, UAE અને ઓમાન સહિત ફારસના ખાડી કિનારા વાળા દેશોને ખાડી દેશ કહેવામાં આવે છે. અહીંયા લગભગ એક કરોડ ભારતીય મજૂરો છે. જેમાંથી મોટાભાગના તેલ કંપનીઓમાં છે અથવા કંસ્ટ્રક્શનનું કામ કરે છે.

અમેરિકાએ ટેક્નોલોજીની ચીન ખાતેની નિકાસના નિયંત્રણ કડક બનાવ્યા

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રે ચીન, રશિયા અને વેનેઝુએલા ખાતે ટેક્નોલોજીની નિકાસ પરના નિયંત્રણ વધુ કડક બનાવ્યા છે. અમેરિકાએ જે ટેક્નોલોજીને સિવિલિયન સપ્લાય ચેન્સ દ્વારા પૂરી પાડીને તેનો દુરુપયોગ શસ્ત્રો, લશ્કરી વિમાન, સર્વિલન્સની સામગ્રી વિકસાવવા કરાતો હોય એવાની નિકાસ પરના નિયંત્રણમાં વધારો કરાયો છે. અમેરિકાના વાણિજ્ય પ્રધાન વિલ્બર રોઝે જણાવ્યું હતું કે જે દેશો અમેરિકા પાસેથી સાધનસામગ્રી ખરીદીને તેનો દુરુપયોગ લશ્કરી હેતુસર કરતા હોય એવા દેશો સાથે વ્યાપાર કરવા માટેના નિયંત્રણ વધારવા જરૂરી છે. અમેરિકાએ લાદેલા સંબંધિત નિયંત્રણમાં લશ્કરી, મુલકી વપરાશ માટેની સાધનસામગ્રીના દુરુપયોગને રોકવા લાઈસન્સ રદ કરવાની અને આવી સામગ્રીની કોઈ ત્રીજા દેશને નિકાસ અટકાવવાની જોગવાઈ છે.

સીરીયામાં ફ્લૂ ટ્રકમાં બોમ્બ લગાવીને કરાયો વિસ્ફોટ, ૩૬ લોકોનાં મોત

બગદાદ

ઉત્તરી સીરિયાનાં આફરીન જિલ્લામાં ફ્લૂ ટ્રકને બોમ્બ બનાવીને કરવામાં આવેલા વિસ્ફોટમાં ૩૬ લોકો માર્યા ગયા છે. આ હુમલામાં તુર્કીથી સમર્થન મેળવેલ છ બળવાખોરો પણ માર્યા ગયા છે. એક વોર મોનિટરે આ વિશે માહિતી આપી છે. બ્રિટિશ અધિકારવાળા સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સનાં વડા રામી અબ્દુલ રહેમાને જણાવ્યું હતું કે, "ફ્લૂ ટ્રકની અંદર વિસ્ફોટક ઉપકરણોનાં ફાટવાથી નાગરિકો સહિત ઓછામાં ઓછા ૨૨ લોકો માર્યા ગયા હતા અને ૨૭ અન્ય લોકો ઘાયલ થયા હતા.

યુકે સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરીનાં વડા રામી અબ્દુલ રહેમાનનાં જણાવ્યા મુજબ, આફરીન શહરનાં બજારમાં ઈંધનનાં ટ્રકમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૩૬ લોકોનાં મોત નીપજ્યાં છે. ૪૦ લોકો ઘાયલ થયા છે. અબ્દુલ રહેમાને કહ્યું, ઘણા ઘાયલોની હાલત ચિંતાજનક હોવાને કારણે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ શકે છે. જોકે, હજી સુધી તે જાણવા મળ્યું નથી કે આ હુમલા પાછળ કોનો હાથ છે.

પાલઘર મોબ લિંચિંગના મામલે ૩૫ પોલીસકર્મીઓની બદલી

પાલઘર

પાલઘર મોબ લિંચિંગની ઘટના સંદર્ભે પોલીસ સ્ટેશનના ૩૫ જેટલા પોલીસ જવાનોની બદલી કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. આ પાલઘર ઘટનાની તપાસ એનઆઈએને સોપવા માટે બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કર્યા બાદ તેમની બદલી કરવામાં આવી છે, જેમાં એક ટોળા દ્વારા ત્રણ લોકોને મારી નાખવામાં આવ્યા હતા.

મુંબઈ સ્થિત વકીલ ઘનશ્યામ ઉપાધ્યાયે દાખલ કરેલી અરજીમાં કેન્દ્ર સરકાર અને પાલઘર પોલીસ અધિક્ષક (એસપી)ને પણ તપાસ હાથ ધરવા માટે જણાવાયું છે. પાલઘર પોલીસે મોબ લિંચિંગ મામલે ૯ કિશોરો સહિત આશરે ૧૧૦ લોકોને ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે, મુંબઈના કાંદિવલીથી પાલઘરના આંતરિક રસ્તાઓ દ્વારા ગુજરાત તરફ જઈ રહેલા ત્રણ લોકોને ગડચીંચલના ગ્રામજનોએ ૧૭ એપ્રિલના રોજ મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા.

કોરોના મહાસંકટ
પહેલા પાનાથી ચાલુ

હરિયામામાં ૭૩% દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

પંજાબમાં કોરોના વાયરસના ૧૬ નવા કેસ નોંધાયા છે. પંજાબના વિશેષ મુખ્ય સચિવના જણાવ્યા મુજબ, આ નવા કેસોમાં નાંદેડથી પરત ફરનારા ૧૨ યાત્રાળુઓનો સમાવેશ છે. સંપર્કમાં આવતા લોકોને ક્વારેન્ટેઇન કરવામાં આવી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના આગ્રામાં કોરોના વાયરસના ૨૧ નવા કેસ મળી આવ્યા છે. આ સાથે, આંકડો અહીં ૪૨૫ પર પહોંચી ગયો છે. આમાંથી ૧૧ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૬૯ લોકોને રજા આપવામાં આવી છે.

હૈદરાબાદમાં અંબરપેટ કન્ટેનમેન્ટ ઝોનની આસપાસનો વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે અને અહીં લોકોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. બિહારના બક્સરમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે. હવે ત્યાં ૧૨ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે બિહારમાં ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૩૭૮ પર પહોંચી ગઈ છે

ખાડી દેશોમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવાની તૈયારી શરૂ થઈ હોવાનું જણાવીને સૂત્રોએ કહ્યું કે, કોરોના મહામારીના કારણે ખાડી દેશમાં લાખો ભારતીય ફસાયા છે. સરકારી સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે, ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે નૌસેના તૈયાર છે. જો જરૂર પડશે તો આ અભિયાનમાં લેન્ડીંગ પ્લેટફોર્મ યુદ્ધપોત INS જલાશ્વ અને મગર શ્રેણીના બે જંગી જહાજને મોકલવામાં આવશે. સરકારે તેમને તૈયાર રહેવા માટે કહ્યું છે. સૂત્રોએ એવું પણ જણાવ્યું કે, INS જલાશ્વ હાલ વિશાખાપટ્ટનમથી બહાર છે, સાથે જ મગર શ્રેણીના જંગી જહાજ પશ્ચિમી સમુદ્ર તટ પર છે.

ઈરાન, ઈરાક, કુવૈત, સાઉદી અરબ, બહરીન, કતાર, UAE અને ઓમાન સહિત ફારસના ખાડી કિનારા વાળા દેશોને ખાડી દેશ કહેવામાં આવે છે. અહીંયા લગભગ એક કરોડ ભારતીય મજૂરો છએ. જેમાંથી મોટાભાગના તેલ કંપનીઓમાં છે અથવા કંસ્ટ્રક્શનનું કામ કરે છે.

દરમ્યાનમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી-NIA મુંબઈ બ્રાન્ચના ૧૫ અધિકારીઓનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવતાં તંત્રે રાહતના લાગણી અનુભવી છે. દિલ્હીની આઝાદપુર મંડીમાં ૧૧ વેપારી કોરોના પોઝિટિવ બહાર આવતાં ઘણી દુકાનો સીલ કરી દેવામાં આવી છે.

ઉત્તરાખંડના હરિદ્વારના એક ગામમાં કોવિડનો સર્વે કરવા પહોંચેલી મેડિકલ ટીમ સાથે મારઝૂડ કરાઈ હોવાના અહેવાલ છે. ફરીદાબાદમાં આજે બપોરે ૧૨ વાગ્યા પછી દિલ્હીમાં કામ કરનારા ડોક્ટર્સ, બેંક કર્મચારી અને પોલીસ વાળા પણ એન્ટ્રી નહીં કરી શકે, એવા આદેશો બહાર પાડવામાં આવ્યાં છે. તો બીજી તરફ ઝારખંડની સૌથી મોટી કોવિડ હોસ્પિટલના ડિરેક્ટરે રાજીનામું આપી દીધું છે

પવિત્ર યાત્રાધામ કેદારનાથ મંદિરના કપાટ ખોલવામાં આવ્યા છે જો કે લોકડાઉનના કારણે ભક્તોને જવાની મંજૂરી નહીં અપાય.

ઇરફાન ખાન
પહેલા પાનાથી ચાલુ

ન્યૂરોએન્ડોક્રાઈન ટ્યૂમર છે, જેની સારવાર માટે તે લંડન ગયો હતો.

સુતાપા સાથે લગ્ન કરવા માટે હિન્દુ ધર્મ અપનાવવા પણ તૈયાર

અભિનેતા ઈરફાન ખાને ઘણી યાદગાર ફિલ્મોમાં કામ કર્યું છે. વર્સેટાઈલ એક્ટર ઈરફાન ખાન ભલે સ્ક્રીન પર પોતાની એક્ટિંગથી દર્શકોને દિવાના બનાવી દેતા હોય પરંતુ તે એકદમ રોમેન્ટિક છે. દિલ્હીમાં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા દરમિયાન ઈરફાન અને તેની પત્ની સુતાપાની લવ સ્ટોરી શરૂ થઈ. એવું કહેવામાં આવે છે કે, તે સુતાપા સાથે લગ્ન કરવા માટે હિન્દુ ધર્મ અપનાવવા પણ તૈયાર હતો.

ઈરફાન ખાનના પિતા....

ઈરફાનનું પૂરું નામ સાહબઝાદે ઈરફાન અલી ખાન છે. તેનો જન્મ પઠાણ મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ જાગીરદાર ખાન હતું. તેઓ ટાયરનો વેપાર કરતા હતા. પઠાણ મુસ્લિમ કુટુંબમાં જન્મ્યા પછી પણ ઈરફાને ક્યારેય મીટ કે માંસ ખાધું ન હતું અને નાનપણથી જ શાકાહારી હતા. આથી જ તેના પિતા ઈરફાનને મજાકમાં કહેતા કે પઠાણ પરિવારમાં બ્રાહ્મણનો જન્મ થયો છે. ઈરફાનના પિતા તેને શિકાર પર લઈ જતાં હતા. જંગલનું વાતાવરણ પણ તેને રોમાંચિત કરતું હતું, પરંતુ નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરવામાં આવ્યો ત્યારે તેને ક્યારેય ગમતું નહીં. ઈરફાન એવું વિચારતાં કે આ પ્રાણીઓ સાથે જોડાયેલ પરિવારોનું શું થશે? એનએસડીમાં ઈરફાનના એડમિશન બાદ તરત જ તેના પિતાનું અવસાન થયું હતું અને ઘરમાંથી મળેલા પૈસા બંધ થઈ ગયા હતા. તેમણે એનએસડીની ફેલોશિપ દ્વારા પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. તે મુશ્કેલ સમયમાં ઈરફાનના ક્લાસમેટ સુતાપા સિકંદરે તેનો સાથ આપ્યો. ૨૩ ફેબ્રુઆરી ૧૯૯૫ના રોજ બંનેના લગ્ન થયા. ઈરફાને પીકુ, લાઈફ ઓફ પાઈ, ધ નેમસેક, સ્લમડોગ મિલિયોનેર, પાનસિંહ તોમર જેવી અનેક ફિલ્મ બોલિવૂડને આપી છે.

અમિતાભ બચ્ચનથી લઈ અજય દેવગન સહિતના સ્ટાર્સે નિધન પર શોક વ્યક્ત કર્યો

ઈરફાનના ખાનના નિધન પર બોલિવૂડ સેલેબ્સે સોશિયલ મીડિયામાં શોક વ્યક્ત કર્યો હતો.

અમિતાભ બચ્ચન, અજય દેવગન, શબાના આઝમી, સોનમ કપૂર, શૂજીત સરકાર, મિનિ માથુર, નીલેશ મિશ્રા, ક્રિકેટર હેમાંગ બદાની, ભૂમિ પેડનેકર, પરિણીતી ચોપરા, સંજય સૂરી, નેહા ધૂપિયા સહિત ઘણાં સેલેબ્સે સોશિયલ મીડિયામાં ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. અમિતાભ બચ્ચને કહ્યું હતું, હમણાં જ ઈરફાન ખાનના નિધનના ન્યૂઝ મળ્યાં, આ દુઃખદ ન્યૂઝ છે. એક અવિશ્વસનીય પ્રતિભા, એક મહાન સહયોગી, સિનેમાની દુનિયાના જબરજસ્ત યોગદાનકર્તા, ખાલી જગ્યા બનાવી દીધી...આપણને બહુ જલ્દીથી છોડીને ગયા...પ્રાર્થના તથા દુઆ...

સીબીએસઈ
પહેલા પાનાથી ચાલુ

જિલ્લામાં ભણતા વિદ્યાર્થીઓની ધોરણ ૧૦ની પરીક્ષા પણ નહોતી થઈ શકી. તેમના રમખાણોના કારણે પેપર રહી ગયા હતા. જણાવાયું કે તેમની પરીક્ષા થશે જ. આ વિસ્તારમાં માત્ર ૬ મુખ્ય વિષયની જ પરીક્ષા થશે.

બિઝનેસ સ્ટડી, ભૂગોળ, હિન્દી (ઈલેક્ટિવ), હિન્દી (કોર), હોમ સાયન્સ, સમાજશાસ્ત્રા, કમ્પ્યુટર સાયન્સ (નવું અને જૂનું) ઈન્ફોર્મેશન પ્રેક્સિસ (નવું અને જૂનું), બાયો ટેક્નોલોજી.

ભારતનો જીડીપી
પહેલા પાનાથી ચાલુ

ભારતની રેટિંગનુ આકલન સંકટ બાદના માહોલ પર કરવામાં આવશે.

રેટિંગ એજન્સીઓનું કહેવુ છે કે મહામારી નિયંત્રણમાં આવ્યા બાદ સરકાર પોતાની રાજકોષીય નીતિઓને ફરીથી કડક કરી શકે છે પરંતુ ભારતનો રેકોર્ડ આ મામલે સારો નથી. રાજકોષીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને નિયમોનુ કડકાઈથી પાલન કરાવવાના મામલે ભારતનો રેકોર્ડ અત્યારના વર્ષોમાં મિશ્ર રહ્યો છે.

રાજકોટમાં છેલ્લા ૨૨ દિવસમાં કોરોના વાયરસના સામે આવ્યા ૫૦ કેસ

રાજકોટમાં ક્વોરન્ટીન જંગલેશ્વરના ૩ અને ભાવનગરના ૨ વ્યક્તિને કોરોના પોઝિટિવ

રાજકોટ

દેશભરમાં કોરોના કહેર છે ત્યારે રાજકોટમાં આજે વધુ ૩ પોઝિટીવ કેસ સામે આવ્યા છે. ફેસેલીટી કોરોન્ટાઈન કરેલાને ૧૪ દિવસ પૂર્ણ થતા સેમ્પલ લેવામાં આવ્યા હતા અને કોરોના પોઝિટીવ આવ્યો હતો. જોકે તમામ દર્દીઓમાં કોરોનાના એકપણ લક્ષણો દેખાયા નહતા. ભાવનગરમાં વધુ બે વ્યક્તિને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યા છે. ભાવનગરમાં કોરોના પોઝિટિવની સંખ્યા ૪૬ થઇ છે. શહેરના સ્ટેશન રોડ અમીપરા વિસ્તારમાં રહેતા પુષ્પાબેન કિશોરભાઈ સોલંકી (ઉ.વ.૬૫)ને ૧૭ એપ્રિલના રોજ પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો અને તેનું મોત નીપજયું હતું. ત્યારથી તેના પતિ કિશોરભાઈ અમીચંદ સોલંકી (ઉ.વ.૬૫) અને તેના સંબંધી જય હિતેશભાઈ સોલંકી (ઉ.વ.૧૦)ને સમરથ હોસ્ટેલમાં ક્વોરન્ટીન કરાયા હતા. જેના સેમ્પલ પરીક્ષણ માટે મોકલાતા બંનેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.જણાવી દઈએ કે, રાજકોટમાં બે દિવસમાં કોરોનાના ૧૦ કેસ સામે આવ્યા છે. જ્યારે છેલ્લા ૨૨ દિવસમાં ૫૦ કેસ સામે આવ્યા છે. ૫૯ લોકોમાંથી ૧૫ લોકોએ કોરોનાને માત આપીને હોસ્પિટમાંથી ડિસ્ચાર્જ થઈને ઘરે મોકલી દેવામાં આવ્યા છે. એરાઉન્ડ ક્લસ્ટર વિસ્તારમાં ૧૪૨૧ મકાનોમાં રહેતા ૭૨૨૩ લોકોને સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

રાજકોટમાં વધુ કેસ જંગલેશ્વર વિસ્તારમાં આવ્યા છે ત્યારે જંગલેશ્વર વિસ્તારમાં ૪ શેરીઓમાં વધુ કેસ સામે આવ્યા હોવાનો ખુલાસો થયો છે. રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં શેરી નંબર ૨૪માં ૧૧ કેસ સામે આવ્યા છે, જ્યારે શેરી નંબર ૨૫માં ૪ કેસ સામે આવ્યા છે. તેવી રીતે શેરી નંબર ૨૬માં ૮ કેસ સામે આવ્યા છે, તો શેરી નંબર ૨૭માં ૬ કેસ સામે આવ્યા છે. ત્યારે જંગલેશ્વર વિસ્તારની વાત કરી તો આ વિસ્તારમાં ૧૨૫૨ ઘરને ક્લસ્ટર કોરોન્ટાઈન કરવામાં આવ્યાસ છે. જેમાં ૬૪૪૬ લોકો રહે છે.

રાજકોટ સમરસ હોસ્ટેલનું ક્વોરન્ટાઈન સેન્ટર જોખમી બન્યુ

પોઝીટીવ દર્દીઓની સંખ્યા વધતા અન્યો માટે ચિંતા વધી

રાજકોટ

રાજકોટમાં સૌથી વધુ જ્યાં કોરોનાના લક્ષણો ધરાવતા દર્દીઓને રાખવામાં આવ્યા છે તે યુનિ. કેમ્પસ નજીકનું સમરસ હોસ્ટેલનું ક્વોરન્ટાઈન સેન્ટર જોખમી બની રહ્યું છે. અહીં પોઝીટીવ દર્દીઓની વધુ સંખ્યા જોવા મળી છે તેથી કોરોનાની બિમારીના વાયરસ અન્ય દર્દીઓ માટે પણ ચિંતાજનક બની રહેશે તેવી વિગતો સાથે સેન્ટરની જવાબદારી સંભાળતા સૂત્રોએ ક્વોરન્ટાઈન સેન્ટરમાં ૫૦ થી વધુ દર્દીઓ પોઝીટીવ હોવાની શક્યતા દર્શાવી ત્વરીત સેમ્પલ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવા જોઈએ તેવી માગણી કરી હતી. રાજકોટમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ પૈકી સૌથી વધુ દર્દીઓને યુનિ. કેમ્પસ નજીક આવેલી સમરસ (બોયઝ) હોસ્ટેલમાં રાખવામાં આવ્યા છે.

આ હોસ્ટેલમાં ક્વોરન્ટાઈન કરવામાં આવેલા ૭ દર્દીઓના આજે રિપોર્ટ પોઝીટીવ જાહેર થયા બાદ આ દર્દીઓ અન્ય દર્દીઓનાં સંપર્કમાં આવ્યા હોવાથી બિમારીનો ચેપ આગળ વધી ન શકે ? તેવા સવાલના જવાબમાં ક્વોરન્ટાઈન સેન્ટરની જવાબદારી સંભાળતા સૂત્રોએ જણાવ્યું હતું કે એક જ વિસ્તારમાંથી ક્વોરન્ટાઈન થયેલા દર્દીઓ અહીં આવ્યા હોવાથી તેમને અલગ રાખવાનું કામ મુશ્કેલ છે. અગાઉ જ્યારે ક્વોરન્ટાઈન એક જ દર્દીનો અહીં રિપોર્ટ પોઝીટીવ આવ્યો ત્યારે અમોએ ડોક્ટરોને કહ્યું હતું કે આ દર્દીને અલગ રૂમમાં રાખી તેની અન્યત્ર ખસેડો ત્યારબાદ તેવું કરવામાં આવ્યું. પરંતુ ત્યારપછી ક્રમે ક્રમે અહીંથી કુલ ૧૧ દર્દીઓમાં કોરોનાના પોઝીટીવ રિપોર્ટ જોવા મળ્યા છે. જે અન્ય નવા ઉમેરાતા દર્દીઓ માટે પણ જોખમાય છે. સમરસ હોસ્ટેલનું ક્વોરન્ટાઈન સેન્ટર જોખમી બની રહ્યું હોવાનું જણાવી અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે અહીંના તમામ દર્દીઓના માસ સેમ્પલ લેવામાં આવે તો ૫૦ થી વધુ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવે તેવી સંભાવનાને નકારી શકાય તેમ નથી. આ મુદ્દે ત્વરીત પગલાં લેવાની આવશ્યકતા હોવાનું જણાવ્યું હતું.

રાંધેજામાં સર્વેના દાવા વચ્ચે ત્રીજો કેસ નોંધાતા જિલ્લાનો કુલ કોરોના આંક ૩૭ થયો

ગાંધીનગર

રાંધેજા ગામમાં આલમપુર એપીએમસીના સેક્રેટરી બાદ તેમની પત્નીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે, ત્યારબાદ બુધવારે વધુ ૧ કેસ સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ ગત ૪ મહિનાથી રહેવા આવેલા પોલીસ કોન્સ્ટેબલની ૩૦ વર્ષીય પત્નીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલ અમદાવાદમાં આવેલી સમરસ હોસ્ટેલ ખાતે ફરજ બજાવી રહ્યા છે. આ મહિલાને છેલ્લા ચારેક દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી તેમણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તપાસ કરાવતાં કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. જેથી ગાંધીનગર જિલ્લાનો આંકડો હવે ૩૭ થયો છે. ઉલ્લેખનીય છે કે, જે વિસ્તારને હોટસ્પોટ જાહેર કરવામાં આવે છે, ત્યાં રહેતા તમામ લોકોની સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન તપાસ થઈ જવી જોઈએ. પરંતુ ૩૦ વર્ષીય મહિલાને ગત ૩ દિવસથી તાવ આવી રહ્યો હતો. આમ છતાં આરોગ્ય વિભાગના એક પણ કર્મચારી સામે આ કિસ્સો આવ્યો નથી.મહિલાના પતિ દ્વારા મહિલાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યાં હતા. જ્યાં સેમ્પલ લેવાયા બાદ કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. જે જિલ્લા આરોગ્ય વિભાગના દાવાઓને ખોખલું પૂરવાર કરી રહ્યું છે.

જાહેર સ્થળો પર થર્મલ સ્કિનિંગ ફરજિયાત સાથે સાથે મનરેગા હેઠળ ઝડપથી શરૂ કરાશે કામ

૧મે થી બાકી રહી ગયેલી તુવેર અને ચણા,રાયડાની પણ ખરીદી કરાશે

ગાંધીનગર

મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે આજે કેબિનેટ બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્વના નિર્ણયોની માહિતી આપી. તેમણે કહ્યું કે રાજ્યમાં ૩૦ ટકા લોકોએ અનાજનો વિનામૂલ્યે મળતો જથ્થો મુખ્યમંત્રી વિજય રૂપાણીની અપીલને માન આપીને જતો કર્યો. આ ઉપરાંત ખેડૂતો માટે મહત્વની વાત કરતા કહ્યું કે પહેલી મેથી પમી મે સુધીમાં બાકી રહી ગયેલી તુવેરની ખરીદી થઈ શકશે. આ ઉપરાંત પહેલી મે થી ચણા અને રાયડાની પણ ખરીદી કરાશે. ગુજકોમાસોલને આ કામગીરી સોંપવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું કે ઉનાળામાં પીવાના પાણીને કોઈ મુશ્કેલી ન પડે તે માટે કલેક્ટરોને દેખરેખ માટે આદેશ અપાયા છે.

આ ઉપરાંત તેમણે કહ્યું કે હેન્ડપંપ બગડી ગયા હોય કે પાણી ઊંડું જતું રહ્યું હોય તો તેને રિપેર કરીને ચાલુ કરાવવામાં આવે તેવો મુખ્યમંત્રીએ આદેશ કર્યો છે. જ્યાં લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં રહે છે તેવા પબ્લિક પ્લેસ, એપીએમસી માર્કેટ કે અન્ય જગ્યાઓ પર થર્મલ ગનનો ઉપયોગ કરીને સ્ક્રિનિંગ કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે.

અશ્વિનીકુમારે વધુમાં કહ્યું કે મનરેગા હેઠળના કામો સુજલામ સુફલામ જળ અભિયાન ઝડપથી શરૂ થાય તેવી સૂચના મુખ્યમંત્રીએ કલેક્ટરોને આપી છે. વડાપ્રધાન આવાસ યોજનાના કામો પણ ઝડપથી શરૂ કરવા માટે મુખ્યમંત્રીએ કલેક્ટરને આદેશ કર્યો છે. એ ન . એ ફ . એ સ . એ ધરાવનારા ૬૫ લાખ લોકોને સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે અનાજ પહોંચાડવામાં આવ્યું છે. રાજ્યમાં ૩૦ ટકા લોકોએ અનાજનો વિનામૂલ્ય જથ્થો મુખ્યમંત્રીની અપીલને માન આપીને જતો કર્યો છે.

આજી-૧ અને ન્યારી-૧માં ચોમાસા સુધી ચાલે એટલુ પાણી નર્મદાનું ઠલવાયું

રાજકોટ

રાજકોટની જીવાદોરી એવા આજી-૧ ડેમ બાદ ન્યારી-૧માં સૌની યોજના હેઠળ ચોમાસા સુધી નર્મદા નીરનો જથ્થો ઠલવાઈ ગયો છે અને એ સાથે જ હાલની સ્થિતિએ જળ સંકટ જરૂર ટળ્યું છે. ચોમાસા સુધી ચાલે તેટલો પર્યાપ્ત જથ્થો આવી ગયો હોવાનું મેયર બીનાબેન આચાર્યે જણાવ્યુ હતુ. ચોમાસા સુધી રાબેતામુજબ દરરોજ ૨૦ મિનિટ પાણી મળતુ રહેશે તેવી પાણીદાર ખાતરી પણ મેયર બીનાબેન આચાર્યે જણાવ્યુ હતુ.

રાજકોટને પાણી પુરુ પાડતા ઘરઆંગણેના જળાશયો ધારણા કરતા વહેલા તળિયાઝાટકના આરે આવી ગયા હતા. એપ્રિલથી ભયંકર જળસંકટ શહેરને ભરડો લે તેવી દશા એક સમયે સર્જાઈ હતી. જો કે એ પહેલા નર્મદા મૈયા રાજકોટવાસીઓની ચિંતા તાણી લેવા માટે આવી પહોંચ્યા છે. આજી ડેમ બાદ હવે ન્યારી ડેમમાં પણ સૌની યોજના હેઠળ નર્મદા નીરનું આગમન થવા લાગ્યુ છે. ગત વર્ષે ચોમાસુ સારુ જતાં તંત્રએ નર્મદા નીરનો ઉપાડ ચોમાસા પછી બંધ કરી દીધો હતો. પરિણામે સ્થાનિક જળાશય આજી અને ન્યારી ડેમ ઉપર નર્મદાના વિકલ્પનું વધારાનું ભારણ આવી જતાં ગણિત વેરવિખેર થઈ ગયું છે. ન્યારી ડેમને પ્રમાણમાં ઓછી અસર થઈ છે, કારણ કે તેની ઉંચાઈ વધારવામા આવતા સંગ્રહ ક્ષમતા વધી છે.

પણ સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ આજી-૧ ડેમની થઈ હતી. દરમિયાન એપ્રિલના અંતથી ભયંકર જળસંકટ સર્જાય તેવી ભીતીના પગલે રાજ્ય સરકાર પાસે સૌની યોજના હેઠળ સ્થાનિક જળાશયોમાં નર્મદા નીર ઠલવવાની માગણી રાજકોટ મનપાએ કરી હતી. જેના પગલે પહેલા આજી-૧ ડેમમાં નર્મદા નીર આપવાનું ચાલુ કરાયુ અને હવે ન્યારી-૧ ડેમમાં પણ નર્મદા ઠલવવાનો પ્રારંભ થઈ ચુક્યો છે. આજી-૧ ડેમમાં તા.૨૯ માર્ચથી નર્મદા નીર ઠલવવાનું શરૂ કરાયુ હતુ. અત્યાર સુધીમાં ૪૫૮ એમસીએફટી જથ્થો ઠલવાઈ ચુક્યો છે. જયારે ન્યારી-૧ ડેમમાં ૨ એપ્રિલથી નર્મદા નીરનું આગમન શરૂ થયુ હતુ. જે અત્યાર સુધીમાં ૨૧૫ એમસીએફટીની આવક થઈ ચુકી છે.

કોરોનાગ્રસ્ત મહિલાએ વીડિયો વાઈરલ કરી જણાવી સિવિલ હોસ્પીટલની નારી વાસ્તવિકતા

અમદાવાદ

કોરોના ડિટેક્ટ થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ નવાગામની યુવતીનો મંગળવારે વીડિયો વાઈરલ થયો હતો. વીડિયોમાં દેખાતી પીડિત યુવતીએ સિવિલ પ્રશાનનની સુવિધાને લઈ, 'અહીં કોઈ ધ્યાન આપતું નથી. મને અશક્તિ હોવા છતાં કોઈ બાથરૂમમાં જવા સુદ્ધાંની મદદ કરતું નથી. હાથ સાફ કરવા સેનિટાઈઝર પણ આપતા નહીં હોવાથી ગંદા હાથે જ ભોજન કરવું પડે છે', એવો આક્ષેપ કર્યો હતો.

નવાગામ, જય જલારામ નગરમાં રહેતી કોમલ કૃષ્ણા ઈન્દ્રે (ઉ.વ.૨૪) ને ગત તા. ૨૨મીએ કોરોના પોઝિટિવ આવતા સિવિલમાં દાખલ કરાઈ હતી. સિવિલના જી-૨ વોર્ડમાં દાખલ કોમલના નામથી મંગળવારના રોજ એક વીડિયો વાઈરલ થતાં ફરીવાર સિવિલ પ્રશાનનની ચાલી રહેલી લાલિયાવાડીની પોલ ખૂલી જવા પામી છે.

તેણીને કોરોના ડિટેક્ટ થયા બાદ આખા પરિવારને ક્વોરન્ટાઈન કરાયો હોય ઘરેથી મારી મદદ માટે કોઈ આવી શકતું નથી, એમ કોમલ વીડિયોમાં કરગરતી દેખાય છે. સિવિલ પ્રશાનનની સુવિધાને લઈ કોમલે અહીં કોઈ ધ્યાન આપતું નથી. મને અશક્તિ હોવા છતાં કોઈ બાથરૂમમાં જવા સુદ્ધાંની મદદ કરતું નથી. હાથ સાફ કરવા સેનિટાઈઝર પણ આપતા નહીં હોવાથી ગંદા હાથે ભોજન કરવું પડે છે, એવો આક્ષેપ કર્યો છે. કોમલે વધુમાં કહ્યું હતું કે, સોમવાર રાતથી ધ્રુજારી સાથે તાવ આવી રહ્યો છે. વારંવાર કહ્યાં પછી ડોકટર બોટલ ચઢાવી ચાલ્યાં ગયા હતા. મારી તબિયત વધારે બગડી રહી છે અને શરીર પણ ખૂબ દુઃખી રહ્યું છે. કમજોરી લાગવા સાથે ઉબકા આવે છે, ખૂબજ તકલીફ થઈ રહી હોવા છતાં કોઈ ધ્યાન આપી રહ્યું નથી.

પાટણમાંથી નશાની ૬૧૩૬૮ ટેબલેટ અને સિરપની ૮૪૦ બોટલ ઝડપાઈ

પાટણ

કોરોના કાળમાં લોકડાઉન વચ્ચે નશો કરવા માટે ઉપયોગમાં લેવાતી ટેબલેટ અને સિરપની બોટલોનો મોટો જથ્થો એનસીબી અને એફડીએ ની ટીમે સંયુક્ત ઓપરેશન કરી પાટણમાંથી જપ્ત કર્યો છે. લાઈસન્સ વગર જ કફ સિરપ અને ટેબલેટ્સનો જથ્થો બનાવતી ફેક્ટરી પર દરોડો પાડી ૬૧૩૬૮ ટેબલેટ્સ અને સિરપની ૮૪૦ બોટલ કબજે કરી છે. લોકડાઉનમાં નશાખોરીને નોકડાઉન કરતી કાર્યવાહીમાં એનસીબીની ટીમ હવે નશીલા દ્રવ્ય એવી દવાઓ ક્યાં લઈ જવાની હતી તેની તપાસ કરી રહી છે. પાટણના એક વ્યક્તિને ઝડપી લઈ આ ફેક્ટરી કેટલા સમયથી ચાલતી હતી તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

તા. ૨૬ના રોજ એનસીબીના ઝોનલ ડાયરેક્ટર એસ.કે. મિશ્રા, ટીમ અને એફડીએ ગુજરાતના પાટણ ખાતેની એક ફેક્ટરીમાં દરોડો પાડ્યો હતો. આ ફેક્ટરીમાં આમ તો કફસિરપ અને કફ ટેબલેટ તરીકે ખુલ્લા બજારમાં વેચાતી સાયકોટ્રોપિક ડ્રગ્સનો જથ્થો લાઈસન્સ વગર જ બનતો હોવાની બાતમી મળી હતી. બન્ને ટીમે સંયુક્ત ઓપરેશન કરી ૬૧૩૬૮ ટેબલેટ્સ અને કોડેન સિરપની ૮૪૦ બોટલ કબજે કરી છે.

એનસીબીએ જણાવ્યું કે, લાઈસન્સ વગર જ જે દવાનું ઉત્પાદન કરવામાં આવતું હતું તે ખુલ્લા બજારમાં ગેરકાયદે વેચાણ માટે હોવા અંગે તપાસ ચાલી રહી છે. સિરપની બોટલ ૧૨૦ રૂપિયાના ભાવે બજારમાં વેચાય છે. આ કફસિરપની એક બોટલ પિનારને નશાનો અનુભવ થાય છે. તો, ટેબલેટ્સ પણ તેની પ્રમાણિત કિંમત કરતાં અનેકગણા ભાવે વેચાતી હોવાની શંકા છે. એનડીપીએસ એક્ટનો ભંગ કરી લાઈસન્સ વગર દવાનું ઉત્પાદન કરવા બદલ ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલ અને બે લાખ સુધીના દંડની કાયદાકીય જોગવાઈ છે.લોકડાઉન ચાલી રહ્યું છે તેવા તબક્કે જ લાઈસન્સ વગર ચાલતી ફેકટરીમાં કફની નશીલી દવાનું ધમધોકાર ઉત્પાદન થઈ રહ્યું હતું. એવી શંકા છે કે, દવાની હેરાફેરી પર પ્રતિબંધ નથી તેનો ગેરલાભ લઈને ખુલ્લા બજારમાં ગેરકાયદે વેચાણ માટે દવાનો જથ્થો પહોંચતો કરવાનો હતો. પાટણના એક વ્યક્તિને ઝડપી લઈ અનેક સવાલોના જવાબ મેળવવા એનસીબીની ટીમ તપાસ કરી રહી છે.

આણંદ જિલ્લામાં ૮ લોકો સ્વસ્થ થતા તંત્રમાં હાશકારો

આણંદ

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોના સંક્રમિત દર્દીઓમાં સૌથી વધુ દર્દીઓ સાજા થઈને રજા લઈ ઘરે પરત ફર્યા હતા. જેના કારણે આ દર્દીઓના પરિવારજનોતેમજ તબીબોએ હર્ષની લાગણી અનુભવતાની સાથે હાલ સારવાર લઈ રહેલા દર્દીઓને સાજા કરવા માટે કટિબદ્ધ એવા સૌ તબીબોવધુ પ્રોત્સાહિત થઈને પોતાના ફરજ પર એકજૂથ થયા છે. તો બીજી તરફ ખંભાતમાંનવા ૧૨ કેસ એક સાથે સામે આવતા સ્થાનિકો ની ચિંતામાં વધારો થયો હતો.

વિગતે જોઈએ તો જિલ્લામાં ખંભાત તાલુકાના અલિંગ ચાર રસ્તા વિસ્તારના અનુક્રમે ૩૩ અને ૩૧ વર્ષીય પુરૂષ દર્દી તેમજ ૫ વર્ષની બાળકી અને અનુક્રમે ૩૭ અને ૩૧ વર્ષની સ્ત્રી દર્દી થઈને કુલ ૫ તેમજ દાતારવાડો વિસ્તારમાંથી ૪૪ વર્ષીય પુરૂષ દર્દી અને ૩૫ વર્ષની સ્ત્રી દર્દી થઈને કુલ ૨ અને આણંદના હાડગુડ વિસ્તારમાંથી ૪૫ વર્ષીય એક પુરૂષ દર્દી મળીને કુલ આઠ દર્દીઓ કોરોના સામેની લડતમાં કોરોનાને માત આપીને પોતાના ઘરે સ્વસ્થ થઈને પરત ફર્યા હતા.જિલ્લાના ખંભાત તાલુકાના કડિયા પોળ વિસ્તારમાંથી ૬૨ વર્ષીય સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવતા અત્યાર સુધીમાં કોરોના સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા ૬૫ થઈ જવા પામી હતી.

કોરોના ને હરાવવા અમુલે મેદાનમાં ઉતાર્યું હળદર, કેસર અને બદામ મિશ્રિત હલ્દી દૂધ

ગાંધીનગર

ગુજરાતની શાન અને આ દેશનું માન એવી અમૂલ ડેરી એશિયા ખંડની સૌથી મોટી ડેરી છે. કોરોનાને કારણે હાલ દેશમાં લોકડાઉન છે. પરંતુ આ લોકડાઉન વચ્ચે એક પણ દિવસ દૂધનો સપ્લાય રોકાયો નથી. કોઈ વહેલી સવારે ચા વગર રહ્યું નથી. ત્યારે હવે કોરોના સામેની લડાઈ માટે અમુલે નવી પ્રોડક્ટ શરૂ કરી છે. દૂધના શોખીન અને અમૂલના ગ્રાહકો માટે ખુશ ખબર આવી છે. અમુલ દ્વારા હળદર, કેસર અને બદામ મિશ્રિત હલ્દી દૂધ(હળદરવાળું દૂધ)નું વેચાણ થશે. ૨૦૦ મીલ્લીના રૂ.૩૦ ભાવે અમૂલ હલ્દી દૂધનું વેચાણ કરવામાં આવશે. આ અંગે અમૂલ ડેરી જણાવવામાં આવ્યું છે કે, રોજની ૨ લાખ પેક બનાવવાની ક્ષમતા છે. આદુ, તુલસી સહિતના મિશ્રિત પીણાંની શ્રેણી પણ લોન્ચ કરશે.

જીસીએમએમએફના મેનેજિંગ ડિરેક્ટર આર. એસ. સોઢીએ જણાવ્યું હતું કે, રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે હળદર જાણીતી છે. બીમારીમાં ખાસ કરીને હળદરવાળું દૂધ પીવાનો ઉલ્લેખ આયુર્વેદમાં પણ કરાયો છે. હળદરવાળું દૂધ ફક્ત ભારતમાં જ નહીં વિશ્વમાં પણ ટર્મરીક લટ્ટ તરીકે ઓળખાય છે. ઘરગથ્થુ સારવાર માટે પણ હળદરનું દૂધ જ વપરાય છે. હાલ કોરોના સામે માત્ર પોલીસ, તબીબો કે ઈમરજન્સી સેવાઓના કર્મચારીઓ જ નથી લડી રહ્યા. આ લોકડાઉનના સમયમાં દેશવાસીઓ જ્યારે ઘરમાં જ પુરાઈ રહ્યા છે ત્યારે તેમની સવારની ચા ન બગડે તેનું ધ્યાન આપણું ગુજરાત રાખી રહ્યું છે.

હા આપણું ગુજરાત. દેશબંધીમાં બધુ જ બંધ છે અને અનેક વસ્તુઓ ખોરવાઈ ગઈ છે ત્યારે ગુજરાતની અમૂલ ડેરી એક પણ દિવસ દૂધની સપ્લાય રોકી નથી. અમુલના કર્મચારીઓએ સતત ૨૪ કલાક કામ કરીને આ દેશને દૂધ પુરુ પાડ્યું છે. ઘણી અફવાઓ લોકડાઉન સમયે ઉડી કે દૂધ નહીં મળે. તેના કારણે લોકોએ પહેલા તો પડાપડી કરી દૂધનો સ્ટોક કરી લીધો હતો. પણ આજે બધુ જ સામાન્ય થઈ ગયું છે. અને ક્યારેય દૂધનો સપ્લાય રોકાવાનો નથી. અને ન તો અમૂલની અન્ય કોઈ પ્રોડક્ટનો સપ્લાય. આ પુષ્ટી ખુદ અમૂલના મેનેજિંગ ડાયરેક્ટરે કરી હતી. ત્યારે હવે લોકડાઉન દરમિયાન અમુલે નવી પ્રોડક્ટ શરૂ કરવાની જાહેરાત કરી છે.

લગ્ન કરી કેનેડા જનાર નવ યુગલને લોકડાઉને વડોદરામાં રહેવા કર્યું મજબુર

વડોદરા

સ્વદેશમાં ભારતીય વૈદિક પરંપરા, સંસ્કાર-સંસ્કૃતિ મુજબ ધામધૂમથી લગ્ન કરી તા.૨૮મી માર્ચના રોજ જીવનસંગિની સાથે પરત કેનેડા જનાર યુવાનને કોરોનાના લોકડાઉનને પગલે વડોદરામાં રહેવા મજબુર બનવું પડ્યું છે. હવે જ્યારે પરિસ્થિતી થાળે પડશે ત્યારબાદ કેનેડા જઈ શકશે. શહેરના માંજલપુરની સ્વામીબાગ સોસાયટીમાં રહેતા યોગેશભાઈ પટેલ અને સ્મિતાબેન પટેલનો પુત્ર મોનિષ ડિસેમ્બર ૨૦૧૨માં કેનેડા ગયો હતો. જ્યાં પી.આર.મેળવી બિઝનેસમાં સેટ થઈ દર વર્ષે માત-પિતા તેમજ ભાઈ-ભાભીને મળવા વડોદરા આવતો હતો.

આ વર્ષે તા.૭મી ફેબ્રુઆરીના રોજ મોનિષના લગ્ન જમશેદપુરના હિતેશભાઈ રાય અને દક્ષાબેન રાયની પુત્રી અમી સાથે વડોદરામાં ધામધૂમ પૂર્વક સંપન્ન થયા હતા. ત્યારબાદ નવયુગલ તા.૨૮મી માર્ચના રોજ અમદાવાદથી ટોરન્ટો જનાર હતું. પરંતુ એ પૂર્વે તા.૨૪મી માર્ચથી કોરોનાને લીધે લોકડાઉન કરાતા હવાઈ સેવાઓ પણ બંધ કરાતા નવયુગલને નાછૂટકે-નાઈલાજે વડોદરા રોકાવાની નોબત આવી છે. હવે પરિસ્થિતી થાળે પડયા બાદ રાબેતા મુજબ જનજીવન શરૂ થયા બાદ કેનેડા જઈ શકશે. વડોદરામાં પોતાના પિતાના શિવમ ફરાસખાનાના બિઝનેસ માટે પ્લાનિંગમાં વ્યસ્ત રહેવા સાથે પાંચ વર્ષના ભત્રીજા પ્રિન્સ સાથે સમય ગાળે છે. તદુપરાંત મોનિષ અને અમી માતા સ્મિતાબેન પાસે અવનવી ભાતિગળ રસોઈની રીત શિખી રહ્યા છે. મોટાભાઈ કેયુર તેમજ ભાભી ભૂમિકા સાથે ઓનલાઈન ગેઈમ્સ, કેરમ, બેડમિન્ટન, અંતાક્ષરી દ્વારા લોકડાઉનમાં ઘરે સોશિયલ ડિસ્ટન્ટ જાળવી સમય પસાર કરે છે. કેનેડા આર્થિક સધ્ધરતા માટે સારું છે. જયારે ભારતમાં સોશિયલ લાઈફ મહત્વ ધરાવે છે એવી વાત પણ મોનિષે દર્શાવી હતી.

ખેડા જિલ્લાના ૫ વિદ્યાર્થીઓ કોટાથી પોતાના વતન પરત ફર્યા

ખેડા

કોરોના વાઈરસની અસર વધતા દેશમાં લોકડાઉનને લંબાવવામાં આવ્યું છે. જેને લઈ અન્ય રાજ્યમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખૂબ જ તકલીફ પડતી હતી. જ્યાં હોસ્ટેલ/ગેસ્ટ હાઉસ કે, પછી પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હતાં ત્યાં રહેવાની ખૂબ જ તકલીફ, બજારો બંધ હોવાથી કાંઈ મળે નહિં, બીજું લોકડાઉનના કારણે પૈસાની પણ તંગી થઈ ગઈ હતી. તેથી તેઓએ ટેલીફોનના માધ્યમથી પોતાના કુટુંબીજનો અને વાલીઓને તેમની આપવીતી જણાવી હતી.

આ વાત જાણીને તેમના વાલીઓ દ્વારા સ્થાનિક પ્રશાસન અને ધારાસભ્યો તથા સાંસદો પાસે તેમના બાળકોને વતન પાછા લાવી આપવાની માંગણી પ્રબળ બનાવી હતી.

નાગરિકોની તકલીફ રાજ્ય સરકારના ધ્યાને આવતા રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસો મૂકી કોટામાં રહેતા ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને વતન પાછા લાવવાનો નિર્ણય કર્યો હતા. કોટા ખાતે વિદ્યાર્થીઓનું મેડિકલ સ્કેનીંગ કરી બસમાં ગુજરાત રવાના કરવામાં આવ્યા હતા.કપડવંજની અને કોટામાં રહી મેડિકલમાં પ્રવેશ માટેની પરીક્ષાની તૈયારી કરતી ભટ્ટ કુશાલી અતુલભાઈએ જણાવ્યું હતું કે, હું ધો-૧૨ પાસ કરી મેડિકલના અભ્યાસ માટેની તૈયારી કરવામા માટે કોટા ગઈ હતી. ત્યાં ૧૫મી માર્ચથી લોકડાઉન જાહેર થતા જેમ તેમ કરીને અમે પ્રથમ લોકડાઉનનો સમય પસાર કર્યો હતો,

પરંતુ લોકડાઉન લંબાતા અમારી તકલીફ વધી, અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત થતું ન હતું અને વતન યાદ આવતું હતું. ખાવા પીવાની પણ તકલીફ પડતી હતી. અમે અમારા વાલીઓનો સંપર્ક કરી અમોને વતન લઈ જવાની અપીલ કરી હતી.

અમદાવાદ માહિતી વિભાગના પાંચ કર્મીઓ કોરોના પોઝિટિવ

વધુ ચાર કર્મચારીઓ કોરોના વાયરસની ઝપેટમાં

અમદાવાદ

અમદાવાદમાં કોરોના કહેર વચ્ચે આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. કોરોના વાયરસે હવે ગુજરાતી મીડિયામાં પ્રવેશ કર્યા બાદ આજે અમદાવાદ માહિતી ખાતાના અધિકારીઓને પોતાની ઝપેટમાં લીધા છે. માહિતીખાતાના વધુ ૪ કર્મચારીનો આજે કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેના કારણે અફડાતફડીનો માહોલ બનેલો છે. આ ઘટના બાદ કોરોનાના કહેરથી સરકારી કર્મચારીઓમાં ફટાફટ વ્યાપી જવા પામી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ માહિતી ખાતાના આજે વધુ ચાર કર્મચારી સહિત કુલ પાંચ વ્યક્તિઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. આજે પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે તેમાં સિનિયર સબ એડિટર, કેમેરામેન, ટ્રાન્સલેટર અને ટ્રેનિંગ આવતા યુવકનો સમાવેશ થાય છે.

કોરોના મહામારીમાં એક પછી એક સરકારી કર્મચારીઓ સપડાઈ રહ્યા છે. અમદાવાદ માહિતી ખાતામાં ફરજ બજાવતા અને સિવિલ હોસ્પિટલમાં કોરોનાનું રીપોર્ટ'ગ કરતા અધિકારીનો મંગળવારે કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ આજે બીજા ૪ કર્મચારીના કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

અમદાવાદ માહિતી ખાતામાં અત્યાર સુધી કુલ ૫ અધિકારીને કોરોના પોઝિટિવ આવ્યો છે. સરકારી કર્મીઓને કોરોના થતાં સરકારી વિભાગમાં ફફડાટ વ્યાપ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ગઈકાલે જે ૧૯ દર્દીના મોત નોંધાયા છે એ તમામ મોત અમદાવાદમાં જ થયા છે. ૧૯ મોતમાંથી ૪ દર્દીના પ્રાથમિક રીતે કોરોનાથી જ્યારે ૧૫ દર્દીના અન્ય બીમારી, હાઈરિસ્ક અને કોરોનાને કારણે મોત થયા છે. તેમજ ૨૮ એપ્રિલે વધુ ૪૦ દર્દી સાજા થયા છે. કુલ ૩૭૭૪ દર્દીમાંથી ૩૪ વેન્ટીલેટર પર અને ૩૧૨૫ની હાલત સ્થિર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૬૧૦૧ના ટેસ્ટ કર્યા, ૩૭૭૪ પોઝિટિવ અને ૫૨૩૨૭ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

કોરોના સંકટ: રાજસ્થાનમાં ફસાયેલા ૪૭૦ ગુજરાતીઓ વતન પરત ફર્યા

બનાસકાંઠા

લોકડાઉન દરમિયાન અનેક ગુજરાતીઓ રાજસ્થાનમાં ફસાયા હતા. ત્યારે બે દિવસ અગાઉ ગુજરાત અને રાજસ્થાનના અધિકારીઓની બેઠક મળી હતી. બાદ આજે રાજસ્થાનમાં ફસાયેલા ૪૭૦ ગુજરાતીઓને નેનાવા બોર્ડરથી પરત વતન મોકલવામાં આવ્યા હતા. લોકડાઉનના કારણે અનેક ગુજરાતી લોકો અલગ અલગ રાજ્યોમાં ફસાયા છે, ત્યારે રાજસ્થાનમાં પણ ફસાયેલા લોકોને ગુજરાતમાં લાવવા માટે બે દિવસ અગાઉ અમીરગઢ બોર્ડર ખાતે બનાસકાંઠા અને શિરોહી જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી અને રાજસ્થાનમાં ફસાયેલા ૪૭૦ ગુજરાતી લોકોને બસો મારફતે નેનાવા બોર્ડર પર લાવવામાં આવ્યાં હતા.

જ્યાં બનાસકાંઠાની આરોગ્યની ટીમો દ્વારા સ્ક્રીનીંગ કરી તમામ ગુજરાતીઓની આરોગ્ય ચકાસણી કરાઈ હતી. તે બાદ તમામને નાસ્તો કરાવી ,માસ્ક આપી સોશિયલ ડિસ્ટન્સ સાથે બસો મારફતે તેમના વતન રવાના કરાયા હતા.રાજસ્થાનથી રિસીવ કરાયેલા તમામ લોકોને પોતાના ઘર સુધી પહોંચાડવા માટે ગુજરાત એસ.ટી.ને જવાબદારી સોપાઈ હતી. ડીસા ડેપોની ૧૭ બસોમાં લોકડાઉનમાં ફસાયેલા લોકોને તેમના ઘરે મોકલવા રવાના કરાઈ હતી. જો કે, રાજસ્થાનમાં પણ સરકારે પરપ્રાંતીય લોકો માટે સારી વ્યવસ્થા કરી હોવાનું લોકોએ જણાવ્યું હતું. એક મહિનાથી રાજસ્થાનમાં ફસાયેલા લોકો પોતાના વતન પરત ફરતા તેમના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાનમાં વિરમગામ ખાતે સેમ્પલ લેવામાં આવ્યા



દરેક સેમ્પલ લીધા પહેલા અને પછી કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાન સેનીટાઈઝ કરવામાં આવી

(વંદના નીલકંઠ વાસુકિયા)
વિરમગામ

તાજેતરમાં જ અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી અરુણ મહેશ બાબુએ કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાનનો પ્રારંભ કરાવ્યો હતો. જે અંતર્ગત કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાન બુધવારે સામુહિક આરોગ્ય કેન્દ્ર વિરમગામ ખાતે આવી હતી. કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાનમાં ૧૩ વ્યક્તિઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. વિરમગામ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. સતિષ મકવાણા, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, જિલ્લા ક્વોલીટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો.સ્વામિ કાપડીયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ કોવિડ-૧૯ મોબાઈલ ટેસ્ટીંગ વાનમાં શંકાસ્પદ વ્યક્તિઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. દરેક સેમ્પલ લીધા પહેલા અને પછી વાન સેનીટાઈઝ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનિય છે કે, ફાસ્ટ ટેસ્ટીંગ, આઈસોલેશન સુવિધા અને ઝડપી ટેસ્ટીંગના પગલે ઝડપી સારવાર એમ ત્રિવિધ સુવિધાઓ સાથે આ ટેસ્ટીંગ વાન અમદાવાદ જિલ્લાની કોરોના સામેની લડાઈ માટે આગવું હથિયાર પુરવાર થશે. અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. જો કે આ રોગનું સંક્રમણ વધતુ અટકાવવા અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા સર્વગ્રાહી પગલા લેવાય જ છે. પરંતુ આ રોગ અમદાવાદ જિલ્લામાં ફેલાય નહી તે માટે જિલ્લા તંત્ર દ્વારા પણ વિશેષ તકેદારી રાખીને સઘન આરોગ્ય વિષયક કામગીરી ઉપરાંત રક્ષાત્મક પગલા લેવાય છે. તેના ભાગ રૂપે આ ટેસ્ટીંગ વાનનો પ્રારંભ કરાયો છે. સમગ્ર રાજ્યમાં આ પ્રકારની સુવિધા સર્વ પ્રથમ અમદાવાદ જિલ્લાને પ્રાપ્ત થઈ છે. આરોગ્ય કર્મીઓની સલામતીને ધ્યાને લઈને આ કર્મીઓ સલામત અંતર રાખીને કોઈ પણ દર્દીનું સેમ્પલ લઈ શકશે તેવી સુવિધા છે.

ચાઈનાથી આવેલા રેપીડ કીટથી ટેસ્ટિંગ વિવાદ

મોટાભાગનાં કોરોના ટેસ્ટ નેગેટિવ આવતાં ગુજરાતમાં કીટ વાપરવાનું કરાયું બંધ

ગાંધીનગર

ગુજરાતમાં ચાઈનાથી આવેલા રેપીડ કીટથી ટેસ્ટિંગ વિવાદ બાદ આખરે બંધ કરાયા છે. આ કીટથી ટેસ્ટ કરાયા બાદ તેમાં ઝોલ હોવાનું સામે આવતા આખરે કેન્દ્ર સરકારે તેના ઉપયોગ પર રોક લગાવી હતી. ચાઈનાથી મંગાવવામાં આવેલ કીટનો ઉપયોગ બંધ કરાયો છે. લાંબી મથામણ બાદ ગુજરાતે રેપીડ કીટથી ટેસ્ટિંગ બંધ કર્યા છે. ૮૯૦૦ ટેસ્ટિંગ કર્યા બાદ રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ બંધ કરાયો છે. મોટાભાગના દર્દીઓના ટેસ્ટ નેગેટિવ આવતા હતા. અનિર્ણાયક પરિણામો બાદ ટેસ્ટિંગ બંધ કરવા કેન્દ્ર સરકારનો નિર્ણયને કારણે ગુજરાતમાં પણ આ નિર્ણય લેવાયો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં રેપીડ કીટથી ટેસ્ટ કરાયા છે. રેપીડ કીટથી થયેલા ટેસ્ટિંગથી સરકાર અને આરોગ્ય વિભાગ દ્વિધામાં હતો. અનેક જિલ્લાઓને રેપીડ કીટથી ટેસ્ટ બાદ કોરોના ફ્રી જાહેર કરાયા હતા.

મહામારીના સંકટમાં પણ ચીન તેની લુચ્ચાઈ છોડતું નથી. પહેલા પીપીઈ કીટ અને ત્યારબાદ રેપિડ ટેસ્ટ કીટમાં ખામી સામે આવ્યા પછી ભારતે તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. ભારતની ટોચની એક તબીબી સંસ્થા આઈસીએમઆર દ્વારા તે ટેસ્ટ કીટની તપાસ કરી રહી છે અને ગુણવત્તાની પુષ્ટિ થયા પછી જ તેનો ઉપયોગ કરવામાં આવશે. ભારત તરફથી ફરિયાદ નોંધાવવા પર ચીને નફ્ફટાઈ બતાવતાં કહ્યું હતું કે ખરીદી કરતા પહેલા કંપનીની તપાસ કરી લેવી જોઈએ. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે અમે આ મામલે ભારતને મદદ કરીશું, પરંતુ તે કંપનીઓ પાસેથી જ માલ ખરીદો, જેમને અમારી સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવી છે.

છોટાઉદેપુરમાં બોડેલીના વધુ બે સજા થતા હોસ્પિટલમાંથી અપાઈ રજા

છોટાઉદેપુર

જિલ્લામાં કુલ ૧૪ લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જેમાંથી મંગળવારે બોડેલીના યુગલ અહેમદ ખત્રી અને હનાન ખત્રીએ કોરોનાને માત આપી છે. બોડેલીના યુવાન મોહસીન ખત્રી સંક્રમિત થતા તેના ભાઈ અને ભાભી સંક્રમિત થયા હતા. જેમાં મોહસીનને પાંચ દિવસ પહેલા છોટાઉદેપુરની જનરલ હોસ્પિટલમાં કોવિડ-૧૯ કેર ખાતેથી રજા અપાઈ હતી. ત્યારબાદ મંગળવારે સવારે તેના ભાઈ અને ભાભીને રજા અપાઈ છે. ડોક્ટરો અને કોરોના યોદ્ધાઓએ તાળીઓ વગાડીને તેમને વિદાય આપી હતી.

તેમજ બોડેલી ખાતે બપોરે ઘરે પહોંચ્યા ત્યારે લોકો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ૭૬ વ્યક્તિઓના સેમ્પલ લેવાયા હતા. જે તમામના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. છોટાઉદેપુર જિલ્લામાં હવે ૦૯ દર્દીઓ સારવાર હેઠળ છે. ૦૫ દર્દીઓ સાજા થતા રજા આપાઈ છે. આ માહિતી જિલ્લા કલેકટર સુજલકુમાર મયાત્રા દ્વારા અપાઈ છે.

અમદાવાદ લૉકડાઉનથી હવા શુદ્ધ બનતા બ્રિજ પરથી દેખાયો પીરાણાનો કચરાનો ઢગલો

અમદાવાદ

લૉકડાઉનને કારણે ઝેર ઓકતી ફેક્ટરીઓ અને પ્રદૂષણ ફેલાવતા વાહનો બંધ છે. તેનાથી એર ક્વોલિટી ઈન્ડેક્સમાં સુધારો થયો છે અને હવા શુદ્ધ બની છે. ફક્ત અમદાવાદ શહેરમાં જ નહીં પરંતુ દેશભરમાં હવા શુદ્ધ બની છે. સાથે જ પ્રકૃતિ ખીલી ઉઠી છે. શહેરની હવા શુદ્ધ બનતા અમદાવાદનો વિવાદિત પહાડ દૂરદૂરથી દેખાઈ રહ્યો છે. આ કોઈ કુદરતી પહાડ નહીં પરંતુ પીરાણાનો કચરાનો ઢગલો છે. સામાન્ય દિવસોમાં પીરાણા વિસ્તારની હવા પ્રદૂષિત હોય છે. પરંતુ હવા શુદ્ધ બનતા અમદાવાદના એલિસબ્રિજ પરથી પણ આ કચરાના ઢગલાને જોઈ શકતો હતો.

ફક્ત હવા શુદ્ધ નથી બની પરંતુ તેની સાથે સાથે જળ પણ શુદ્ધ થયું છે. સામાન્ય દિવસોમાં પ્રદૂષણના કારણે હવા પ્રદૂષિત થાય છે, સાથે સાથે કેમિકલયુક્ત પાણી છોડીને નદીને પણ પ્રદૂષિત કરવામાં આવે છે. છેલ્લા એક મહિનાથી ફેક્ટરીઓ પણ બંધ છે. જેના કારણે સાબરમતી નદીનું પાણી પણ શુદ્ધ થયું છે. અમદાવાદ શહેરમાંથી વહેતી સાબરમતી નદીમાં લૉકડાઉન પહેલા ખૂબ જ કચરો અને લીલ જોવા મળતી હતી. લોકો સાબરમતી નદીમાં પૂજાની સામગ્રી પણ પધરાવતા હતા, જેનાથી નદીમાં ગંદકી થતી હતી.

નદીને શુદ્ધ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પાણીમાંથી કચરો કાઢવા માટે ખાસ મશીન મૂકવામાં આવ્યું હતું પરંતુ લૉકડાઉનને પગલે નદી એમ જ શુદ્ધ બની ગઈ છે. બીજી તરફ અમદાવાદ શહેરના અતિ વ્યસ્ત રિવરફ્રન્ટ છેલ્લા એક મહિનાથી સુમસામ બન્યો છે. જોકે, રિવરફ્રન્ટની રોનકમાં વધારો થયો છે. રોડ વચ્ચે વાવેલા રંગબેરંગી ફૂલો ખીલી ઉઠ્યા છે. સફેદ, ગુલાબી ફૂલો સાથે લીલા પાનનો અદભૂત નજારો જોવા મળી રહ્યો છે.

અમદાવાદ મ્યુનિ.નાં ૪૮ વોર્ડ પૈકી છ વોર્ડને રેડ ઝોન અને ૪૨ ઝોનને ઓરેન્જ ઝોન જાહેર

અમદાવાદ

શહેરનાં તમામ વિસ્તારોમાં ઓછાવત્તા પ્રમાણમાં ફેલાઈ ચૂકેલાં કોરોના વાયરસના કારણે એક પણ વોર્ડને ગ્રીન ઝોન જાહેર કરાયો નથી. મ્યુનિ.નાં ૪૮ વોર્ડ પૈકી છ વોર્ડને રેડ ઝોન અને બાકીનાં ૪૨ ઝોનને ઓરેન્જ ઝોન જાહેર કરાયાં છે.લોકડાઉન ખોલવાની ત્રીજી તારીખ નજીક આવતી જઈ રહી છે ત્યારે શહેરનાં કયા કયા વિસ્તારો નાગરિકો માટે જોખમી છે અને કયા ઓછા જોખમી છે તે જાહેર કરવુ અને તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં સરળતા રહે તે માટે મ્યુનિ.કમિશનર વિજય નેહરાએ તમામ ૪૮ વોર્ડમાં કોરોના કેસની સમીક્ષા બાદ રેડ ઝોન અને ઓરેન્જ ઝોનમાં વિભાજીત કરાવ્યા છે.

જોકે શહેરનાં તમામ વોર્ડનાં જુદા જુદા વિસ્તારોમાં કોરોનાનાં એકથી વધુ કેસ નોંધાઈ ચૂકયા હોવાથી એક પણ વોર્ડને ગ્રીન ઝોન જાહેર કરાયો નથી. બીજી બાજુ કોરોના રોગચાળો અને લોકડાઉનથી પરેશાની વેઠી રહેલાં શહેરીજનો દરરોજ જુદા જુદા વિસ્તારોમાં કોરોનાનાં કેસોનાં સમાચાર જાણીને પોતાનાં વિસ્તારમાં શું સ્થિતિ છે અને લોકડાઉન ખુલશે કે કેમ અને ખુલશે તો કેવુ વાતાવરણ રહેશે, ધંધા-રોજગાર શરૂ થશે કે કેમ તે જાણવા આતુર બન્યા છે ત્યારે મ્યુનિ. દ્વારા ઉપરથી મળેલી સૂચના મુજબ રોગચાળાની ગંભીરતા દર્શાવતાં રેડ અને ઓરેન્જ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં દક્ષિણ ઝોનનાં દાણીલીમડા અને બહેરામપુરા તથા મધ્ય ઝોનનાં શાહપુર, દરિયાપુર, ખાડિયા તથા જમાલપુર વોર્ડ એમ છ વોર્ડને રેડ ઝોનમાં મુકવામાં આવ્યા છે. આ તમામ વિસ્તારોમાં કોરોનાનાં પોઝિટિવ કેસ મળવાનુ પ્રમાણ સૌથી વધુ અને મરણાંક પણ સૌથી વધુ નોંધાયો છે. જયારે બાકીનાં તમામ ઝોનનાં ૪૨ વોર્ડને ઓરેન્જ ઝોનમાં મુકવામાં આવ્યા છે. મ્યુનિ. હેલ્થ ખાતાનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, આ રીતે શહેરનાં ૪૮ વોર્ડને રેડ અને ઓરેન્જ ઝોનમાં વિભાજીત કરવાથી નાગરિકોને કેવા સાવચેતીનાં પગલા સાથે કયાં જવુ તેની સમજ પડશે. તેમજ રેડ ઝોનમાં પણ કેવી છુટછાટ આપવી તે નક્કી કરી શકાશે.

લોકડાઉન કે સાથ ભી ઔર બાદ ભી શાકભાજીની લારીઓ પર સામાજિક અંતર જરૂરી

શહેરમાં ૧મેથી દુકાનદાર, સુપરમાર્કેટમાં માસ્ક ફરજિયાત, ફેરિયાઓને મફત મળશે માસ્ક-સેનિટાઈઝર: AMC

અમદાવાદ

રાજ્યમાં કોરોના વાયરસને લઈને કોહરામ મચેલો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો કુલ કુલ ૧૯ દર્દીના મોત નોંધાયા છે એ તમામ મોત અમદાવાદમાં જ થયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૬૧૦૧ના ટેસ્ટ કર્યા, ૩૭૭૪ પોઝિટિવ અને ૫૨૩૨૭ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આજે કોરોના વાયરસને લઈને શહેરના લોકો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં માહિતી આપી હતી. કમિશનર નહેરાએ જણાવ્યું કે, અમદાવાદમાં છેલ્લા ૧૦ દિવસમાં ૭૭૯૩ સુપરસ્પ્રેડરનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. શહેરના ૪૮ વોર્ડમાં ૧૧૫ સુપર સ્પ્રેડરને કોરોના પોઝિટિવ આવ્યા છે. હાલ હોટસ્પોટ એરિયામાં કોરોનાનું સંક્રમણ અને મૃત્યુદર ઓછો કરવા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા માટે ૩.૫૦ લાખ કોટન માસ્ક તૈયાર કરવામાં આવ્યા છે.

આ તમામ માસ્ક શાકભાજીના ફેરિયાઓને મફત માસ્કનું વિતરણ કરવામાં આવશે. એટલું જ નહીં. ફેરિયાઓને ફ્રીમાં સેનેટાઈઝર પણ આપવામાં આવશે. પરંતુ લોકડાઉનના સમયમાં અને લોકડાઉન બાદ શાકભાજીની લારીઓ પર સામાજિક અંતર જરૂરી છે. વિજય નહેરાએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં લોકડાઉન ખુલે ત્યારે તમામ લોકો માસ્ક ફરજિયાત પહેરી રાખવા અનુરોધ કર્યો હતો. એક મેથી દુકાનદાર, ફેરિયા અને સુપરમાર્કેટમાં માસ્ક ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. દુકાનદાર, ફેરિયાઓ માસ્ક નહીં પહેરે તો તેમને કડકમાં કડક દંડ વસૂલવામાં આવશે. સામાન્ય નાગરિક કરતા દુકાનદાર પાસેથી ૫ ગણો દંડ વસૂલવા માટે વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં જણાવ્યું હતું. તેમજ શાકભાજી વેચનારાઓને ફ્રીમાં માસ્ક અને હેન્ડ સેનેટાઈઝર આપવાની શરૂઆત કરી છે. તેમજ ૧ મેથી માસ્ક ન પહેરનારા કરિયાણા અને દૂધની ડેરી જેવા દુકાનદારોને રૂ. ૫૦૦૦, ફેરિયાઓને રૂ.૨૦૦૦ અને સુપર માર્કેટ્સને રૂ. ૫૦ હજારનો દંડ ફટકારવામાં આવશે.

વિજય નહેરાએ દંડની વિગતો આપતા જણાવ્યું હતું કે, જો માસ્ક વગર કોઈ ઝડપાશે તો સુપર માર્કેટમાં ૫૦ હજાર સુધીનો દંડ કરવામાં આવશે. માસ્ક વગરના ફેરિયાઓનું લાયસન્સ ૩ મહિના માટે રદ પણ કરવામાં આવશે. એટલે ૧મેથી સંપૂર્ણપણે માસ્કનો ફરજિયાત પણે પાલન થવું જોઈએ. વિજય નહેરાએ છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગઈકાલે અમદાવાદમાં ૧૬૪ કેસ નોંધાયા હતા અને ૧૯ લોકોના મોત નિપજ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં આગળના દિવસની સરખામણીએ આંકડો ઘટ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, સિવિલમાં ૬૦૮, ઉંઝામાં ૧૫ લોકો સારવાર હેઠળ છે. મધ્ય ઝોનમાં ૯૪૧, દક્ષિણ ઝોનમાં ૫૫૮ કેસ, ઉત્તર ઝોનમાં ૧૯૫, પૂર્વ ઝોનમાં ૧૪૯ કેસ નોંધાયા છે. અમદાવાદમાં દર ૧૦ લાખની વસ્તીએ ૪૧૦૦ ટેસ્ટિંગ થઈ રહ્યા હોવાની પણ વાત કરી હતી.

જામનગરમાં પતિનું ગીત ગાવું પત્નીને પસંદ ન પડતા કર્યો આપઘાત

જામનગર

હાલ કોરોનાના કારણે લોકડાઉન ચાલી રહ્યું છે અને ઘરમાં દરેક જણ પોતાનો સમય પસાર કરવા માટે કઈકને કઈક મનગમતી કામગીરી કરતા હોય છે. આવામાં હચમચાવી નાખે તેવા સમાચાર આવ્યાં છે. જામનગરમાં એક પત્નીને પતિનું ગીત ગાવું પસંદ ન આવતા આત્મહત્યા કરી લીધી છે. મળતી માહિતી મુજબ જામનગરના રણજીતસાગર રોડ પાસે આવેલા એપાર્ટમેન્ટમાં આ ઘટના ઘટી. નેપાળી દંપત્તિમાંના પતિને મોબાઈલ પર પોતાના ગામના લોકોનું ગ્રુપ બનાવીને ગીતો ગાવાનું ગમતું હતું જે પત્નીને ગમતું નહતું. નેપાળી ગુરખાની પત્નીએ પતિની આ ગીત ગાવાની વાત પસંદ ન આવતા ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો.

વિરમગામ શહેરમાં કોવિડ-૧૯ અટકાયતી પગલાના ભાગરૂપે ફોગર મશીન દ્વારા સેનીટાઈઝેશન કરાયુ



અમદાવાદ જીલ્લા પંચાયત મેલેરીયા શાખા, તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ, નગરપાલીકા, પોલીસ સહિતના વહીવટી તંત્ર સેનીટાઈઝેશન કામાગીરીમાં જોડાયા

(વંદના નીલકંઠ વાસુકિયા)
વિરમગામ

હાલની કોરોના વાયરસની પરિસ્થીતીને ધ્યાનમાં રાખીને કલેક્ટર અમદાવાદ અને જીલ્લા વિકાસ અધિકારી અમદાવાદની સુચના મુજબ અમદાવાદ જીલ્લાના વિવિધ ગામમાં કોવિડ-૧૯ અટકાયતી પગલાના ભાગરૂપે સેનીટાઈઝેશન કામગીરી કરવામાં આવી રહી છે જે અંતર્ગત બુધવારે વિરમગામ શહેરમાં સેનીટાઈઝેશન કામાગીરી કરવામાં આવી હતી. અમદાવાદ જીલ્લા પંચાયત મેલેરીયા શાખા, તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ, નગરપાલીકા, પોલીસ સહિતના વહીવટી તંત્ર સેનીટાઈઝેશન કામાગીરીમાં જોડાયા હતા. વિરમગામ શહેરના મુખ્ય માર્ગો પર ઈન્સીડન્ટ કમાન્ડર અને વિરમગામ પ્રાન્ત સુરભી ગૌતમ, અમદાવાદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતિષ મકવાણા, જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાના માર્ગદર્શન મુજબ ૩ વાહનમાંથી ફોગર મશીન દ્વારા સેનીટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા લોકોને નોવેલ કોરોના વાયરસથી બચવાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા.

અમદાવાદ જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે, હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીંક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ. અમદાવાદ જીલ્લા પંચાયત મેલેરીયા શાખા દ્વારા વિરમગામ સહિત સમગ્ર અમદાવાદ જીલ્લામાં સેનીટાઈઝેશન કામાગીરી હાથ ધરવામાં આવી છે.

ભાવનગરમાં ૪ વર્ષની બાળાએ કોરોનાને હરાવ્યો, અપાઈ રજા

ભાવનગર

ભાવનગરના ઘોઘા વિસ્તારમાં રહેતી ૪ વર્ષની બાળા ફરીદા બિનીયામીન શેખને ૧૧ એપ્રિલના રોજ પોઝિટિવ રીપોર્ટ આવ્યો હતો. આથી તેને આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ રાખવામાં આવી હતી.તબીબોની સઘન સારવાર બાદ તેના બે સેમ્પલ લઈને પરીક્ષણ કરવામાં આવતા બંને રિપોર્ટ નેગેટિવ આવતા તેને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે.

ચાર વર્ષની ફરીદા શેખની હિસ્ટ્રી એવી છે કે તેના પિતા બિનીયામીન શેખ તેમના પત્ની અને ફરીદાને બાઈક પર બેસાડી ઘોઘા અને ભાવનગર સાંઢીયાવાડ વચ્ચે આવન જાવન કરતાં હતાં. સાંઢીયાવાડ વિસ્તાર કે જે હોટસ્પોટ વિસ્તાર તરીખે જાહેર થયેલો છે. બિનીયામીન ભાઈ ઈસ્માઈલભાઈ શેખનો રિપોર્ટ પણ ૨૨ એપ્રિલના રોજ પોઝિટિવ આવ્યો હોય હાલમાં આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. ફરીદાને રજા આપવામાં આવી ત્યારે હોસ્પિટલ સ્ટાફના તાળીઓના ગડગડાટ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

અમદાવાદ સહિત ગુજરાતમાં હવે કાળઝાળ ગરમીના પ્રમાણમાં સતત વધારો

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતમાં હવે કાળઝાળ ગરમીના પ્રમાણમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે અમદાવાદ ૪૧.૮ ડિગ્રી સાથે ગુજરાતનું 'હોટેસ્ટ સિટી' બની રહ્યું હતું. હવામાન વિભાગે જણાવ્યું છે કે, ગુજરાતમાં હાલ પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ દિશાનો પવન છે. આગામી ૨-૩ દિવસ દરમિયાન ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાનમાં ૩ ડિગ્રી સુધી તાપમાનમાં વધારો થઈ શકે છે.

અમદાવાદમાં આજે ૪૧.૮ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાનમાં ૦.૫ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. આગામી ૩ દિવસ દરમિયાન અમદાવાદમાં ૪૩ ડિગ્રીની આસપાસ તાપમાન રહેશે. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના મતે અમદાવાદમાં ગુરુવારે ૪૪ ડિગ્રી સુધી તાપમાન જઈ શકે છે. આ પછી ૫ મે બાદ તાપમાન ૪૪ ડિગ્રી ની આસપાસ રહેતા કાળઝાળ ગરમીનો અનુભવ થશે. આજે અમદાવાદ ઉપરાંત ડીસા, ગાંધીનગર, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ભૂજમાં પણ ૪૧ ડિગ્રીથી વધારે ગરમી નોંધાઈ હતી.

ગીરસોમનાથમાં સિંહ બળદને ગળાના ભાગે દબોચી કર્યું મારણ

ગીરસોમનાથ

ગીરમાં રસ્તા પર રઝળતા એક બળદનો સિંહે શિકાર કર્યો હતો. આ શિકારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. જેમાં સિંહ બળદને ગળાના ભાગેથી દબોચે છે અને જંગલ વિસ્તાર તરફ ઢસડી લઈ જાય છે. બાદમાં બળદનું મારણ કરે છે. આ દ્રશ્યો લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. લોકોએ હાકલા પડકારા કર્યા છતાં સિંહે બળદને છોડ્યો નહોતો. જો કે આ વીડિયો ગીર બોર્ડર નજીકનો હોવાનું અનુમાન છે.

અમદાવાદમાં લોકડાઉનના ભંગ બદલ ૨૦ મહિલાઓ સહીત ૭૭ લોકોની ધરપકડ

અમદાવાદ

અમદાવાદમાં લોકડાઉન દરમિયાન ખોટા બહાના બતાવી ઘરની બહાર નીકળતા લોકો સામે પોલીસે તવાઈ બોલાવી છે. શહેરના કૃષ્ણનગર, સરદારનગર, શાહીબાગ અને મેઘાણીનગર વિસ્તારમાં પોલીસે લોકડાઉનનો ભંગ કરતા ૭૭ લોકોની ધરપકડ કરી છે. ધરપકડ કરવામાં આવેલ વ્યક્તિઓમાં ૨૦ મહિલાઓ પણ સામેલ છે.

કોરોના વાઈરસને પગલે લોકડાઉન દરમિયાન પોલીસે વિવિધ વિસ્તારમાંથી ૭૪૨ વાહનો કબજે કરીને ૧.૧૫ લાખનો દંડ વસુલ્યો હતો. જ્યારે જાહેરનામા ભંગ બદલ અત્યારસુધીમાં ૧૫ હજારથી વધુની ધરપકડ કરવામાં આવી છે.કોરોના વાઈરસને પગલે લોકડાઉન હોવાછતા લોકો વાહનો લઈને ઘરની બહાર નીકળી પડે છે. જેમાં ૨૭ એપ્રિલના રોજ પોલીસે વિવિધ વિસ્તારોમાંથી ૭૪૨ વાહનો કબજે કર્યા હતા અને રૂ.૧,૧૫,૫૦૦ નો દંડ વસુલ્યો હતો. તે સિવાય અત્યારસુધીમાં જાહેરનામાનો ભંગ કરવાના ૭૭૯૮ ગુના નોંધીને કુલ ૧૫૨૨૪ જણાની ધરપકડ કરી હતી. તે સિવાય ૨૮ ડ્રોનની મદદથી અલગ અલગ ઠેકાણે અત્યારસુધીમાં ૫૮૧ ગુના નોંધીને ૧૫૪૧ જણાની ધરપકડ કરી હતી.

ઉપરાંત ચાંદખેડામાં ડ્રોનની મદદથી બે અલગ અલગ બનાવમાં છ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. દાણીલીમડામાં ચિકનની દુકાન ખુલ્લી રાખીને સોશિયલ ડિસ્ટન્સ ન જાળવતા ગુનો નોંધાયો હતો. એલિસબ્રિજમાં પ્રોવિઝન સ્ટોર ખુલ્લો રાખી સોશિયલ ડિસ્ટન્સ ન જાળવી જાહેરનામનો ભંગ કરતા ગુનો નોંધાયો હતો. ઘાટલોડીયામાં ૭ જણાની જુગાર રમતા ધરપકડ કરીને તેમની પાસેથી રૂ.૩૧૧૦ રોકડા કબજે કરવામાં આવ્યા હતા.અત્યારસુધીમાં પોલીસના કુલ ૯૭ કોરોના પોઢિટિવ કેસ નોંધાયા છે. જેમાં ૩૬ પોલીસતથા ૬૧ અન્ય ફોર્સના જવાનોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૩ પોલીસ અધિકારી કર્મચારી સાજા થતા તેમને રજા આપવામાં આવી હતી.

મોટા ભાઈના મગજમાં કોરોના સવાર થતા ભાઈ અને વહુને ત્રાસ અપાયો

૧૮૧ અભયમ દ્વારા દરમિયાનગીરી કરતાં વિધુર જેઠની સાન ઠેકાણે આવી

સુરત

લોકડાઉનમાં વંચિતોની વ્હારે આવીને અનેક લોકો, સેવાભાવી સંસ્થાઓ નિઃસ્વાર્થભાવે જનસેવા કરી રહ્યા છે, ત્યારે ક્યારેક સેવા કરવાંમાં પણ વણનોતર્યા ઝઘડાઓ ઊભા થતાં હોય છે, આવા સંજોગોમાં સેવા કરનારને 'ધરમ કરતાં ધાડ પડી' હોવાનો અનુભવ થાય છે.

વાત એમ છે કે, સુરતના અશ્વિનીકુમાર વિસ્તારમાંથી પુષ્પાબેન (નામ બદલ્યું છે) એ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર કોલ કરી જેઠ દ્વારા થતી પજવણીમાંથી મુક્તિ અપાવવા ફરિયાદ કરતા અભયમ રેસ્ક્યુ ટીમ કતારગામ પાસે અશ્વિનીકુમાર વિસ્તારમાં રહેતાં મહિલાના ઘરે પહોંચી હતી, જ્યાં સમગ્ર મામલાને સુઝબુઝ અને સમજાવટથી શાંત પાડવામાં સફળતા મળી હતી.

સ્થળ પર પહોંચેલી અભયમ ટીમે ફરિયાદ કરનાર મહિલા સાથે વાત કરતાં જાણવા મળ્યું કે, પુષ્પાબેનના પતિ ડાયમંડની કંપનીમાં નોકરી કરે છે. જ્યારે પતિના મોટા ભાઈ એટલે કે પુષ્પાબેનના વિધુર જેઠ શંકરભાઈ અલગ અને એકલાં રહે છે, અને એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. તેઓ લોકડાઉન પહેલાં બહાર લોજમાં જમતા હતા, પરંતુ હાલ કોરોના વાઈરસના કારણે દેશભરમાં લોકડાઉનના કારણે ધંધારોજગાર બંધ છે, ત્યારે પુષ્પાબેનના જેઠ શંકરભાઈની ફેક્ટરી અને લોજ બંધ હોવાથી બહાર જમવાની સમસ્યા હતી. જેથી પુષ્પાબેન અને તેમના પતિએ શંકરભાઈને પોતાના ઘરે આશ્રય આપી તેમની જમવા અને રહેવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ જેઠનો સ્વભાવ શંકાશીલ અને ચીડિયો હોવાથી વાતવાતમાં પતિ પત્નીને ટોકતા હતાં. ઉપરાંત, કોરોનાનો ભય તેમના મગજ પર સવાર થઈ ગયો હોય એવું વર્તન કરતાં. પુષ્પાબેન દૂધ કે શાકભાજી લેવા માટે બહાર નીકળે તો પણ રોકટોક કરતા હતા, અને જમવામાં રોજ શાકભાજીની જગ્યાએ કઠોળ બનાવવાનું કહેતાં. શાકભાજી ખાવાથી કોરોનો થઈ જશે એમ કહી બંને ટાઈમ ફક્ત કઠોળ ખાવાની ફરજ પાડતા હતા. દૂધ ખરીદવાના બદલે દૂધ વગરની ચા પીવા માટે દબાણ કરતાં. પુષ્પાબેન જેઠની વધુ પડતી દખલગીરીથી દલીલ કરતાં 'તમને શું ખબર પડે?' એમ કહી તેમને ઉતારી પાડતા. આમ, નાની વાતમાંથી વાતાવરણ ઉગ્ર થઈ જતું.

ગત રોજ આવી જ બાબતને લઈને શંકરભાઈએ પતિ પત્ની સાથે બોલાચાલી અને હાથમાં આવી તે વસ્તુઓનો છૂટ્ટો ઘા કરી મારામારી કરી હતી. ઘરનો સામાન પણ વેર વિખેર કરી નાંખ્યો હતો. અને 'કોરોના થઈ જશે તમને બધાને, હું કહું તેવું જ ઘરમાં કરો' એવો દુરાગ્રહ રાખતા આખરે પુષ્પાબેને જેઠથી તંગ આવી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને કોલ કરી પોતાની વ્યથા જણાવી હતી.

અભયમ ટીમે જેઠને શાંતિથી સમજાવ્યા કે, કોરોનાની મહામારીમાં ઘરમાં જ રહેવા સાથે કેટલીક સાવચેતી જરૂર રાખવાની છે, પરંતુ શાકભાજી અને દૂધ લેવાથી કોરોનો થઈ જ જશે એવો ભય રાખવાની જરૂર નથી. લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં પુષ્પાબેન અને તમારા નાના ભાઈ તમારી સારસંભાળ રાખે છે, તમને સમયસર જમવાનું આપે છે, જે એમની ભલમનસાઈ દર્શાવે છે. તમને ભાઈ અને તેમની પત્નીથી બીજી કોઈ પ્રકારની તકલીફ નથી, તો હવે શા માટે ઘરમાં ઝઘડાઓ કરી નવી સમસ્યાઓ ઊભી કરી રહ્યા છે? તમારા સ્વભાવના કારણે તેઓ તમને અહીં રાખવાનો ઈન્કાર કરશે, તો ક્યાં જશો? જેથી અત્યારે જે પણ વ્યવસ્થા છે તેને સ્વીકારી પતિપત્નીને સહકાર આપો, અને શાંતિપૂર્વક ઘરમાં રહો.

આમ, અભયમ દ્વારા શાંતિથી કાઉન્સેલિંગ કરવામાં આવતા શંકરભાઈને પોતાની ભૂલ સમજાઈ હતી, તેમણે પુષ્પાબેન અને નાના ભાઈની માંફી માંગી હતી, અને લોકડાઉન પૂરૂ થાય થાય ત્યાં સુધી કોઈ હેરાનગતિ નહીં કરે તેવી ખાત્રી આપી હતી.

વડોદરામાં ૭ પત્રકારો કોરોનાગ્રસ્ત

વડોદરા

વડોદરા શહેરમાં કોરોના વાઈરસથી આજે વધુના ૨ મહિલાના મોત થયા છે. કોરોનાથી મૃત્યુઆંક ૧૭ ઉપર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં ૭ પત્રકારો સહિત કોરોના વાઈરસ વધુ ૧૬ પોઝિટિવ કેસ નોધાયા છે. ૭ પત્રકારો પૈકી ૩ પત્રકારો દિલ્હીના હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાઈરસના ૨૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. વાઘોડિયા રોડ પર પ્રથમ કેસ નોંધાયો છે. વડોદરા શહેરમાં રોજેરોજ નવા કેસો આવી રહ્યા છે. જેથી કોરોના વાઈરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. કોરોના વાઈરસની ચપેટમાં રોજ નવા વિસ્તારો પણ ઉમેરાઈ રહ્યા છે. જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

વડોદરામાં બે મહિલાના કોરોના વાઈરસથી મોત થયા છે. જેમાં મોહિનીબેન બ્રહ્મખત્રી (ઉ.૬૬), (રહે. બનિયન સિટી ડુપ્લેક્ષ)નું ગોત્રી હોસ્પિટલમાં અને સલમાબીબી મન્સુરી (ઉ.૭૫), (રહે ગુલશન એપાર્ટમેન્ટ)નું કોરોના વાઈરસથી સયાજી હોસ્પિટલમાં મોત થયું છે.

આજે બુધવારે સવારે નાગરવાડા, કારેલીબાગ, વાઘોડિયા રોડ, વાસણા રોડ, રાવપુરા ડબી ફળીયા વાડી, કમલાનગર, મોગલવાડા મરાઠી મોહલ્લા નવાબજાર, ગુલશન એપાર્ટમેન્ટ યાકુતપુરા વિસ્તારમાં કોરોના વાઈરસના કેસો નોંધાયા છે. વડોદરામાં ૧૯૮ ટેસ્ટથી ૧૬ પોઝિટિવ આવ્યા છે અને વડોદરા શહેરમાં મંગળવારે સાંજથી આજે બુધવારે સવારે ૧૦ વાગ્યા સુધી લેવાયેલા ૧૯૮ ટેસ્ટમાંથી ૧૬ કેસ પોઝિટિવ આવ્યા છે, જ્યારે ૧૮૨ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.

બોટાદના પાળિયાદ પાસે નદીમાં ડૂબી જતાં ચાર બાળકોનાં મોત

ભાવનગર

બોટાદના પાળીયાદ તાબેના નાના સૈડા ગામે ચાર બાળકોના નદીમાં ડૂબી ગયા હોવાની ઘટના સામે આવતાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. આ બાળકો ગરમીમાં સુખભાદર નદીમાં ન્હાવા પડ્યા બાદ ઊંડા પાણીમાં સરકી જતાં ડૂબવા લાગ્યા હતા. તરવૈયા કે ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ ચારેય ડૂબી જતાં મૃત્યુ પામ્યા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બોટાદના પાળીયાદ નજીક નાના સૈડા ગામમાં ખેતમજૂરનાં ચાર બાળકો સુખભાદર નદીમાં નાહવા ગયા હતા.

સાત વર્ષ નવ વર્ષ, ૧૧ વર્ષના બાળક તેમજ છ વર્ષની બાળકી નદીમાં નહાતા હતા, એ દરમિયાન ઊંડા પાણીમાં સરકી જતાં ડૂબવા લાગ્યા હતા. કોઈ આ બાળકોને બચાવવા પહોંચે તે પહેલાં જ ચારેય બાળકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડ અને પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફાયરબ્રિગેડના જવાનો-તરવૈયાઓએ ચારેય બાળકોને બહાર કાઢ્યા ત્યારે તે મૃત્યુ પામી ચૂક્યા હતા. આ ચારેય બાળકોના મૃતદેહોને પીએમ માટે પાળીયાદ મોકલવામાં આવ્યા હતા. એકસાથે ચાર બાળકો ડૂબી જતાં શ્રમિક પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો.

૫૯ વર્ષની કચ્છની મહિલાએ ૩૯ દિવસે કોરોનાને આપી માત

કચ્છ

૩૯ દિવસ સુધી કોરોના સામે લડાઈ લડ્યા બાદ ૫૯ વર્ષના રહિમાબેન આખરે આ વાયરસના ચેપથી મુક્ત થઈ શક્યા છે. મક્કાથી પરત ફરેલા રહિમાબેનને કોરોનાનો ચેપ લાગતા તેમને ભૂજની જીકે જનરલ હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા. સારવાર દરમિયાન તેમના ૧૦ વાર ટેસ્ટ કરાયા હતા, જે પોઝિટિવ આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં બે વાર કરાયેલા ટેસ્ટ નેગેટિવ આવતા હવે રહિમાબેન હોસ્પિટલમાંથી રજા લઈ ઘરે જઈ શકશે.

આખા ગુજરાતમાં ૩૯ દિવસ સુધી કોઈ દર્દીને કોરોનાથી મુક્ત થવા સારવાર લેવી પડી હોય તેવો આ પહેલો કિસ્સો છે. રહિમાબેન સાથે તેમના પતિ અને ભત્રીજી પણ મક્કા ગયા હતા, પરંતુ તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. આરોગ્ય ખાતાના અગ્રસચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, આ કેસ ઘણો ખાસ હતો અને સીએમ વિજય રુપાણીએ પણ રહિમાબેન સાથે વાત કરી હતી.

અમદાવાદમાં દુષ્કર્મ પીડિતા બાદ આરોપી બનેવી પણ કોરોનાગ્રસ્ત, ટેન્શનમાં ડોક્ટર્સ

અમદાવાદ

અમદાવાદમાં બનેવીએ સાળી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે પોલીસ ફરિયાદ થઈ હતી. ત્યારે હવે સગીરા અને આરોપીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ કર્મચારીઓ ટેન્શનમાં મુકાયા છે. સગીરાની સારવારમાં લઈ જનાર મહિલા પોલીસનો રિપોર્ટ પણ કઢાવ્યો છે. આરોપીને જેલમાં લઈ જનાર પોલીસ કર્મચારીને ક્વોરન્ટાઈન કરાયા છે.

મહત્વનું છે ઈસનપુર પોલીસ સ્ટેશન પીડિતાને મેડિકલ તપાસ માટે ૨૩ એપ્રિલના રોજ હોસ્પિટલ લઈને આવી હતી. ગર્ભવતીનો હોસ્પિટલ તંત્ર દ્વારા મેડિકલ રિપોર્ટ કરાવવામાં આવ્યો હતો. જેને પગલે આજે તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે આરોપીનો પણ રિપોર્ટ કરવામાં આવ્યો હતો. જેનો રિપોર્ટ પણ આજે પોઝિટિવ આવ્યો છે. ગાયનેક વોર્ડમાં કામ કરતી ૩૦ જેટલી નર્સ અને ડૉક્ટરો સહિત અનેક લોકોના જીવ પર કોરોનાનું સંકટ તોળાઈ રહ્યું છે. જે મહિલા પોલીસકર્મીઓ આ પીડિતાને હોસ્પિટલ લઈને આવી હતી તેમના પણ કોરોના રિપોર્ટ કરાવવામાં આવશે. ત્યારે આ પીડિતાન સંપર્કમાં કેટલા લોકો આવ્યા છે. તે તંત્ર માટે તપાસ અને ચિંતાનો વિષય બન્યો છે. ઉલ્લેખનીય છે કે રિપોર્ટ બાદ પીડિતાને કોરોના વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી છે.

કેન્દ્રીય ટીમના વડા અશોમ કુમાર વડોદ અને ભેસ્તાનમાં શ્રમિકોની મુલાકાતે

શ્રમિકોએ કામ બંધ હોવાથી વતન જવાની પરવાનગી આપવાની માંગણી કરી

સુરત

કોરોના વાયરસની વૈશ્વિક સંક્રમણ વચ્ચે સૂરત શહેરમાં કેન્દ્રીય પાંચ સભ્યોની ટીમ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહી છે. જેમાં ગતરોજ ભારત સરકારના કેન્દ્રીય ટીમના વડા અને જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી.અશોમ કુમારે સૂરત શહેરના વધુ શ્રમિકોની વસ્તી ધરાવતા વડોદ અને ભેસ્તાનના સિધ્ધાર્થનગર વિસ્તારના જુદા જુદા સ્થળોએ શ્રમિકોની મુલાકાત લીધી હતી. શ્રમિકો સાથે વાતચિત કરીને શ્રી અશોમકુમારે તેમને ભોજન, રાશન, પગાર જેવી બાબતોની પૃચ્છા કરી સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલનની સમજ આપી હતી.

શ્રી અશોમકુમાર સાથે વાતચિત કરતા વડોદ ખાતે રહેતા અને ડાઈગમીલમાં કામ કરતા બિહારના શ્રમિક રામનારાયણે જણાવ્યુંકે, જો ઉદ્યોગો ચાલુ રહેશે તો તેઓ કામ કરવા તૈયાર છે અને લોકડાઉન લંબાશે તો તેઓને વતન જવાનું પસંદ કરશે. અન્ય ઉત્તર પ્રદેશના શ્રમિક શ્રી ભગવાનદાસે જણાવ્યું કે, જો ડાઉગમીલો ચાલુ થશે તો કામ કરશે નહીતર તેઓને વતન જવાની પરમીશન આપવામાં આવે. કારણે કે, આવક બંધ થવાના કારણે ઘરના ભાડા તથા લાઈટબિલ જેવા ખર્ચ કરવામાં મુશ્કેલ થશે. ભેસ્તાન ખાતે સિધ્ધાથનગર ખાતે પંડિત શ્યામા પ્રસાદ મુખર્જી શાળા ખાતે એન.જી.ઓ.ના માધ્યમથી આપવામાં આવતા ભોજન કેન્દ્રની મુલાકાત લઈ ભોજન મેળવતા શ્રમિકો સાથે ભોજન સંબધિત વાર્તાલાપ કર્યો હતો. જેમાં બપોર અને સાંજે બે ટાઈમ ભોજન આપવામાં આવતુ હોવાનું શ્રમિકોએ જણાવ્યું હતું.

નવસારીનાં સાંસદ સી.આર. પાટીલને કોરોના દરમિયાન કામગીરી બદલ મળ્યું સન્માન



નવસારી

કોરોનાની મહામારી વચ્ચે સાંસદ સીઆર પાટીલને વર્લ્ડ રેકોર્ડ પબ્લિશિંગ કંપની યુનાઈટેડ કિંગડમ દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત નવસારીના સાંસદ સીઆર પાટીલને વર્લ્ડ રેકોર્ડ સ્ટાર ૨૦૨૦નું ઓનલાઈન સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. સાંસદ સી. આર. પાટીલને ફેસબુક,ટ્વિટર, ઈન્સ્ટા સહિતના ઓનલાઈન પ્લેટફોર્મ પર કરેલી કામગીરીની પોસ્ટના આધારે આ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોવાની માહિતી મળી છે. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૫૭૬ થઈ ગઈ છે.

પોઝિટિવ દર્દીઓમાં સ્મીમેર હોસ્પિટલમાં કેસ બારી પર કામ કરતો એક કર્મચારીનો પણ સમાવેશ થયો છે. આ સિવાય લિંબાયત પોલીસ મથકના પીએસઓનો પુત્ર અને કિરણ હોસ્પિટલની એમ્બ્યુલન્સના ડ્રાઈવરના પુત્ર પણ છે. તેવી જ રીતે શહેરના વેડરોડ વિસ્તારમાં રહેતા અને સિવિલમાં હાલ કોરોનાની સારવાર લઈ રહેલા એક પોઝિટિવ દર્દીનું મોત પણ નિપજ્યું છે. યુવકને ૨૫મીએ સાંજે દાખલ કરાયો હતો. આ સાથે શહેરમાં કોરોનામાં કુલ મૃતાંક ૨૦ થઈ ગયો છે.

સુરતમાં હાથ વગરના ચિત્રકારે ચિત્ર બનાવી લોકોને ઘરમાં જ રહેવા કરી અપીલ



સુરત

કોરોનાને કારણે હાલ શહેરીજનો મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે કોરોનાની અદ્રશ્ય લડાઈમાં હવે કલાકારો પણ જોડાયા છે. સુરતના દિવ્યાંગ ફૂટ પેઈન્ટિંગ આર્ટીસ્ટ મનોજ ભીંગારે બે હાથ ન હોવા છતાં પગેથી ચિત્ર બનાવી રહ્યાં છે. મનોજે જાહેર રસ્તા પર પેઈન્ટિંગ દોરીને લોકોને ઘરમાં જ રહી કોરોનાને હરાવવા અપીલ કરતું ચિત્ર દોર્યું છે. નવાગામમાં આવેલા જય રાજનગરમાં રહેતા મનોજ ગોપાલભાઈ ભીંગારે (ઉ.વ. ૩૪) બન્ને હાથ ગુમાવ્યા બાદ છેલ્લા ૧૩ વર્ષથી પોતાના પગથી ચિત્ર બનાવી રહ્યાં છે. કોરોનાની લડાઈમાં લોકોને ઘરમાં જ રહેવા અપીલ કરવા માટે તેણે નવસારી સાંસદ સીઆર પાટીલની ઓફિસ બહાર ઉધના ખાતે ચિત્ર બનાવ્યું છે. જેમાં તેણે લોકોને નિયમોનું પાલ કરવા અને ઘર બહાર ન નીકળવા અપીલ કરી છે.

હાલ પત્ની અને બે બાળકો સાથે રહેતા આર્ટીસ્ટ મનોજ ભીંગારેએ જણાવ્યું હતું કે, તેઓ નાસિક ત્ર્યંબકેશ્વરની યાત્રાએ જતા હતા તે દરિયમાન તે ધોરણ પાંચમાં અભ્યાસ કરતો અને અક્સમાતમાં બન્ને હાથ ગુમાવ્યાં હતાં. બસ અકસ્માતમાં હાથ ગુમાવ્યા બાદ અમદાવાદની અપંગ માનવ મંડળમાં ધોરણ છમાં પ્રવેશ લીધો હતો. બાદમાં બીએ-બીએફએ કર્યું છે. ૧૩ વર્ષમાં ૨૦૦૦-૨૫૦૦ ચિત્રો બનાવ્યાં છે. જેમાં નરેન્દ્ર મોદી,સચિન,કલામ સહિતના પોટ્રેટ અને કુદરતી દ્રશ્યો સહિતના ચિત્રો બનાવ્યાં છે. ૧૯૯૯માં રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. વર્લ્ડ વાઈઝ એસોસિએશન છે. માઉથ એન્ડ ફુથ આર્ટિસ્ટ સંસ્થા જેમાં ભારતના ૩૦ અને તેમાં ગુજરાતના ૩ સભ્યોમાં મનોજ પણ છે. મનોજે સામાજિક સંદેશો આપતા ૫૦૦થી વધુ પેઈન્ટિંગ બનાવ્યા છે.

નવસારી પોલીસ દ્વારા લોકડાઉન ભંગ અંગે ૨૧૫ સામે ગુના દાખલ

નવસારી જિલ્લા પોલીસે ૨૧૨ વાહનો ડિટેઈન કરાયા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૭ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઇપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૧૫ સામે એફ.આઇ.આર. કરવામાં આવી છે તેમજ ૨૩૮ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૨૧૨ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૨૭ એપ્રિલ સુધીમાં કુલ ૬,૫૦૪ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૭૧૪૮ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સી આર પાટીલ ના કાર્યાલય આગળ વતન જવા પરવાનગી લેવા પર પ્રાંતિઓની લાંબી લાઈનો

સુરત

લોકડાઉનના કારણે સુરત શહેરમાંથી પરપ્રાંતિયો હિજરત કરી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી શ્રમિકો વતન જવા માટેના ફોર્મ ભરવા માટે લોઈનો લગાવી રહ્યા છે. જેમાં ૧૦ હજારથી વધુ અરજી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧૦ જેટલી બસો દ્વારા ૩૦૦થી વધુ લોકોને વતન મોકલવામાં આવ્યા છે. જેમાં ઓરિસ્સાના શ્રમિકોનો સમાવેશ થયા છે. લોકડાઉનની પરિસ્થિતિમાં છેલ્લા એક મહિનાથી ઘરમાં પુરાઈ રહેલા પરપ્રાંતીય અને મજૂર વર્ગના લોકોમાં વતન જવા માટે ભારે ઉકરાટ થઈ ગયો છે. આવી પરિસ્થિતિમાં સાંસદ સી.આર.પાટીલ દ્વારા પરપ્રાંતીયોને પોતાના વતન જવા માટેની પરવાનગી આપવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરવાનગી લેવા માટે તેમના કાર્યાલય પર સવારથી જ લાંબી લાઈનો લાગે છે. બીજી તરફ કાર્યાલય પરથી જિલ્લા કલેકટરને સોમવારે સોળસો અરજીઓ મોકલ્યા બાદ મંગળવારે પણ હજાર જેટલી અરજીઓ મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે વતનમાં જવાની મંજૂરી મળી જતાં છેલ્લા બે દિવસમાં ૧૦ બસો પાંડેસરાથી ઓરીસ્સા રાવાના થઈ હતી. આ બસોમાં ૩૦૦થી વધુ મુસાફરોને પોતાના વતન મોકલવામાં આવ્યા હતા. અત્રો નોંધનીય છે કે, સી.આર.પાટીલ કાર્યાલય પર વતન જવા માગતા લોકોની ૧૦ હજારથી વધુ અરજીઓ હાલ સુધી આવી ગઈ છે.

અન્ય રાજયો દ્વારા ગુજરાતમાં વસતા પોતાના નાગરિકોને પરત થવા માટેની પરવાનગી આપવામાં આવી છે. પરંતુ હાલ સુધી બિહાર સરકાર દ્વારા પરવાનગી આપવામાં આવી ન હોવાથી સુરતમાં રહેતા શ્રમિકોને તેમના વતન કેવી રીતે મોકલવા તે પણ અસમંજસ ઊભી થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે સાંસદ સી.આ પાટીલે જણાવ્યું હતું કે, બિહાર સરકાર સાથે વાત ચીત ચાલી રહી છે. લેખિત મંજૂરી આવવાની બાકી છે.

સુરત શહેરમાં બે લાખથી વધુ ઘરોમાં ૭.૬૧ લાખ લોકોના આરોગ્યની તપાસ

સુરતમાં કુલ ૨૭૯૩ લોકો કોરોન્ટાઈનમાં રખાયા

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગત તા.૨૮મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે,કુલ ૧૦,૪૫૮ ટેસ્ટીગ કરવામાં આવતાં ૫૫૫ પોઝિટીવ અને ૯૮૭૭ નેગેટીવ કેસો નોંધાયા છે. તમામ ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ તેમજ ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી અંતર્ગત ૭૦૩ ટીમો દ્વારા આજ સુધી ૨,૦૧,૮૨૮ ઘરો તેમજ ૭,૬૧,૧૦૨ નાગરિકોની સઘન ચકાસણી અને સર્વે પ્રક્રિયા કરવામાં આવી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, રેપિડ એન્ટી બોડી ટેસ્ટમાં વિસંગતતા આવવાથી આ ટેસ્ટીગ પ્રક્રિયા આજથી સ્થગિત કરવામાં આવી છે. આજની સ્થિતિએ ૨૨૫૮ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને ૫૩૫ સરકારી ક્વોરેન્ટાઈન હેઠળ છે. આમ, કુલ ૨૭૯૩ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. પોઝિટીવ કેસોનું પ્રમાણ ઘટાડવા સોશ્યલ ડિસ્ટન્સ અને લોકડાઉનનું યોગ્ય અને ચુસ્તપણે પાલન ન કરનાર વિસ્તારોમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્લમ વિસ્તારમાં પોઝિટીવ કેસો વધવાના પડકારને પહોંચી વળવા ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ છે.

શ્રી પાનીએ કહ્યું કે, આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૦૮.૮૩ લાખથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૧ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૫૫૫ અને જિલ્લાના ૨૧ મળીને કુલ ૫૭૬ કેસો નોંધાયા છે.

વધતા લોકડાઉનમાં શાકભાજીનું ઉત્પાદન કરનારા ખેડૂતોની સ્થિતિ દયનીય

મોટા વેપારીઓના અભાવે માલની યોગ્ય કિંમત નથી મળતી

વલસાડ

ધરમપુર અને કપરાડા વિસ્તારમાં લગ્નસરાની સિઝન હોવાને કારણે ખેડૂતો શાકભાજીમાં રીંગણ, ટામેટા, મરચાં, કાકડી, ભીંડા જેવી શાકભાજીઓનું ઉત્પાદન કરતાં હોય છે, પરંતુ આ કમાણીની સિઝનમાં અચાનક કોરોના વાઇરસ સમગ્ર દેશમાં પ્રસરી જતાં સરકારે દેશને લોકડાઉન કર્યો છે. આ લોકડાઉનના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

કારણ કે, હાલમાં ખેતરોમાં શાકભાજીનો પાક તૈયાર છે અને ખેડૂતો આ શાકભાજી માર્કેટ સુધી પણ લઈ જઈ રહ્યા છે, પરંતુ એક સાથે મોટા જથ્થામાં ખરીદી કરવા આવનારા મોટા વેપારીઓ મહારાષ્ટ્ર, સુરત કે નવસારીથી આવતા બંધ થઈ ગયા છે. જેથી સ્થાનિક કક્ષાના વેપારીઓ ખેડૂતોને આ શાકભાજીની નજીવી કિંમત ચૂકવતા હોય છે.

જેના કારણે ખેડૂતોની સ્થિતિ ખૂબ જ દયનીય બની છે. ઉલ્લેખનીય છે કે, ધરમપુર અને કપરાડા વિસ્તારના મોટાભાગના ખેતરોમાં હાલ ખેડૂતોએ રીંગણ, ટામેટા, ભીંડા, ગવાર, સિંગ, કાકડી, કોળા, ટીંડોળા જેવી અનેક શાકભાજીનું વાવેતર કર્યું છે. પરંતુ તેની યોગ્ય કિંમત ખેડૂતોને મળતી નથી.

સુરત સિવિલ હૉસ્પિટલની ઘોર બેદરકારી

વધુ એક કોરોના પોઝિટિવ દર્દી હૉસ્પિટલમાંથી ફરાર થતા તંત્રમાં દોડધામ

સુરત

સુરત શહેરમાં કોરોના પોઝિટિવ કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે. આ દરમિયાન દિવસે કોરોના પોઝિટિવ દર્દી હૉસ્પિટલ માંથી ફરાર થઈ જતાં દોડાદોડી થઈ ગઈ છે. દર્દી ફરાર થયાની જાણ થતા પોલીસે તપાસ શરૂ કરી છે, મોડી રાત સુધી દર્દીની કોઈ જ ભાળ મળી ન હતી. મળતી માહિતી પ્રમાણે દર્દી કોઈને જાણ કર્યા વગર જ ક્યાંક ચાલ્યો ગયો છે. ફરાર થનાર દર્દીનું નામ ભગવાન રાણા છે, જેમની ઉંમર ૫૦ વર્ષ છે. ભગવાન રાણા રેડઝોનમાં આવેલા માનદરવાજા ખાતે રહેતા હતા. નોંધનીય છે કે બે દિવસ પહેલા પણ સિવિલના આઈસોલેશન વોર્ડમાંથી એક દર્દી ભાગી ગયો હતો.

આ દર્દી થોડા સમય બાદ સામેથી હાજર થઈ ગયો હતો. હવે ફરીથી આવો જ બનાવ બન્યો છે, જેમાં કોરોનાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ આઈસોલેશનમાંથી દર્દી ભાગી ગયો છે. આમ સિવિલ હૉસ્પિટલની ઘોર બેદરકારી સામે આવી છે. મળતી માહિતી પ્રમાણે દર્દી સવારે ૧૧ વાગ્યાની આસપાસ ભાગ્યો હતો. જે બાદમાં સિવિલ તરફથી પોલીસને જાણ કરવામાં આવી હતી. દર્દી તેના ઘરે ગયાની આશંકામાં પોલીસ તેના ઘરે દોડી ગઈ હતી પરંતુ તે ત્યાં મળ્યો ન હતો. જે બાદમાં પોલીસે આખો દિવસ તેની શોધખોળ કરી હતી પરંતુ મોડી રાત સુધી દર્દીનો કોઈ પતો લાગ્યો ન હતો.

પોઝિટિવ દર્દી ભાગી ગયા બાદ સિવિલ હૉસ્પિટલ સામે અનેક સવાલો ઉઠવા પામ્યા છે. એવી પણ ચર્ચા થઈ રહી છે કે કોરોના પોઝિટિવ દર્દીઓ વોર્ડમાંથી બહાર નીકળી જાય ત્યાં સુધી કોઈને જાણ ન થાય તેવું કેવી રીતે બની શકે? બે દિવસ પહેલા જ આવો બનાવ બન્યો હતો ત્યારે શા માટે એવા પગલાં ન લેવામાં આવ્યા જેનાથી સારવાર માટે દાખલ દર્દીઓ બહાર ન જઈ શકે. સિવિલના વોર્ડમાંથી ભાગી ગયેલી દર્દી કોરોના પોઝિટિવ હોવાથી તે બહાર અનેક લોકોને ચેપ લગાડી શકે છે. દર્દી ભાગીને ઘરે નથી ગયો એટલે તે તેના કોઈ પરિચિત કે અન્ય સ્થળે છૂપાયો હોઈ શકે છે. સલામતીના ભાગરૂપે જે પણ લોકોને આ વ્યક્તિ વિશે ભાળ મળે તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરવી જોઈએ. કારણ કે કોરોનાને નાબૂદ કરવા માટે તેનું સંક્રમણ ફેલાતું અટકાવવું એ એક માત્ર ઉપાય છે.

લોકડાઉન ખુલવા અંગે લોકોમાં ચર્ચા

બીજા તબક્કાનું લોકડાઉન તા.૩મેના રોજ પૂર્ણ થશે

સુરત

સુરત સહિત ભારતભરમાં કોરોના વાયરસની મહામારીને કારણે બે તબક્કામાં લોકડાઉનનો અમલ કરવામાં આવ્યો છે. બીજા તબક્કાનું લોકડાઉન તા.૩જી મે સુધીનું છે. આ લોકડાઉનની મુદ્દત આડે હવે ગણતરીના ચાર દિવસ બાકી રહ્યા છે. ત્યારે સુરત શહેરમાં કોરોના પોઝિટિવના દર્દીઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આ સમયે સુરત શહેરને લોકડાઉનમાંથી મુક્તિ આપવાની શક્યતા હાલ નહીવત લાગી રહી છે. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ સુરત શહેરની કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતિ અંગે સતત રાજ્ય સરકારને વાકેફ કરવામાં આવી રહ્યા છે. સુરતની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ રાજ્ય સરકાર લોકડાઉન અંગે નિર્ણય લઈ શકે તેમ છે. હાલ સુરત શહેરમાં લોકડાઉન અને સોશિયલ ડિસ્ટનસિંગનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે.

કોઈ સમસ્યા હોય તો હેલ્પ લાઈન મદદ કરશે

સુરત

લોકડાઉન દરમિયાન જાહેર જનતાને મૂંઝવતાં શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અભિનવ પહેલના રૂપમાં ૧૧૦૦ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. ૧૧૦૦ પર કોલ કરી એમ.ડી. ફિજીશ્યન, સાઈકિયાટ્રીજસ્ટ-મનોવૈજ્ઞાનિક અને એમ.બી.બી.એસ ડોક્ટર્સ ૨૪૮૭ ટેલીમેડિસીન, ટેલી કાઉન્સેલિંગ, ટેલી એડ્વાઈઝ સેવા આપશે. હેલ્પલાઈન દ્વારા ઘરે બેઠાં શારીરિક-માનસિક સ્વાસ્થ્ય અંગેના પ્રશ્નોનું સમાધાન થઈ શકશે. જેથી આ હેલ્પલાઈનનો ઉપયોગ કરવા રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અનુરોધ છે.

સુરતમાં દોઢ લાખ લોકોએ હોમિયોપેથીક દવાનું સેવન કર્યું

સુરત

ભારત દેશ કોરોનાની મહામારી સામે લડી રહ્યો છે, ત્યારે સુરતમાં હોમિયોપેથીક દોકટરોની ટીમ દ્વારા લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા ભારતીય સંસ્કૃતિની ભેટ એવી હોમિયોપેથીક દવાનું લોકો સેવન કરાવવામાં આવે છે. કોરોનાની આ લડાઈમાં લોકોએ હોમિયોપેથીક દવાઓનું મહત્વ સ્વીકાર્યું છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તથા કોરોનાનું સંક્રમણ થાય તો ઓછામાં ઓછી શારીરિક તકલીફ પડે તે માટે સુરતના હોમિયોપેથીક ડોક્ટરોની ટીમ દ્વારા અત્યાર સુધીમાં દોઢ લાખ લોકોને આ દવા પહોંચાડીને લોકોની સેવા કરી રહ્યા છે. આ સેવા બદલ સુરતના સાંસદશ્રી દર્શના જરદોશ દ્વારા ડો.સંજયભાઈ ડુંગરાણી, ડો. ચિંતનભાઈ, ડો. કિશોરભાઈ લાખાણી, ડો પરેશભાઈ કાકડીયા તથા તેમની સમગ્ર ટીમની મુલાકાત લઈ તેમની કામગીરીની સરાહના કરી હતી.

યોગથી શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થઈ શકે છેઃ મહિલા યોગ ગુરૂ

સુરત

જયારથી કોરોનાની શરૂઆત ભારત ખાતે થઈ છે અને કોરોનાનો કહેર ભારતમાં પણ વર્તાઈ રહ્યો છે. ત્યારે લોકો દ્વારા ભારતના આયુર્વેદને લઈ અનેક પ્રયોગો કરવા માટે જણાવી રહ્યા છે. પરંતુ ખરેખર યોગ એક એવું માધ્યમ છે જેનાથી આપણે આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી શકીએ છીએ. જેમાં મુખ્યત્વે ભાગ પ્રાણાયામ ભજવી શકે છે એવું સુરતના યોગગુરૂ સ્વાતિબેન ધાનાણીએ જણાવ્યું હતું.



સ્વાતિબેન ધાનાણીએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન દ્વારા યોગને સમગ્ર વિશ્વમાં લઈ જવામાં આવ્યો છે અને યોગને વિશ્વ કરતું થયું ત્યારે યોગ સાથે કંઈક નવું શીખવું જોઈએ. ખાસ કરીને યોગને કારણે શરીરમાં રોગપ્રતિકારક શક્તિનો વધારો થઈ શકે છે. યોગ ખરેખર જ્યારે ભારતની દેન છે ત્યારે જો લોકોએ પોતાની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવો હોય તો તેમણે યોગનો સહારો લેવો જોઈએ અને તેમાં પણ ખાસ કરીને પ્રાણાયામ કરવા જોઈએ. પ્રાણાયામથી આપણે ઓક્સિજન શરીરમાં લઈએ છીએ જેને કારણે ફેફસાં મજબૂત થાય છે. આ કરવાથી કોરોના જેવી માહમારીમાં લોકોને ફાયદો થઈ શકે છે.

સુરતમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે માસ્ક અને ગ્લવ્ઝ પહેરીને કરાયા લગ્ન



સુરત

હાલ કોરોનાને કારણે એકબાજુ લગ્ન સિઝન હોવા છતાં તમામ લગ્નપ્રસંગો બંધ રાખવામાં આવ્યા છે. તેવામાં સુરતના ડિંડોલીમાં કોરોનાની મહામારી વચ્ચે અનોખા લગ્ન યોજાયા હતા. સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે આ લગ્ન યોજાયા હતા. લગ્ન પ્રસંગમાં બંને પક્ષના પાંચ પાંચ સભ્યો એકત્ર થયા હતા. વરરાજા અને દુલ્હને માસ્ક અને ગ્લવ્ઝ પહેરીને સાત ફેરાં ફર્યા હતા.

ડિંડોલીમાં સાંઈબાબ મંદિરની બાજુમાં લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા એનિશાબેન વિનોદભાઈ ગોરાણીના લગ્ન ડિંડોલી સ્થિત સ્વસ્તિક બેંકની બાજુમાં તળાવની પાસે વિનાયક રેસિડેન્સીમાં રહેતા કેતન ચંદ્રકાન્ત કાશીવાળાની સાથે નક્કી થયા હતા. પહેલા ૨ ત્યારબાદ ૨૨ અને હવે ૨૮મીના રોજ લગ્ન કરાવી દીધા હતા. સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, ગ્લોવ્ઝ પહેરીને લગ્ન પ્રસંગ યોજાયો હતો. ઘરની સામે રહેતા પરિવારે તેમની પાર્કિંગની જગ્યા આપી હતી. જેમાં લગ્ન યોજાયા હતા.

લોકડાઉન ભંગ બદલ સુરત શહેર પોલીસ દ્વારા ૩૬૧ લોકોની અટક

સુરત પોલીસે ૧૪૧૪ વાહનો જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૩૬૧ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૪૧૪ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૦૮ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૦,૧૦૨ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૮,૭૩૫ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

લોકડાઉનમાં ડાંગમાં સૌપ્રથમવાર મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર શરૂ થયું

આહવા

કોરોના વાઇરસની મહામારી આજે વૈશ્વિક સ્તરે ફેલાઇ ગઇ છે. આવા સમયમાં સરકારશ્રી દ્વારા લોકડાઉન જેવા પગલાઓ લઇને કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા તમામ ટીમો રાત-દિવસ જોયા વિના કામ કરી રહી છે.

ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.સી.ભુસારાની ભારે જહેમતને પરિણામે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૦ માં લેવાયેલ પરીક્ષાની ઉત્તરવહી તપાસવા માટે ડાંગ જિલ્લાને મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે. ને પગલે રેડ ઝોનમાં બોર્ડના પેપરો તપાસવાની કામગીરી થઇ શકી નથી ત્યારે ડાંગ જિલ્લામાં સૌપ્રથમવાર તા.૨૪/૦૪/૨૦૨૦ થી આ કેન્દ્ર શરૂ થતા આનંદની લાગણી ફેલાઇ ગઇ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા દીપદર્શન માધ્યમિક શાળા,આહવામાં આ કેન્દ્ર ચાલુ છે. શાળાના આચાર્યા અને કો-ઓર્ડિનેટર શ્રી સિસ્ટર સુહાસિની પરમારે જણાવ્યું હતું કે હાલમાં જ કોરોના વાઇરસને કારણે બોર્ડની ગાઇડલાઇન તેમજ આરોગ્ય વિભાગના દિશાનિર્દેશ મુજબ શાળાના વર્ગખંડોને સેનેટાઇઝ કરાવી મધ્યસ્થ કેન્દ્ર તૈયાર કરાયું છે. પરિક્ષકોની નિમણૂંક પાંચ-પાંચ સભ્યોની ત્રણ ટુકડી બનાવી સામાજીક અંતર જાળવી માસ્ક સાથે સમગ્ર ડાંગ જિલ્લામાંથી ૨૪ જેટલા શિક્ષકો સંસ્કૃત વિષયની ૩૦૦૦ જેટલી ઉત્તરવહી તપાસણીની કામગીરી કરી રહયા છે.

અંકલેશ્વર શાળા સમિતિ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં સહાય

અંકલેશ્વર

અંકલેશ્વર નગરપાલિકા સંચાલિત નગરપ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકોએ પોતાનો એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યો હતો.

હાલ કોરોનાવાયરસનો કેર સમગ્ર દેશમાં અને રાજ્યમાં પણ ફેલાઈ રહ્યો છે ત્યારે ચારે તરફથી આ મહામારી સામે લડવા માટે લોકો શક્ય એટલો જ ફાળો મુખ્યમંત્રી રાહત ફંડ તેમજ પીએમ કેર્સ ફંડમાં આપી રહ્યા છે. અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોએ પણ પોતાનો એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આવ્યો હતો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન કિંજલ ચૌહાણ તથા વાઇસ ચેરમેન ગણેશ અગ્રવાલે રૂપિયા ૧,૨૧,૦૦૦નો ચેક નિવાસી અધિક કલેકટર જે.ડી. પટેલને અર્પણ કર્યો હતો.

લોકડાઉનના ભંગ અંગે ૧૧ સામે ફરિયાદ

અંકલેશ્વરમાં માસ્ક વગરના ૪૦ લોકોને દંડનીય કાર્યવાહી

અંકલેશ્વર

અંકલેશ્વર શહેર પોલીસ લોકડાઉનનો ભંગ કરનાર સામે દિનપ્રતિદિન વધુમાં વધુ કડક પગલાં લઈ રહી છે. અંકલેશ્વર તાલુકામાં આજદિન સુધી પણ એક પણ કોરોના પોઝિટિવ કેસ આવ્યો નથી અને આવે નહીં એ માટે પોલીસની કામગીરી ખરેખર પ્રશંસનીય સાબિત થઈ રહી છે. અંકલેશ્વરના ડીવાયએસપી ચિરાગ દેસાઈના માર્ગદર્શન અને શહેર પી.આઈ. સિસોદિયાના સૂચન હેઠળ અંકલેશ્વરના મહિલા પીએસઆઈ વૈશાલી ઠુમ્મર તથા સ્ટાફ દ્વારા અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાં જાહેરમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ ના ભંગ કરનારા ૧૧ વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલીસ તંત્ર તરફથી સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે તે કોઈ પણ તહેવાર હોય, જ્યાં સરકારના લૉકડાઉનના નિયમોનું અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન ન રખાય ત્યાં કડકમાં કડક પગલાં લેવાશે.

આ ઉપરાંત સોમવારે અને મંગળવારે બપોર સુધીમાં પોલીસે માસ્ક વગર ફરતા ૪૦ જેટલા લોકોની પાસેથી દંડ વસૂલ્યો હતો. ઉપરાંત પ્રોહિબિશનના પણ ૪ કેસ કર્યા હતા. સાથે જ મોટર વ્હીકલ એક્ટ ના ૧૨ જેટલા વાહનોને ડીટેઈન કર્યા હતા.

બુહારી ખાતેનું શાકભાજી માર્કેટ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ખસેડી દેવાયું

વ્યારા

તાપી જિલ્લાનાવાલોડ તાલુકાનાં બુહારી ખાતેનું શાકભાજી માર્કેટ લોકડાઉન ખૂલે ત્યાં સુધી બલ્લુકાકા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સ્થળાંતરીત કરવામાં આવ્યું છે.

વાલોડના તાલુકા પ્રશાસન તરફથી મળેલી વિગતો અનુસાર વાલોડ તાલુકાના બુહારી ગામે આસપાસના ૨૦ થી વધુ ગામોના શાકભાજી પક્વતા ખેડૂતો, વેપારીઓ તેમના ખેત ઉત્પાદનનું વેચાણ કરવા માટે આવતા હોય છે. આ સ્થિતિમાં શોસિયલ ડિસ્ટન્સિંગ સહિત, ફેસ માસ્ક અને હેન્ડ ગ્લોઝના ઉપયોગ સહિત "લોકડાઉન" ના તમામ નીતિનિયમોનું અહી સુપેરે પાલન કરી શકાય તે માટે, જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી કુ. નેહા સિંઘ તથા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી એન.એન.ચૌધરીના સંયુક્ત પ્રયાસોથી, જયાં સુધી લોકડાઉનની સ્થિતિ પ્રવર્તે છે, ત્યાં સુધી બુહારીનું આ શાકભાજી માર્કેટ, બુહારી-ઉનાઇ રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિરની સામેના બલ્લુકાકા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ખસેડવાનું નક્કી કરાયું છે. જેથી તમામ વેપારીઓને નિયત જગ્યા સિવાય અન્ય સ્થળોએ શાકભાજીનું વેચાણ નહીં કરવા, અને લોકડાઉનના તમામ નિયમોનું ચોકસાઈથી પાલન કરવાની જિલ્લા વહીવટી તંત્રે અપીલ કરી છે. જો કોઈ વ્યક્તિ દ્વારા આ સૂચનાઓનો અનાદર કરાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે, તેમ પણ વધુમાં જણાવ્યુ છે.

અંકલેશ્વરમાં લોકડાઉન વચ્ચે વીમેન એમ્પાવરમેન્ટ કાર્યરત

અંકલેશ્વર

અંકલેશ્વર ખાતે કાર્યરત વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા બહેનોને રોજગાર આપવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લોકડાઉનની પરિસ્થિતિમાં પણ આ પ્રયાસ રંગ લાવી રહ્યો છે.

વિમેન એમ્પાવરમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત હાલ અંકલેશ્વરમાં લોકડાઉનની પરિસ્થિતિમા પણ દવાની દુકાનો, સરકારી ઓફિસો, ડોનરો વગેરે ને સપ્લાય કરીને બહેનો ૧૦૦૦૦ માસ્કનો આકડો પાર કરવાની તૈયારીમાં છે. આ અંગે વુમન વેલફેર ટ્રસ્ટના રશ્મિ જોશીએ જણાવ્યું હતું કે તમામના સાથ સહકારથી જ આ ભગીરથ કાર્ય શક્ય બન્યું છે. હજુ પણ માસ્ક અને એપ્રન ઉપરાંત કેપની પણ માંગ વધી રહી છે. જેને લઈને અમારું મહિલા સશક્તિકરણનું જે ધ્યેય છે એ સાકાર થઈ રહ્યું છે એ બદલ તમામ મેડિકલ સ્ટોર્સ તેમજ સાથ સહકાર આપનાર સંસ્થાઓનો તેમણે આભાર માન્યો હતો.

સુરત શહેરમાં વધુ ૧૭ કેસ કોરોના વાયરસ પોઝિટિવ

સુરત શહેરમાં નવા ૧૭ કેસ સાથે કુલ ૫૭૨ લોકો કોરોનાગ્રસ્ત : સારવાર માટે દાખલ થયેલા શંકાસ્પદ દર્દીનું મોત

સુરત

આજે સુરત શહેરમાં કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા વધુ ૧૭ દર્દીઓ મળી આવ્યા હતા. દરમિયાન કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા એક દર્દીનું મૃત્યું થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, હજુ સુધી આ દર્દીના કોરોના વાયરસનો રિપોર્ટ પેન્ડિંગ હોવાનું જાણવા મળ્યું છે.

વિશ્વભરમાં ફેલાયેલા કોરોના વાયરસની મહામારીના ખપ્પરમાં સુરત શહેરમાં અત્યાર સુધી ૨૦ વ્યક્તિના મૃત્યુ થઈ ચૂક્યાં છે. શહેરમાં કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ગઈકાલે સાંજે આઠ વાગ્યા સુધીમાં સુરત શહેરમાં શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિએ કોરોના ટેસ્ટ કરવામાં આવતા ૧૨ વ્યક્તિના કોરોના વાયરસનો



ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ આજે સવારે ૧૧ વાગ્યા સુધીમાં વધુ ૧૭ દર્દીનો ટેસ્ટ પોઝિટિવ આવતા સુરત શહેરમાં કોરોના વાયરસના કુલ ૫૭૨ પોઝિટિવ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. ગઈકાલ સુધીમાં કોરોના પોઝિટિવ ધરાવતા કુલ દર્દીઓ પૈકી કુલ ૨૦ વ્યક્તિના મૃત્યુ થઈ ચૂક્યા છે.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ ગઈકાલે કોરોના પોઝિટિવ ધરાવતા દર્દીઓ પૈકી ૨૦ દર્દીનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ સરકારી કોરોન્ટાઈનમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. દરમિયાન વધુ દર્દીઓ પણ સાજા થઈ રહ્યા છે. આજે પણ જે દર્દીના કોરોના ટેસ્ટનો રિપોર્ટ નેગેટિવ આવશે. તેઓને પણ સરકારી કોરોન્ટાઈનમાંથી સાંજ સુધીમાં રજા આપવામાં આવશે.

સુરત શહેરમાં ગઈકાલે ૧૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા અને આજે બુધવારે સવાર સુધી સુરત શહેરમાં બિન સત્તાવાર રીતે ૧૭ કેસ કોરોના વાયરસ પોઝિટિવ નોંધાયા છે અને એક શંકાસ્પદ દર્દીનું મોત નીપજ્યું છે. આજે સવારથી મોડી સાંજ સુધી કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં વધારો થવાની પ્રબળ શક્યતા છે. આ દરમિયાન સરકારે કોરોના વાયરસના દર્દીઓ માટે નવી ગાઇડ લાઈન જાહેર કર્યા પ્રમાણે લક્ષણ વગરના કોરોના વાયરસ દર્દીઓને હોમ આઈશોલેશનમાં રાખવામાં આવનાર છે તેથી હોસ્પિટલોનું ભારણ પણ હળવુ બની જશે.

નવસારીની ત્રણ સબ રજીસ્ટ્રાર ઓફિસમાં દસ્તાવેજ નોંધણી શરૂ

શરતનું પાલન કરી દસ્તાવેજ નોંધાવી શકાશે

નવસારી

સરકારશ્રીની મહેસુલ વિભાગ તથા નોંદ્ધણી નિરીક્ષક ગાંધીનગરની સુચના મુજબ રાજયની ૯૮ ગ્રામ્ય વિસ્તારની સબ રજીસ્ટ્રાર કચેરી (નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તાર સિવાયની) દસ્તાવેજની નોંદ્ધણી શરૂ કરવા જણાવાયું છે. જે અન્વયે ત્રણ સબ રજીસ્ટ્રાર કચેરી ચીખલી, વાંસદા તથા ખેરગામનો સમાવેશ થાય છે. આ તમામ કચેરીમાં દસ્તાવેજની નોંદ્ધણી કાર્યવાહી શરૂ કરવા શરતોનું પાલન કરવા સહિત પરવાનગી આપી છે.

જેમાં દસ્તાવેજ નોંદ્ધણી માટે સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઇ રહે તે રીતે વિડીયો રેકોડ'ંગ, અંગુઠાનું નિશાન લેવાની સુવિધા ઉભી કરવાની રહેશે. બે વ્યકિત વચ્ચે ૬ ફૂટનું અંતર જળવાઇ રહે તેવી વ્યવસ્થા ગોઠવવી પડશે. મિલકતદારોએ ફરજીયાત પણે ઓનલાઇન એપોઇમેન્ટ લેવાની રહેશે. દસ્તાવેજ નોંદ્ધણી માટે ઇ-પેમેન્ટથી નોંદ્ધણી ફી ભરવાની રહેશે. હાલમાં દસ્તાવેજ નોંદ્ધણીની કામગીરીને જ પ્રાથમિકતા અપાશે. સ્કેનીંગ, પ્રિન્ટીંગ જેવી કામગીરી પૂર્ણ થયા બાદ દસ્તાવેજ માટે પક્ષકારોને રૂબરૂ બોલાવાશે. દરેક પક્ષકારના ફોટા અને અંગુઠાના નિશાન લીધા બાદ ડીવાઇસને સેનેટાઇઝ કરવાનું રહેશે. સબ રજીસ્ટ્રાર કચેરીઓને સેનેટાઇઝ કરવાની સુવિધા ઉભી કરવી પડશે. ઇન્ડેક્ષ, નકલ, દસ્તાવેજની ખરી નકલ તથા શોધ રીપોર્ટ હાલ નહિ મળે તેમ નોંદ્ધણી નિરીક્ષક નવસારની યાદીમાં જણાવાયું છે.

ભરૂચમાં કોરોના સામે લડત આપતા ૧૦૮ સેવાના મુસ્લિમ કર્મચારી, રમજાન માસમાં કોરોના માટે નમાજ અદા કરે છે



હાલ માં ચાલી રહેલ દેશમાં કોરોના જે આખા વિશ્વમાં અને ભારત દેશમાં તેમજ ગુજરાત રાજ્યમાં પણ પગપેસારો કરી ગઈ છે, ત્યારે આ અઘરી પરિસ્થિતિમાં તમામ લોકો સાથે મળી આ મહામારીને પહોંચી વળવા ભેગા થયા છે, ત્યારે આ મહામારીથી બચવા માટે બનતિ કોશિશ કરવામાં આવી રહ્યા છે.

ભરૂચ જીલ્લામાં કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓ પણ દિવસ અને રાત લોકોની સેવા માટે કાર્યરત જોવા મળે છે. તેમાં પણ હાલમાં રમજાનનો પવિત્ર માસ શરૂ થયેલ છે, ત્યારે આ પવિત્ર માસમાં મુસ્લિમ ભાઈઓ અલ્લાહની ઈબાદત કરી માનવ કલ્યાણની પ્રાર્થના કરતા હોય છે. જેમાં ભરૂચ જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવામાં કાર્યરત મુસ્લિમ ભાઈ પણ આ પવિત્ર રમજાન માસમાં પોતાના સ્વાસ્થ્ય, કુટુંબની ચિંતા કર્યા વગર કોરોનારૂપી મહામારી સામે આવા સંકટમાં રાષ્ટ્ર માટે લડત આપવા તેમજ લોકોના જીવ બચાવવા માટે કાર્યરત રહેતા હોય છે. આ પવિત્ર માસમાં જ્યારે નમાઝ પઢવા જવાનું હોય, ત્યારે તેઓ મસ્જિદની અંદર જાય છે. પરંતુ હાલની પરિસ્થિતિ જોતા તેઓ પોતાના સ્થળ પર જ નમાઝ અદા કરી માનવજીવન બચાવવા સંકલ્પ કરે છે. ૧૦૮ ઈમરજન્સી સેવાના તમામ કર્મચારી મિત્રોનો હાલ એક જ ધર્મ છે કે, લોકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે કટિબદ્ધ રહેવું અને કોઈ પણ મુશ્કેલી જણાય તો તરત જ તેમની વ્હારે જવું. ભરૂચ જિલ્લાના ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર તેમજ જિલ્લાના સુપરવાઇઝર અશોક મિસ્ત્રીએ ૧૦૮ના કર્મચારીઓની કાર્યનિષ્ઠાને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

નર્મદા જીલ્લા માટે રાહતના સમાચાર: એક સાથે નવ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ

સાજા થયેલાં દર્દીઓનુ સ્વાગત કરાયુ,સાથે મેડીકલ ટીમનો પણ આભાર વ્યક્ત કરાયો

કોરોના મુક્ત થવામા નર્મદા જીલ્લામાં હવે માત્ર બે કેસ સારવાર હેઠળ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લા ના મુખ્ય મથક રાજપીપળા ખાતે કોવીડ-૧૯ ના દર્દીઓની સારવાર માટે બનાવેલા આઈસોલેશન હોસ્પીટલ માથી આજે એક સાથે નવ દર્દીઓને રજા આપતા જીલ્લા ની પ્રજા એ હાશકારો અનુભવ્યો હતો. સારવાર લઈ રહેલાં કુલ ૧૧ દર્દીઓ પૈકી ૯ દર્દીઓ ના રીપોર્ટ નેગેટીવ આવતા તેમને આરોગ્ય વિભાગ દ્વારા રજા આપવાનું નક્કી કરાયું હતું.

૨૯ એપ્રિલ ના રોજરાજપીપળાની કોવીડ-૧૯ આયુર્વેદિક હોસ્પીટલે થી સ્વાગત સાથે વિદાય આપવામા આવી હતી.સાજા થયેલા તમામ દર્દીઓને આરોગ્ય વિભાગના વાહનો મા તેમના સ્થાન સુધી મુકવામાં આવ્યા હતા. વિદાય લેતા તમામ દર્દીઓ એ આરોગ્ય વિભાગ અને હેલ્થવર્કરો નો આભાર માન્યો હતો અને ડર કે ગભરામણ રાખ્યા વગર આ બિમારી નો સામનો કરવાનો લોકોને પણ સંદેશો આપવામા આવ્યો હતો.

નર્મદા જીલ્લા ના પ્રથમ દર્દી કીરણભાઈ દ્વારા જણાવાયુ હતું કે સારવારની શાથે તમે મક્કમ મનોબળ રાખશો તો ઝડપ થી સાજા થઈ શકશો.રજા આપેલા દર્દીઓ પૈકી આરોગ્ય વિભાગ મા ડ્રાયવર તરીકે ભરૂચમાં ફરજ બજાવતા મુળ રાજપીપળા રજપૂત ફળીયાના રહેવાસી મહેન્દ્રસિંહ રાવલજીનુ તેમના વિસ્તારના યુવા આગેવાનો પૈકી કુલદીપસિંહ ગોહિલ સહિતના અન્ય યુવાનો દ્વારા સોસીયલ ડિસ્ટન્સ ના નિયમ ના પાલન સાથે ફુલો ની વર્ષા અને તાળીઓથી સ્વાગત કરવામા આવ્યુ હતુ.

હાલ હવે નર્મદા જીલ્લા ખાતે ભદામ ગામના શ્રેયાબેન પટેલ સારવાર હેઠળ છે, અને અન્ય એક મહીલા વૃદ્ધ દર્દી વડોદરા ની ગોત્રી ખાતે સારવાર હેઠળ છે.

નર્મદા જિલ્લામાં ૭૦ હજાર સિનિયર સિટીઝનો માંથી ૪૦ હજાર જેટલા સિનિયર સિટીઝનોનું આરોગ્ય ટીમ દ્વારા સ્ક્રીનિગ કરાયું છે.રાજપીપળા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે થી જે કોરોના દર્દીઓને રજા અપાઈ છે એમના વિસ્તારને ૩૦ એપ્રિલે કન્ટેન્ટમેન્ટ ઝોન માંથી મુક્તિ અપાશે.

ક્યાં ક્યાં દર્દીઓએ ૨૯ એપ્રિલે રજા અપાઈ...

(૧) કિરણ બાબર (ગરુડેશ્વર, ખડગડા) (૨) સરસ્વતી જાધવ (ડેડીયાપાડા) (૩) મેઘના ગુરુદત્ત દવે (રાજપીપળા) (૪) મહેન્દ્રસિંહ સત્યનારાયણસિંહ રાઉલજી (રાજપીપળા) (૫) સતીશભાઈ મંગાભાઈ વસાવા (કુંવરપરા) (૬) રંજનબેન દેવેન્દ્રભાઈ તડવી (કોલીવાડ, રાજપીપળા), (૭) જેઠીયા મૂજાભાઈ વસાવા (ડેડીયાપાડા), (૮) શકુંતલા બેન નારસિંગ વસાવા (ભૂતબેડા) (૯) એહમદ અબ્બાસ મલેક (સેલંબા,સાગબારા)

અંકલેશ્વરમાં ફરજ પરના કર્મચારીઓને પ્રોત્સાહન આપતા ઉચ્ચ અધિકારીઓ



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ લોકડાઉનની કામગીરીમાં ખડે પગે ઉભા રહી કોરોના જેવી વૈશ્વિક મહામારીથી પોતાના વિસ્તારમાં દર્દીઓની સંખ્યા વધે નહી અથવા તો કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે ઉનાળાની કારમી અંગ દઝાડતી ગરમીમાં ફરજ બજાવતા પોલીસ કર્મીઓને ઉપરી અધિકારીઓ સુરક્ષા કવચ આપવા સાથે સહભાગીદારીમાં અંતરમન એકથાય તેવી કામગીરી બજાવી રહ્યા છે અને અધિકારી તરીકે ની કડપ સાથે પ્રેમાળ વડીલ નો ભાવ પણ પૂરો પડી રહ્યા છે કેમકે મોર પીછાથીજ રળિયામણો હોય છે એ બાબતને સુપેરે સમજનાર નવનિયુક્ત નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર દેસાઈજી,નાયબ પોલીસ અધિક્ષક ભજણીજી, પોલીસ ઈન્સ્પેક્ટર સિસોડિયાજી અંકલેશ્વર શહેર, પોલીસ ઈન્સ્પેક્ટર કરમટિયાજી અંકલેશ્વર રૂરલ વગેરે અધિકારીઓએ આજરોજ અંકલેશ્વર જીઆઈડીસીના પ્રવેશદ્વાર સમાં પ્રતિન ચોકી પર ફરજ બજાવતા તમામ કર્મચારીઓ માટે પોલીસ મેસ માં હળવો નાસ્તો બનાવડાવી સમૂહમાં હાજર રહી નાના કર્મચારીઓમાં ફરજ પ્રત્યેનો જોમ,જુસ્સો અને સભાનતા સાથે સજાગતા દર્શાવતો પ્રશંસનીય કાર્યક્રમ ઉજવ્યો હતો અને આમ કરવાથી સમગ્ર પ્રસંગની સુવાસ જિલ્લાભર ની પોલીસ અને પ્રજામાં ફેલાઈ છે જે આવનારા દિવસોમાં નિષ્ઠા સહિત ની ફરજ બજાવવામાં પ્રેરણા પુરશે.

ધનંજય ઝવેરી
૯૯૭૮૪૦૬૨૫૭
જંગ એ ગુજરાત ન્યૂઝ, ભરૂચ

ત્રીજી આંખ : ડ્રોન સર્વેલન્સની મદદથી ડેડીયાપાડા ટાઉનમાં પોલીસે દારૂનાનો વેપલો કરનાર તત્વો પર તવાઈ બોલાવી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા પોલીસ હવે ડ્રોન ની મદદે દારૂના વેપલા સાથે સંકળાયેલા લોકો ઉપર કાયદાનો કસંજો કસી રહી છે ત્યારે ડેડીયાપાડા ટાઉન વિસ્તાર માં લોકડાઉંન નું ચુસ્ત પાલન કરાવવા માટે પોલીસ માટે ત્રીજી આખ સાબિત થયેલ ડ્રોન સર્વેલન્સ ની મદદ થી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ડેડીયાપાડા પોલીસ ટાઉન વિસ્તારમાં લોકોની બિનજરૂરી ચહલ પહલ ઉપર બાઝ નજર રાખી રહી હતી તે દરમિયાન ડેડીયાપાડા થાણા ફળિયા માં સંગીતાબેન કમલેશભાઈ અમરસિગના ઘર પાસે બિનજરૂરી ગતિવિધિ દેખાતી હોય પોલીસે ત્યાં સ્થળ પર જઈ તપાસ કરતા તેમના ઘર માંથી દેશી દારૂ મળી આવેલ તથા ઘર ના પાછળ ના ભાગે થી વોશ મળી આવેલ હોઈ તેમના વિરુદ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આમ દારૂ જુગાર ની બદી ને ડામવા માટે તથા લોકડાઉન નું પાલન થાય અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ડેડીયાપાડા પોલીસ હવે વિડિયોગ્રાફી તથા ડ્રોન કેમેરા જેવી હાઈટેક ટેકનોલોજી નો ઉપયોગ કરી રહી છે.જેના દ્વારા બેનબરીયાઓ માં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી કર્મચારીઓને આરોગ્ય સેતુ એપ. ડાઉનલોડ કરવા મુખ્ય વહીવટદાર મનોજ કોઠારીએ કર્યો આદેશ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ વિશ્વભરમાં નોવેલ કોરોના(covid 19) વાઇરસ મહામારી બન્યો છે.ત્યારે કેન્દ્ર સરકારે ભારતના પ્રજાજનો માટે આરોગ્ય સેતુ એપ્લિકેશન કાર્યરત કરી છે.આ એપ્લિકેશન મોબાઈલમાં ડાઉનલોડ કર્યા બાદ કોરોના પોઝીટીવ દર્દી આજુબાજુમાં હોય તો એલર્ટ આપવામાં આવે છે, તદુપરાંત કોરોના વાઇરસથી બચવા માટે ઉપાયો પણ બતાવવામાં આવ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી રાષ્ટ્રીય લોકડાઉનને લઈને બંધ રખાયું છે,ગુજરાત સરકારનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૧૬/૦૪/૨૦૨૦નાં આદેશ મુજબ ૩૩% સ્ટાફ સાથે કચેરી ચાલુ રાખવાના આદેશ પ્રમાણે ઓફિસ સ્ટાફને નોકરી માટે બોલાવાય છે.તો યુનિટી પરિસરમાં ફરજ બજાવતા ફિલ્ડ સ્ટાફ જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી સંલગ્ન સિક્યોરિટી એજન્સી અને લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ(L&T) હસ્તક નો મેઈન્ટેનન્સ તેમજ ઓપરેશન સ્ટાફ સિફ્ટવાઈઝ નોકરી આવે છે.આ સ્ટાફમાં જાગૃતિ ફેલાય અને તેઓ પોતાના રહેણાંક વિસ્તારમાં કે નોકરી સ્થળે કોઈક સંક્રમિત વ્યક્તિનાં સંપર્કમાં ન આવે તે માટે સાવચેતીના ભાગરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય વહીવટદાર મનોજ કોઠારીએ તમામ કર્મચારીઓને પોતાના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવા આદેશ કર્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા નાયબ મુખ્ય વહીવટદાર નીલેશ દુબે એ જણાવ્યું હતું કે, કોરોના સામેની લડતમાં આરોગ્ય સેતુ એપ્લિકેશન એક મહત્વનું હથિયાર સાબિત થયું છે,જેનાથી આજુબાજુમાં સંક્રમિત વ્યક્તિ હોય તો તેની જાણ થાય છે અને કોરોનાથી બચવાનાં ઉપાયો પણ આ એપ્લિકેશનમાં બતાવવામાં આવ્યા છે.જેથી મુખ્ય વહીવટદારશ્રીનાં આદેશ મુજબ તમામને એપ્લિકેશન ડાઉનલોડ કરવા આદેશ આપવામાં આવ્યો છે.તો આ આદેશ તમામ ઓફિસ સ્ટાફ અને ફિલ્ડ સ્ટાફને લાગુ પડશે.

ઉલ્લેખનીય છે કે,રાજય સરકાર તરફથી મળેલ આદેશ મુજબ કચેરી ચાલુ કરતા પહેલા સેનેટાઈઝેશન કરવામાં આવ્યું છે,અને નોકરી સમયે કર્મચારીઓ વચ્ચે સામાજિક અંતર જળવાઈ રહે તે માટે ખાસ નિર્દેશો જાહેર કરાયા છે,તો ઠેર ઠેર હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા પણ ઉભી કરાઈ છે.

લોકડાઉનમાં નર્મદા પોલીસે ૧૨૦૦ વ્યક્તિઓ વિરુદ્ધ જાહેરનામાં ભંગ ની કાર્યવાહી કરી



● કુલ ૧૦૦૭ વાહનો ડીટેઈન કરી રુ.૨,૧૬,૦૦૦/- વસુલ્યા

● કોઈ પણ જાતના રાજકીય દબાણો અને ભલામણો ને વસ ન થઈ નર્મદા પોલીસે કાયદાના કડક શસ્ત્ર નો અમલ કર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લા પોલીસ વડા હિમકર સિંહ એ હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસ ને લઈ દેશવ્યાપી લોકડાઉન હોય અને વાયરસ નો પ્રકોપ વધે નહી તેવા હેતુ થી નર્મદામાં બહાર પાડેલા જાહેરનામા નો પ્રજા અમલ કરે અને પોતે સુરક્ષીત રહે તેવા હેતું થી જીલ્લા પોલીસને સુચના આપી હતી. છતાં કેટલાંક લોકો પોતાની મનમાની કરી જાહેરનામા નો ભંગ કરી કાયદા ના લીરેલીરા ઉડાડતાં જણાયા હતા તેવા વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગ બદલ પોલીસે આકરું વલણ અપનાવ્યું હતું.

જેમાં તા.૨૫ માર્ચ થી તા.૨૮ એપ્રિલ સુધી કુલ-૫૯૩ કેસો કરવામાં આવ્યા જે પૈકી ડ્રોન દ્વારા કુલ-૩૮, સીસીટીવી ના કુલ-૩૪ કેસો સહિત કુલ-૧૧૬૭ વ્યક્તિઓની અટક કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

તેમજ લોકડાઉનની અવગણના કરી રોડ ઉપર વાહન સાથે ફરતા લોકો માં આજદિન સુધી કુલ-૧૦૦૭ વાહનો ડીટેઈન કરી કુલ-૨,૧૬,૦૦૦/-નો દંડ વસુલવામાં આવ્યો હતો.એક તબક્કે રાજપીપળા શહેર પોલીસ સ્ટેશનનુ કંપાઉન્ડ બાઈક ના શોરૂમ મા ફેરવાઈ ગયું હતું અને અને ડીટેઈન કરેલાં વાહનો મુકવા માટે પણ જગ્યા ઓછી પડવા માંડી હતી.

સામાન્ય રીતે પોલીસ ની કાર્યવાહીમા રાજકીય દબાણો અને ભલામણો આડખીલીરુપ બનતી હોય છે, પણ જીલ્લા પોલીસ વડા જ્યારે કડક હોય ત્યારે તેમના તાબા હેઠળ ની પોલીસ કામગીરી કરવામા મોકળાશ અનુભવતી હોય છે, અને કોઈ ની પણ સ્નેહ શરમ કે દબાણ ને વસ થયા વિના પગલાં લેતી હોય છે અને પરિણામે કાયદાને ઘોરી ને પી જતા લોકો પણ ભાન મા આવી જતાં હોય છે.ત્યારે નર્મદા પોલીસે પણ લોકડાઉન નું કડક પાલન કરાવવા કડક કાર્યવાહી કરી હતી.

ઉત્તરાખંડથી સુરતના ૫૭ લોકો સુરક્ષિત પરત આવી ગયા

સુરત

પ્રવર્તમાન લોકડાઉનની પરિસ્થિતિમાં ઉત્તરાખંડમાં સુરતના ૫૭ જેટલા યાત્રાળુઓ ફસાયેલા હતા. જેની જાણ સુરતના સાંસદશ્રી દર્શનાબેન જરદોશને થતા તેમણે યાત્રાળુઓને તેમના ઘરે સુરક્ષિત પરત લાવવા માટે તાત્કાલિક ઉત્તરાખંડ સરકારને રજૂઆત કરી હતી. ઉત્તરાખંડ સરકારની સહાય મળતાં તમામ ૫૭ યાત્રાળુઓને સહીસલામત સુરત ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. જેના માટે ગુજરાત સરકાર દ્વારા ખાસ બસની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં યાત્રાળુની સાથે રહેલા હેમરાજ ખલાણે દ્વારા સાંસદશ્રી સાથે સંકલન કરવામાં આવ્યુ હતુ. યાત્રાળુઓને સુરક્ષિત રીતે સુરત પરત લાવવા બદલ તેમના પરિવારો દ્વારા સાંસદશ્રી દર્શનાબેન જરદોશનો આભાર માનવામાં આવ્યો હતો.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતમાં તાપમાન ૫ ડીગ્રી વધી ગયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસ વાતાવરણમાં આવેલ પલટા બાદ આજે સવારથી ઉત્તર દિશાથી પવન ફુંકાવાની શરૂઆત થવાની સાથે જ ગરમીમાં વધારો શરૂ થયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૯.૬ ડીગ્રી સુધી પહોંચ્યું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૮.૭ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા અને હવાનું દબાણ ૧૦૦૯.૬ મિલીબાર નોંધાયું છે. સવારથી જ ઉત્તર દિશાથી કલાકના સરેરાશ ૩ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. બપોરે ૧૧.૩૦ વાગ્યા સુધીમાં ગરમીનો પારો ૩૭ ડીગ્રી સુધી પહોંચી ગયો છે. સાંજ સુધી અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રીને વટાવી જાય તેવી શક્યતા છે. નવસારીમાં ગતરોજ ૩૯.૫ ડીગ્રી ગરમી નોંધાઈ હતી. આજે સાંજ સુધી ૪૦ ડીગ્રી વટાવી જાય તેવી પૂરી શક્યતા છે. એપ્રિલ મહિનાના અંતે ઉનાળાનો આકરો તાપ અનુભવાઈ રહ્યો છે.

ડેડીયાપાડાના પાનખલામાં ઝાડ કાપનાર પર કાર્યવાહી કરનાર વન વિભાગના બીટગાર્ડ પર હુમલો : ૪ વિરુદ્ધ ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં વન વિભાગ દ્વારા ઝાડ કાપનાર વ્યક્તિઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરતા વન વિભાગના બીટગાર્ડ સહિતની ટિમ ઉપર હુમલો કરનાર ચાર વિરુદ્ધ ગુનો દાખલ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વન વિભાગ માં બીટગાર્ડ તરીકે ફરજ બજાવતા રવિદભાઈ રમેશભાઈ ગુર્જર (રહે.વાઘ- ઉંમર ફોરેસ્ટ ક્વાર્ટર) એ આપેલી ફરિયાદ મુજબ તે અને તેમની સાથેના માણસો પાનખલા ગામના છણીયાભાઈ કાતરીયાભાઈ વસાવા તથા ભાદરીયાભાઈ છાણીયાભાઈ વસાવા એ પાડલનું ઝાડ કાપતા તેમને ઝડપી લઈ તેમની વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલી તે બાબતની અદાવત રાખી અમરસીંગ ભાદરીયાભાઈ વસાવા, ખુમાનસીગ ભાદરીયાભાઈ વસાવા, અમીર મીરીયાભાઈ વસાવા તથા સોમીબેન અમીરભાઈ મીરીયા ભાઈ વસાવા તમામ રહે પાનખલ તા. દેડીયાપાડા.એ તેમને તથા તેમની સાથેના રતિલાલભાઈ લાલજીભાઈ વસાવાને જંગલ માથી તેમની કચેરી ખાતે જતા રસ્તામાં રોકી ફરજમાં રૂકાવટ કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી તેમને આ ચારેય એ ગળાદા પાટુનો માર મારતા આ બાબતે આ ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ડેડીયાપાડા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.